ISSN 0976 - 9809 V-Vidyanagar

વર્ષ : ૧૫ અંક : ૬ જૂન ૨૦૧૩ સળંગ અંક : ૫૦૦

# વિ-વિદ્યાનગર




चारुतर विद्यामंडल - वल्लभ विद्यानगर

कर्मण्येवाऽधिकारस्ते ।

**CHARUTAR VIDYAMANDAL**
**VALLABH VIDYANAGAR**



રાષ્ટ્રનેતા અને ભારતીય બંધારણ સમિતિના અધ્યક્ષ ડૉ.બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતી (૧૪ એપ્રિલ) નિમિત્તે ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલે છેલ્લાં ૨૦ વર્ષની પરંપરાને અખંડ રાખતાં આણંદના લોટીયા ભાગોળ ખાતેની મહામનાની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.



ગુજરાત સરકારના નોલેજ કન્સોર્ટિયમ ઓફ ગુજરાત(કેસીજી)ના અમદાવાદસ્થિત નવા સંકુલ ‘પ્રજ્ઞાપુરમ્’નું ઉદ્‌ઘાટન પ્રવચન કરતા મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદી. મંચસ્થ મહાનુભાવોમાં મહેસૂલ મંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ, શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, શિક્ષણ રાજ્યમંત્રી શ્રીમતી વસુબહેન ત્રિવેદી, શિક્ષણ અગ્રસચિવ શ્રી એ.એમ.તિવારી અને ટેકનિકલ એજ્યુકેશનનાં કમિશનર ડૉ.જયંતી રવિ છે.

# વિ-વિદ્યાનગર

**ચારુતર વિદ્યામંડળ પ્રકાશન**

જૂન ૨૦૧૩

વર્ષ : ૧૫ અંક : ૬

(સળંગ અંક ૫૦૦)

**ISSN 0976 - 9809 V-Vidyanagar**





**તંત્રી**

રાજેન્દ્રસિંહ જાડેજા • હરિ દેસાઈ

**પરામર્શન**

રમેશ એમ. ત્રિવેદી • જયન્ત ઓઝા

**સંપાદન**

ભગીરથ બ્રહ્મભટ્ટ • સુધીર મુખરજી

**સંપાદન-સહાય**

શૈલેષ ઉપાધ્યાય • ગિરીશ ચૌધરી

**પ્રકાશક**

પ્રિ. એસ.એમ. પટેલ

માનદ મંત્રી, ચારુતર વિદ્યામંડળ

વલ્લભ વિદ્યાનગર - ૩૮૮ ૧૨૦

•

**મુદ્રક**

આણંદ પ્રેસ, ગામડી

**ચારુતર વિદ્યામંડળ**

વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦

**સ્થાપના વર્ષ**

૧૯૪૫

कर्मण्येवाऽधिकारस्ते

**અધ્યક્ષ**

ડૉ. સી.એલ. પટેલ

**માનદ મંત્રી**

પ્રિ. એસ.એમ. પટેલ

**માનદ કાર્યકારી મંત્રી**

ડૉ. જે.ડી. પટેલ

**માનદ સહમંત્રીઓ**

શ્રી વી.એમ. પટેલ • શ્રી બી.પી. પટેલ

ડૉ. એસ.જી. પટેલ • શ્રી એમ.જે. પટેલ


## વૃત્તિ અને પ્રવૃત્તિએ વિદ્યાનગરની વિભાવનાને મૂર્ત કરતું વિશાળ જ્ઞાનસંકુલ

પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ સુવિધાઓ • ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સંકુલના વિજ્ઞાન, સામાન્ય, ગૃહવિજ્ઞાન પ્રવાહ • ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, ઇજનેરી વિજ્ઞાન, ઔષધ વિજ્ઞાન, લલિત કલાઓ – ચિત્ર, સંગીત, નૃત્ય, શારીરિક શિક્ષણ, આયુર્વિજ્ઞાન, બાયોટેક્નોલૉજી, હૉટેલ મેનેજમેન્ટ ટુરીઝમ ટ્રાવેલના અભ્યાસક્રમોને આવરી લેતી કૉલેજ ઑફ બિઝનેસ ઍન્ડ એડમિનિસ્ટ્રેશન, અંગ્રેજી ભાષાશિક્ષણ તથા પ્રશિક્ષણ વ્યવસ્થાની કૉલેજ • અનુસ્નાતક કક્ષાએ વાણિજ્ય અને વ્યવસ્થાપન, વિજ્ઞાન, ઔષધવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, ઇજનેરી, દર્શનશાસ્ત્ર, અંગ્રેજી પ્રશિક્ષણના અભ્યાસક્રમો • વિવિધ વિદ્યાશાખાઓમાં વ્યાપક સંશોધનની સુવિધાઓ • કલા, વિજ્ઞાન અને માનવવિદ્યાઓના વિમર્શની ભૂમિકા રચી આપતાં પુસ્તકો-સામયિક પ્રકાશનો • વિદ્યાકીય વાતાવરણને ધબકતું રાખતી વિવિધ વ્યાખ્યાનમાળાઓ • સર્જકો, સારસ્વતો, કર્મચારીઓના સન્માનની ઉજ્જવળ પરંપરા • રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય સ્પર્ધાઓનું યુવકોન્મુખ આયોજન • પ્રાથમિકથી લઈ અનુસ્નાતક કક્ષાનાં વિદ્યાર્થી ભાઈબહેનો માટે છાત્રાલયો, અધ્યાપક નિવાસો તેમજ આચાર્ય નિવાસોની સુવિધાઓ • સતત વિકાસની પરંપરામાં વલ્લભ વિદ્યાનગર ઉપરાંત ન્યૂ વલ્લભ વિદ્યાનગર ટાઉનશીપમાં વિવિધ અભ્યાસક્રમોવાળી શિક્ષણસંસ્થાઓની સ્થાપના થતી રહી છે. • રાજ્યની પ્રથમ મહિલા ઇજનેરી કોલેજ, સરદાર પટેલના જીવન અને કાર્ય માટે દેશની સર્વપ્રથમ સંશોધન સંસ્થા તેમજ સમગ્ર ગુજરાતમાં અંગ્રેજી માધ્યમની સ્નાતકકક્ષાની પત્રકારત્વ અને સમૂહ માધ્યમોની કોલેજ • ગુજરાતની યુવાપેઢીને સનદી સેવાઓમાં પ્રવેશ અપાવવા માટેની સીવીએમ આઈએએસ એકેડેમી. • કાયદાશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્રની અનોખી કૉલેજ • ઇન્ટિરિયર ડિઝાઇન અને આર્કિટેક્ચરની સ્કૂલ ઉપરાંત ફાઈન આર્ટ્સની ડિગ્રી કૉલેજ.


**• અંકની છૂટક કિંમતઃ ₹ ૧૫/- • રવાનગી ખર્ચઃ ₹ ૧૦/- • વાર્ષિક લવાજમઃ ₹ ૧૫૦/-**

**• વિદ્યાર્થી લવાજમઃ ₹ ૧૦૦/- • આજીવન લવાજમઃ ₹ ૧૫૦૦/-**

વલ્લભ વિદ્યાનગરના આદ્યસ્થાપકો પૈકી એક ભાઈકાકાએ ઈ. સ. ૧૯૬૪માં આ વિદ્યાકેન્દ્ર ઉપરથી એક સામયિક પ્રકાશિત થાય જેમાં સાહિત્ય અને શિક્ષણવિષયક સંસ્કારલક્ષી સામગ્રી રજૂ થાય અને ઉચ્ચ અભ્યાસ અર્થે આવતી કિશોર-યુવાપેઢી એથી લાભાન્વિત થાય; વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ એમાં સક્રિય રસ લેતા થાય એવી મનીષા પ્રગટ કરી હતી. ફલસ્વરૂપ ૧૯ નવેમ્બર ૧૯૬૪ના રોજ 'વલ્લભ વિદ્યાનગર' પાક્ષિકનો આરંભ થયો. પછીથી એ માસિક સ્વરૂપે 'વિદ્યાનગર' નામે પ્રગટ થતું રહ્યું. । વિ । નામે એનો ત્રીજો અવતાર થયો ત્યારથી વર્તમાન અધ્યક્ષ ડૉ. સી.એલ.પટેલની નિસ્બત અને ઉદારતાના ફળસ્વરૂપે તે નવપલ્લવિત થયું, અને ઈ.સ. ૧૯૯૯ થી નિયમિતપણે 'વિ-વિદ્યાનગર' એ નામથી પ્રકાશિત થતું રહ્યું છે.

# વિ-વિદ્યાનગર


**ચારુતર વિદ્યામંડળ પ્રકાશન**

જૂન ૨૦૧૩

વર્ષ : ૧૫ અંક : ૯

(સળંગ અંક ૫૦૦)

**ISSN 0976 - 9809 V-Vidyanagar**


**अषाढसि सहमाना सहस्वारातीहीः सहस्व पूतनायतः ।**
**सहस्त्रवीर्यासि सा मा जिन्व ॥**

**હે સ્ત્રી, તું અજેય છે. તું વિજેતા છે. તું શત્રુઓ પર વિજય પ્રાપ્ત કર. યુદ્ધના ઇચ્છુકોને પરાજિત કર. તું સહસ્ત્ર શક્તિશાળી છે. મને શક્તિ પ્રદાન કર.**

યજુર્વેદ ૧૩.૨૬

## વિ-વિદ્યાનગર

'વિ-વિદ્યાનગર' ચારુતર વિદ્યામંડળની વેબસાઈટ

**www.ecvm.net**

પર મૂકવામાં આવે છે. દેશ-વિદેશના વાચકોને પ્રતિભાવ જણાવવા વિનંતી.


॥ અધ્યક્ષસ્થાનેથી ॥ શિક્ષણ, શિક્ષણની સંસ્થાઓ, સંચાલકો અને શિક્ષકની જવાબદારી ★ ડૉ.સી.એલ.પટેલ

॥ પ્રાથમ્ય ॥ અધ્યાપકોની વ્યાવસાયિક સજ્જતાનું સંવર્ધન ★ રાજેન્દ્રસિંહ જાડેજા / 1

॥ આપણો વારસો અને વૈભવ ॥ પદ્ય વિભાગ ॥ ★ મીરાં, નાનાલાલ કવિ, મકરંદ દવે, અવિનાશ વ્યાસ / 2

॥ આપણો વારસો અને વૈભવ ॥ પદ્ય વિભાગ ॥ ★કબીર વચનાવલી / 3

॥ આપણો વારસો અને વૈભવ ॥ ગદ્ય વિભાગ ॥ ભડલી વાક્યો ★ હસમુખ નિમાવત, પ્રવીણ વોરા / 4

॥ નવાં કાવ્યો ॥ ★ નીલેશ પટેલ, પ્રીતમ લખલાણી, ફિલિપ ક્લાર્ક / 6

॥ પ્રેરણા ॥ આત્મનિરીક્ષણ ★ મહેશ દવે / 7

॥ અવસર ॥ પ્રજ્ઞાપુરમ્(KCG) ભવનનું ઉદ્‌ઘાટન ★ હેમા જિકાદરા / 8

॥ લઘુનવલ ॥ ફૂલ વિનાની વેલ ★ કિરીટ ગોસ્વામી / 10

॥ સંશોધન ॥ રામકથા આધારિક ગુજરાતી નવલકથા ★ ભાવેશ ચાંદેગરા / 13

॥ વ્યાખ્યાન ॥ શિક્ષણની પવિત્રતા જાળવીએ ★ પ્રવીણભાઈ દરજી / 16

॥ જ્ઞાન-વિજ્ઞાન ॥ કાર્બન ચક્ર અને આપણા જંગલો ★ રીટા એન. કુમાર / 21

॥ સ્વાસ્થ્ય ॥ આયુર્વેદનું હૃદય – પંચકર્મ ★ અમીતા વ્યાસ, એ.આર.વી. મૂર્તિ / 23

॥ પ્રતિભાવ ॥ 'વિ' ના મે – અંક વિશે ★ નરોત્તમ પલાણ / 24

॥ રમન્તે તત્ર દેવતા ॥ સોળે કળાએ ખીલ્યું કન્યાશિક્ષણ ★ પારુલટીના દોશી / 25

॥ વિદ્યાવૃત્ત ॥ / 27

॥ સાહિત્યવૃત્ત ॥ / 27


**આ માસની વિચારકણિકા**

**સ્ત્રી જેટલી શક્તિ તો પુરુષમાં પણ નથી.**
**સ્ત્રીઓની સહનશક્તિ ઘણી જ હોય છે.**
**સ્ત્રીઓએ તો પુરુષોમાં પણ શક્તિ પૂરી છે.**

● સરદાર પટેલ

# શિક્ષણ, શિક્ષણની સંસ્થાઓ, સંચાલકો અને શિક્ષકની જવાબદારી

આપણો દેશ યુવાનોનો દેશ ગણાય છે. યુવાનોને સારી રીતે તૈયાર કરવામાં આવે તો શરૂઆતથી જ રચનાત્મક અભિગમ અપનાવે. તેઓના માટે સમાજ પૂરેપૂરી જવાબદારી સાથે જો ઘડતર ન કરે તો યુવાનો વિધ્વંસક પ્રવૃત્તિ તરફ દોરવાય એવું બને. આખી દુનિયાને આજે જે કોઈ મુશ્કેલીઓનો સામનો કરવાનો થાય છે તેમાં કુદરત નહીં પણ કુદરતે બક્ષેલ માનવ થકી આવી મુશ્કેલીઓ પેદા થાય છે. આનું કારણ એ જ છે કે માણસને સાચો માણસ બનાવવા સમાજે જે જવાબદારી વહન કરવાની હોય તે જવાબદારીમાં સમાજે ઉદાસીનતા બતાવી છે. આ દેશની ૫૦% પ્રજા જ્યારે યુવાનવયની હોય ત્યારે આ દેશ ઘણું બધું સારું પરિણામ લાવી શકે તેમ છે. એના માટે સમાજે જાગૃતિ કેળવીને સારા નાગરિકો પેદા કરવા માટે પૂરો પ્રયત્ન કરવો જોઈએ અને આવા જવાબદારીભર્યા કાર્ય માટે ઉદાસીનતા ના કેળવવી જોઈએ.

કોઈપણ નાગરિક પોતાના બાળપણમાં જે સમાજમાં ઉછરે છે અને જે માબાપને ત્યાં જન્મ લે છે તેના પોતાના સંસ્કારો અને સમજ તેને બાળપણની રીતભાત કેળવવામાં મહત્ત્વનો ફાળો આપે છે. આવાં બાળકોને જે તે સમયે પૂરતા સંસ્કાર, માર્ગદર્શન અને સગવડ પ્રાપ્ત થાય એ માટે સમાજ, સરકાર અને ધાર્મિક સંસ્થાઓએ પૂરી કાળજી લેવી ઘટે. આમ નહીં થાય તો બાળપણથી જ એને ખોટા માર્ગે જવાનું આકર્ષણ વધશે.

આજકાલ શાળાઓમાં પ્રાથમિક શિક્ષણની જવાબદારી રાજ્ય સરકારની હોવા છતાં અને શિક્ષણને ફરજિયાત બનાવવું અતિઆવશ્યક હોવા છતાં આઝાદીનાં આટલાંબધાં વર્ષો વીત્યા બાદ પણ કેટલાંય બાળકો શિક્ષણ મેળવવાથી વંચિત રહે છે. રાજ્ય સરકારોએ હવે તો વિચારવું જ પડશે કે દેશનું આ યુવાધન શરૂઆતથી જ શિક્ષણ પ્રાપ્ત કરી સાચા નાગરિક બનવા જરૂરી પ્રેરણા નહીં મેળવે તો તેઓ બીજે માર્ગે દોરવાશે. એનાથી સમાજને નુકસાન થશે જ. આ સંજોગોમાં સેવાકીય પ્રવૃત્તિ સાથે સંકળાયેલી સેવાસંસ્થાઓ, ધાર્મિક સંસ્થાઓ અને સરકારશ્રી બાળપણથી જ બાળકોના ઘડતર માટે વિચારે તે આજની માંગ છે. બાળક પ્રાથમિક શિક્ષણ પૂરું કરે અને માધ્યમિક તેમજ ઉચ્ચ માધ્યમિક શિક્ષણ માટે જોડાય ત્યારે પ્રાથમિકસ્તરે જે કાળજી પ્રાથમિક શાળાઓ અને તેમાં કામગીરી બજાવતા શિક્ષકોએ સંભાળી હશે તે મુજબ જ વિદ્યાર્થી અથવા વિદ્યાર્થિની પોતે અભ્યાસ કરવા અને પોતાનું ઘડતર કરવા માટે પ્રેરાશે.

આજકાલ સરકારશ્રી પોતાની મારફતે અને અનુદાનના નિયમોમાં આવરી લીધેલી સંસ્થાઓમાં જરૂરી શિક્ષકો તથા મદદગાર કર્મચારીઓની નિમણૂક કરવામાં ખૂબ વિલંબ કરે છે. જેથી કરીને વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થઈ શકતો નથી. આવું જ જે સંસ્થાઓ સ્વનિર્ભર ધોરણે ચાલે છે તથા સરકારશ્રીના અનુદાનથી ચાલે છે તેમાં પણ આચાર્ય, શિક્ષકગણ અને બિનશૈક્ષણિક કર્મચારીઓની પસંદગીમાં જોઈએ તેવી કાળજી લેવાતી નથી અને ઘણી જગ્યાએ તો નિયમ મુજબના પગારો નહીં મળતાં શિક્ષકો પણ પોતાની જવાબદારી બરાબર સંભાળતા નથી. આમ ફી લઈને પણ વિદ્યાર્થીના સર્વાંગી વિકાસ માટે માબાપે જે વિશ્વાસ મૂક્યો હોય તે વિશ્વાસ જળવાતો નથી.

સરકારી અનુદાનવાળી સંસ્થાઓ હોય કે સ્વનિર્ભર સંસ્થાઓ હોય, ત્યાં પણ વર્ગખંડમાં અને પ્રયોગશાળામાં કાળજીભર્યું શિક્ષણ નહીં અપાવાને કારણે ટ્યૂશનની હાટડી ચલાવતા લોકોને મોટી આવક કરાવે છે. માબાપને ખોટા વધારાના ખર્ચ ઉપાડવા મજબૂર કરે છે. દરેક શાળાએ શિક્ષકોનું મૂલ્યાંકન કરીને

વર્ગખંડ અને પ્રયોગશાળામાં યોગ્ય શિક્ષણ અપાય તે માટે પૂરતી કાળજી લેવાય તેવું સરકારે અને સ્વનિર્ભર સંસ્થાઓ ચલાવતા સંચાલકોએ વિચારવું પડશે.

સરકાર અને સંચાલકોની જવાબદારી છે કે જે કાંઈ ખર્ચ, સરકાર અને સમાજ ફી ભરીને, ઉપાડે છે તેનું પૂરેપૂરું વળતર અપાય તે જોવાની જવાબદારી શિક્ષક આલમે પોતાની પવિત્ર ફરજ સમજીને બજાવવી રહી. સમાજ પોતાનાં બાળકોના સર્વાંગી વિકાસ માટે શાળા, મહાશાળા કે કૉલેજ સુધીના શિક્ષણ માટે ખર્ચ ઉપાડતો હોય ત્યારે વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થાય તે માટે ક્ષમતાપૂર્વક જવાબદારી નિભાવવી જોઈએ. આથી જ વાલીમંડળોની જવાબદારી બને છે કે તેમનાં બાળકોના સર્વાંગી વિકાસ માટે જે શાળા અને શિક્ષકો સારી જવાબદારી ઉપાડતા હોય તેઓને બળ મળે તેવી પ્રવૃત્તિ થાય તે આજની માંગ છે.

કૉલેજસ્તરની વાત કરીએ તો દરેક માન્યતા બક્ષનાર સંસ્થા જેવી કે એન્જિનિયરિંગ-ફાર્મસી માટે ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ઑફ ટેકનિકલ એજ્યુકેશન (એઆઈસીટીઈ) અને ફાર્મસી કાઉન્સિલ ઑફ ઈન્ડિયા, મેડિકલ કાઉન્સિલ ઑફ ઈન્ડિયા એ મેડિકલ અને પેરામેડિકલના કોર્સ માટે, આયુર્વેદિક કાઉન્સિલ - આયુષ આયુર્વેદિક કોર્સ માટે, આ સંસ્થાઓમાંથી તેમજ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (યુજીસી) તરફથી જે તે રાજ્ય સ્તરે યુનિવર્સિટીનું સંચાલન થતું હોય, આવી બધી સંસ્થાઓનાં પોતાનાં ધોરણો નક્કી હોય છે. આવા કોર્સ ચલાવવા માટે જે કાંઈ જરૂરી છે તેવી બધી સુવિધાઓને શરૂઆતથી જ ચકાસણી કરીને મંજૂરી અપાય છે. અને તેનું મોનિટરિંગ યુનિવર્સિટી કક્ષાએ સતત થતું રહે તે જરૂરી છે.

રાજ્યના સ્તરે જે જે યુનિવર્સિટીઓ કાર્યરત હોય તેમણે પણ યુનિવર્સિટીએ નક્કી કરેલાં ધારાધોરણ પ્રમાણે સંસ્થા પાસે જરૂરી માળખાકીય સુવિધા અને સ્ટાફ હોવો જરૂરી છે, છતાં પણ યુનિવર્સિટીમાં વગ ધરાવતી સંસ્થાઓ આવાં ધારાધોરણ નહીં હોવા છતાં યુનિવર્સિટીમાન્ય કોર્સ ચલાવે છે. તેની સામે સરકારે વિચારવું પડશે. કારણ આખરે તો આવી સંસ્થાઓમાં જોડાતા વિદ્યાર્થીઓને ડિગ્રી સર્ટિફિકેટ જ નહીં, તેમનો સર્વાંગી વિકાસ થાય તે જરૂરી હોય છે. આવાં સર્વાંગી વિકાસ પામેલાં યુવાન-યુવતીઓનું યોગ્ય ઘડતર થશે અને દેશને માટે સાચા નાગરિક તરીકે જવાબદારી સંભાળી શકશે. આમ નહીં બને તો તેઓનું ઘડતર જે જ્ઞાન મેળવીને રચનાત્મક માર્ગે દોરવાનું છે તેને બદલે નોકરી નહીં મળવાને કારણે તેઓ વિધ્વંસાત્મક માર્ગે વળશે. આપણે પૂર્વનાં રાજ્યોના માઓવાદી કે દક્ષિણનાં રાજ્યો જેવી નકસલવાદી પ્રવૃત્તિથી દૂર રહેવું હશે તો યુવાનોના ઘડતર અને તેઓ યોગ્ય જગ્યાએ રોજીરોટી મેળવી શકે તેવો પ્રબંધ કરવાનું રાજ્ય સરકાર અને મધ્યસ્થ સરકારે વિચારવું પડશે.

હવે જ્યારે આપણે વૈશ્વિકીકરણના યુગમાં પ્રવેશી ચૂક્યા છીએ ત્યારે આપણી નજર વૈશ્વિકસ્તર પર રહેવી જોઈએ. આપણા યુવાનોએ તેમના અભ્યાસકાળ દરમિયાન એમ્પ્લોયેબલ સ્કીલ - જ્ઞાનસભર રોજગારી મેળવવાની ક્ષમતા કેળવવી પડશે. આજે જ્યારે દેશ વિકાસ પામવા માટે પ્રયત્નશીલ હોય ત્યારે આવા યુવાનો ફક્ત એમ્પ્લોયેબલ સ્કીલ પ્રાપ્ત કરે તે પૂરતું નથી, પણ તેમનામાં ઉદ્યોગ સાહસિકતા આવે તે પણ શિક્ષણની સંસ્થાઓ અને સરકારશ્રીએ જોવું પડશે. આપણે જો દેશને ૨૦૨૦માં વિકાસની ટોચ પર લઈ જવા માગતા હોઈએ તો યુવાનોનું ઘડતર થાય તે જોવાની જવાબદારી પણ શિક્ષણની સંસ્થાઓ અને સરકારશ્રીની છે. એ આજના સમયની માગ છે. જો આ જાતના ઘડતરથી સર્વાંગી નહીં થાય તો બેકાર યુવાન - યુવતીઓની ફોજ જ તૈયાર થશે.

(૨૪ એપ્રિલ ૨૦૧૩)

સી. એલ. પટેલ

*// પ્રાથમ્ય //*

# અધ્યાપકોની વ્યાવસાયિક સજ્જતાનું સંવર્ધન

**રાજેન્દ્રસિંહ જાડેજા**

ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે અધ્યાપક તરીકે નિમણૂક પામવાની સાથે સામાજિક મોભો અથવા સન્માનનો ભાવ જોડાયેલો છે. એટલે અનુસ્નાતક પદવી પ્રાપ્ત થાય, તે પછી NET પાસ કરીને કિંવા સંશોધનમાં પ્રદાન કરીને જ્યારે કોઈ યુવાન (કે યુવતી) અધ્યાપક તરીકે પસંદગી પામે છે ત્યારે તેને ગૌરવની લાગણી થાય અને તેના નિકટવર્તી સમાજમાંથી સહુ તેને અભિનંદન આપે તે સમજી શકાય છે. તે અભિનંદનને પાત્ર છે જ.

માટે અધ્યાપનના ક્ષેત્રે નવાગંતુકોનું સ્વાગત કરીએ. ઉચ્ચ શિક્ષણમાં સતત નવોન્મેશ લાવવાની જે આવશ્યકતા છે, બંધિયારપણા સામે જે લાલબત્તી ધરવાની છે. તેની સફળતા માટે નવું લોહી અને તાજી હવા જોઈશે. એ દૃષ્ટિએ એમનું સ્વાગત ઉમળકાભેર કરીએ.

પરંતુ નવા કાર્યના આરંભ ટાણે જે ઉત્સાહ અનુભવાય છે, તે સમયાંતરે ઓસરતો જાય છે અને છેવટે જૂની ઘરેડનું સ્થાન કંઈક નવી ઘરેડ ના લઈ લે તેનું ધ્યાન પણ રાખવાનું છે. શિક્ષણ નામે ગતિશીલ હોય; સ્થગિતતા અને શિક્ષણ એ બેઉ વિરુદ્ધાર્થી શબ્દો ગણાય. માટે એ દિશામાં થોડું ચિંતન ચાલતું રહેવું જોઈએ.

શિક્ષણ પ્રક્રિયાનો આત્મા છે અધ્યયન. જ્યાં અધ્યયન નથી ત્યાં શિક્ષણ નથી. હવે સવાલ એ છે કે અધ્યયન કોણે કરવાનું છે? સીધો-સાદો ઉત્તર એ છે કે વિદ્યાર્થીએ અધ્યયન કરવાનું છે. સીધી વાત છે. વિદ્યાર્થી અધ્યયન કરે, અધ્યાપક અધ્યાપન કરે.

પણ વાત અહીં પૂરી થતી નથી. શીખવાની પ્રક્રિયા માનવચિત્તમાં શી રીતે ચાલે છે તેની જે નવી સમજ આપણે કેળવી રહ્યા છીએ તે દર્શાવે છે કે વર્ગખંડોમાં માત્ર માહિતીની આપલે થાય તો તે કંઈ શિક્ષણ નથી. એનો અર્થ એવો થયો કે આપણા ઉત્સાહી યુવા અધ્યાપકો જે નવા જ્ઞાનનો ખજાનો લઈને આવ્યા હોય તેને પોતાના વિદ્યાર્થીઓ સમક્ષ ઠાલવી દે એવી અપેક્ષા નથી રાખવાની. આપણે અપેક્ષા રાખવાની છે અધ્યયન કરાવવાની. અધ્યાપન અને અધ્યયન એક સિક્કાની બે બાજુઓ છે. એટલે આપણે જે પ્રશ્ન ઉઠાવ્યો કે અધ્યયન કોણ કરે? તેના ઉત્તરમાં અલબત્ત વિદ્યાર્થી અધ્યયન કરે એમ તો કહેવાનું છે જ, પણ સાથોસાથ અધ્યાપક પણ અધ્યયન કરે એ વાત ધ્યાન બહાર ના જવી જોઈએ.

અને અહીં આરંભ થાય છે અધ્યાપકની વ્યાવસાયિક સજ્જતાની નિસબતનો. અધ્યાપક થવું એટલે શું? અમુક-તમુક પગારધોરણમાં નિયુક્તિ થાય, યુનિવર્સિટીનાં સત્તામંડળો માન્યતાની મહોર મારે અને વળી અધ્યાપક સંઘનું સભ્યપદ મળે. એ બધું તો છે જ. પણ હું જે વ્યવસાયમાં જોડાઉં છું તે માત્ર રોજીરોટી માટે નથી. ઉત્તમ પગાર ધોરણની અપેક્ષા જેમ એક પક્ષે રહે છે, તેમ ઉચ્ચશિક્ષણના ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદાનની અપેક્ષા પણ રહે તે સ્વાભાવિક છે. એવું ઉત્કૃષ્ટ પ્રદાન કરવું હોય તો પોતાની વ્યાવસાયિક સજ્જતા પ્રાપ્ત કરવી પડે અને તેનું સતત સંવર્ધન કરવું પડે.

અધ્યાપકની વ્યાવસાયિક સજ્જતાના ચાર પાયા છેઃ (૧) પોતાના વિષયની સર્વગ્રાહી અને તલસ્પર્શી સમજ. (૨) અધ્યયન-અધ્યાપનની પ્રક્રિયાની સમજ અને તેનાં કૌશલ્યોનો વિકાસ. (૩) સંશોધનની પ્રક્રિયાની સમજ અને તેનાં કૌશલ્યોનો વિકાસ અને (૪) મૂલ્યાંકન, અભ્યાસ-સામગ્રીનું સર્જન ઈ. વ્યવસાયલક્ષી કૌશલ્યોનો વિકાસ.

નવાગંતુક યુવા અધ્યાપક આમાંની પહેલી અને ત્રીજી સજ્જતા કંઈક અંશે ધરાવતા હોય છે. તેની વિદ્યાર્થી તરીકેની સફળતા (સારું પરિણામ) આપણે ચકાસીએ છીએ, એટલે પોતાના વિષયની સમજ તે ધરાવે છે એમ માની શકાય. એ જ રીતે નવા અધ્યાપક જો M.Phil. કે Ph.D. કરીને આવ્યા હોય તો સંશોધના કૌશલ્યો તે ધરાવે છે એમ માની શકાય.

આટલી પ્રારંભિક સજ્જતા અલબત્ત પૂરતી નથી. માનવચિત્તનાં જે સંકુલ વ્યાપારોથી જ્ઞાનનું સર્જન થાય છે, જે પ્રક્રિયા વડે માહિતીનું જ્ઞાનમાં રૂપાંતર થાય છે, તેની સમજ એક સારા વિદ્યાર્થી તરીકે કોઠાસૂઝની કક્ષાની તેણે કેળવી હોય, કદાચ. પણ તેની પાકાપાયે સંશોધનપૂત સમજણ કેળવવાની બાકી છે. એવી સમજણ કેળવવાની ખેવના યુવા અધ્યાપક રાખે અને તે માટેની માળખાગત સગવડ સંસ્થા/સરકાર આપે તો જ સંઘ કાશીએ પહોંચે. વ્યાવસાયિક સજ્જતાના સંવર્ધનની આધારશિલા આવી દ્વિપક્ષીય નિસબત છે.

ગમે તે એક પક્ષે જો આવી નિસબતની ઊણપ હોય (અથવા ગેરહાજરી હોય) તો ઉપર દર્શાવેલા ચોથા પ્રકારનાં કૌશલ્યોની ઊણપ (અથવા ગેરહાજરી) અવશ્ય જોવા મળે. આપણી શિક્ષણવ્યવસ્થા પરીક્ષાલક્ષી થઈ ગઈ છે એવી જે વ્યાપક ફરિયાદ સાંભળવા મળે છે તેના મૂળમાં મૂલ્યાંકન પ્રક્રિયા વિશેની ગેરસમજો રહેલી છે. મૂલ્યાંકન તો કરવાનું જ છે; સાચું મૂલ્યાંકન થાય તો ફરિયાદ કરવાનો પ્રશ્ન ના રહે. તે જ રીતે ઉત્તમ અભ્યાસ-સામગ્રીનું સર્જન આપણે નથી કરતા, નથી કરી શકતા, એટલે બજારૂ સામગ્રીનો આધાર લેવો પડે છે.

આપણા અધ્યાપકોની વ્યાવસાયિક સજ્જતાનું સંવર્ધન કરીને જ આપણે ઉચ્ચ શિક્ષણની ગુણવત્તા ઊંચે લાવી શકીશું. તે માટેની આવશ્યક માનસિક ભૂમિકાનું સર્જન થાય, આર્થિક વળતર પણ તેના સંદર્ભે નિર્ધારિત થાય, અને પરિણામ સ્વરૂપે અધ્યયન-સમૃદ્ધ વિદ્યાલયોનું નિર્માણ થાય એવી આશા રાખીએ.

## બોલે ઝીણા મોર

બોલે ઝીણા મોર,
રાધે તારા ડુંગરિયા પર
બોલે ઝીણા મોર. ...રાધે
એ મોર હી બોલે બપૈયા હી બોલે,
કોયલ કરે કલશોર ...રાધે
કાલી બદરિયાંમેં બીજલી ચમકે,
મેઘ હુવા ઘનઘોર ...રાધે
ઝરમર ઝરમર મેહુલો વરસે,
ભીંજે મારા સાડુલાની કોર ...રાધે
બાઈ મીરાં કે પ્રભુ ગિરધરના ગુણ
પ્રભુજી મારા ચિત્તડાને ચોર ...રાધે

● મીરાં

## ઝીણાં ઝીણાં વરસે

ઝીણાં ઝીણાં વરસે મેહ,
ભીંજે મારી ચૂંદલડી;
એવો નીતરે કૌમારનો નેહ,
ભીંજે મારી ચૂંદલડી. ...ઝીણાં
આજે ઝમે ને ઝરે ચન્દ્રની ચંદ્રિકા
ભીંજે રસિક કોઈ બાલા રે;
ભીંજે સખી, ભીંજે શરદ અલબેલડી,
ભીંજે મારા હૈયાની માલા;
હો ભીંજે મારી ચૂંદલડી. ...ઝીણાં
વનમાં પપૈયો પેલો પિયુ પિયુ બોલે,
ટહુકે મયૂર કેરી વેણાં રે;
ટમ ટમ ટમ ટમ વાદળી ટમકે,
ટમકે મારા નાથનાં નેણાં;
હો ભીંજે મારી ચૂંદલડી. ...ઝીણાં
આનંદકંદ ડોલે સુંદરીનાં વૃંદને,
મીઠા મૃદંગ પડછન્દરે;
મંદ મંદ હોરે મીટડી મયંકની,
હે રો મારા મધુર સચન્દા,
હો ભીંજે મારી ચૂંદલડી. ...ઝીણાં

● નાનાલાલ કવિ

## વેર્યાં મેં બીજ

વેર્યાં મેં બીજ અહીં છૂટ્ટે હાથે તે
હવે વાદળ જાણે ને વસુંધરા.
કાંકર બિછાવેલી ટાકર પાથરીને
ઠીંગરતાં બે ચાર થોરડાં,
અપવાસી ઊંઘમૂંધ પોઢી'તી ભોમ અહીં.
ખેંચી ખેંચીને નકોરડા;
આંબાનાં વન એની આંખોમાં સીંચ્યાંને,
સીંચ્યા મેં મઘમઘતા મોગરા.
એક દિન આકાશે હેલી મંડાશે ને,
વરસાદી ધણ ધણ શે વાજાં
નીચે જુવાનડાનાં જુલ્ફા ઊછળશે ને
વેણીમાં ફૂલ હશે તાજાં,
એ રે ટાણે આ મારે હૈયે હોંકારતી,
ચાચરમાં ઘૂમશે ચિદંબરા.

● મકરંદ દવે

## વ્હાલપની વાત

વર્ષાની રૂમઝૂમતી રાત રંગભીની,
એવી વ્હાલપની વાત રંગભીની.
આકાશે વીજ ઘૂમે,
હૈયામાં પ્રીત ઝૂમે
છંટાતી સ્વપ્નની બિછાત રંગભીની...વર્ષાની
બાજે અજઅસધાર
વીણા સહસતાર,
સ્મૃતિના ઝંકાર આંખ લુવે રંગભીની...વર્ષાની
ઓ રે વિજોગ વાત!
રંગે રોપાઈ રાત,
નેહભીની ચૂંદડી ચૂવે રંગભીની ...વર્ષાની

● ઉમાશંકર જોશી

## તારે મેહુલિયા

તારે મેહુલિયા કરવાં તોફાન,
મારા લોકના જાય છે જાન.
મંડિયોને મંડિયો તું મુશળધાર,
કેવી રીતે મારે જાવું નિશાળ.
અવળા ને સવળા વાયરા વાય,
ઓઢેલી છત્રીનો કાગડો થાય,
કેળાની છાલ આવે લપસી જવાય,
ત્યારે તો ભાઈ મને કંઈ કંઈ થાય,
ચંપલ મારી છબ છબ થાય,
ધોયેલાં કપડાં બગડી જાય
એવું ના ભઈલા અમને ગમે,
સીધો સીધો અલ્યા કાં ન રમે?

● અવિનાશ વ્યાસ

(પદ્ય વિભાગ) (જૂન મહિનામાં આવતી કબીર જયંતી નિમિત્તે કબીરવાણીનો આસ્વાદ અહીં પ્રસ્તુત છે.)

## સદગુરુ મહિમા ઔર લક્ષણ

**ચલ સદ્‌ગુરુ કી હાટ જ્ઞાન બુધ લાઈયે,**
**કર સાહબ સોં હેત પરમપદ પાઈયે.**

(હે સુખી! ચાલ, સદ્‌ગુરુને શરણે જઈએ અને જ્ઞાન તથા બુદ્ધિ પ્રાપ્ત કરીએ. પ્રભુથી પ્રેમ કરીને પરમપદને પ્રાપ્ત કરીએ.)

**સત્‌ગુરુ સબ કછુ દીન્હ દેન કછુ નહિ રહ્યો,**
**હમહિં અભાગિન નારિ છોરિ સુખ દુઃખ લહ્યો.**

(અરે! સદ્‌ગુરુએ તો બધું જ દઈ દીધું છે. હવે દેવાનું કંઈ બાકી રહ્યું જ નથી. આપણે જ અભાગી નારી છીએ કે સ્વામીએ સર્વસ્વ આપી દીધું છે પણ તેમાંથી સુખને છોડીને આપણે દુઃખ જ વહોર્યું છે.)

**ગઈ પિયા કે મહલ હિયા અંગના રચિ,**
**રહ્યો કપટ હિય છાય માન લજ્જા ભરી.**

(આપણે પ્રિયતમના મહેલમાં તો ગયા પણ આ હૃદય અને અંગેઅંગના, એમને પ્રસન્ન કરનારા શણગારે કર્યા નહીં; પરંતુ આ હૈયામાં તો ઊલટાં કપટ અને અભિમાન તેમ જ લાજશરમ વ્યાપી રહેલાં છે.)

**જહાં ગેલ સિલહિંલી અઢૌ ગિરિગિરિ પરૌં,**
**ઉઠોં સમ્હારિ સમ્હારિ ચરણ આગે ધરૌં.**

(ત્યાંનો રસ્તો ભીનો અને ચીકણો છે. એટલે ચડું ચડુંને વળી પડી જાઉં. તેથી હવે સંભાળી સંભાળીને પાછા ઊઠીને આગળ પગલું ભરું છું.)

**પિયા મિલન કી ચાહ કૌન તેરે લાજ હૈ.**
**અરધ મિલો કિન જાય ભલા દિન આજ હૈ.**

(અરે! પ્રિયતમને મળવાની ઝંખના છે, તો પછી તારે લાજશરમ શાની છે? આમ મિલનને અધૂરું છોડીને પાછું કોણ જાય? આજનો દિવસ તો મિલન પૂર્ણ કરી લેવા માટે સરસ છે.)

**ભલા બના સંજોગ પ્રેમ કા ચોલના,**
**તનમન અરપૌં સીસ સાહબ હસ બોલના.**

(સંજોગ પણ કેવો સરસ મળ્યો છે કે પ્રેમભક્તિ કરનારો આ માનવ-દેહ મળ્યો છે! સ્વામી પ્રસન્ન થઈને બોલે તે માટે તો હું તન, મન અને શીષ પણ સમર્પી દઉં.)

## ક્રોધ

**કોટિ પરમ લાગે રહેં એક ક્રોધ કી લાર,**
**કિયા કરાયા સબ ગયા જબ આયા હંકાર.**

(ક્રોધની લંગારમાં તો કરોડો મોટાં મોટાં પડેલાં હોય છે. ક્રોધનો હુંકાર આવ્યો એટલે સમજી જ લેવાનું કે કર્યું કરાવ્યું બધું જ ધૂળ!)

**દસો દિસા સે ક્રોધ કી ઊઠી અપરબલ આગિ,**
**સીતલ સંગતિ સાધુ કી તહાં ઉબરિયે ભાગિ.**

(દશે દિશાઓથી જ્યારે ક્રોધની પ્રચંડ આગ ભભૂકી ઊઠે, ત્યારે ભાગી જઈને સંતજનના શીતળ સત્સંગમાં પહોંચી જવું ને આગમાંથી બચી જવું.)

**કુબુધિ કમાની ચઢી રહી કુટિલ બચન કા તીર,**
**ભરિ ભરિ મારૈ કાન મેં સાલૈ સકલ સરીર.**

(ક્રોધથી કુબુદ્ધિની ધનુષ-કમાન (ભમર) ચઢાવીને કુટિલ વચનોનાં તીર ઉપરાછાપરી કાનમાં મારવાથી સામાને આખે શરીરે એની પીડા રહે જ છે.)

**કુટિલ બચન સબસે બુરા જાનિ કરૈ તન છાર,**
**સાધ બચન જલરૂપ હૈં બરસૈ અમૃત ધાર.**

(કુટિલ વચન તો સૌથી બૂરી ચીજ છે. કારણ કે એનાથી તો અંગે અંગે (અંદરથી) બળીને ખાખ થઈ જાય છે. પમ સંતના વચન અમૃતની ધાર વરસાવતાં શીતળ જળ જેવાં છે.

**કરક કરેજે ગડિ રહી બચન બક્ષકી ફાંસ,**
**નિકસાયે નિકસ નહીં રહી સો કાહ ગાંસ.**

(છાતીમાં કટુ વચનની ફાંસ વાગે છે. તેની વેદના કાળજામાં થયા જ કરે છે. એનું શૂળ તો કાઢ્યું કઢાય તેમ નથી કેમ કે ગાંઠની જેમ એ ઊંડે વળગી રહે છે.)

**મધુર બચન હૈં ઔષધી કટુક બચન હૈં તીર,**
**શ્રવણ દ્વાર હ્‌વૈ સંચરૈ સાલે સકલ સરીર.**

(મીઠાં વેણ તો (ઉપકારક) ઔષધિરૂપ છે અને કડવા વેણ (દુઃખદ) તીર જેવાં છે. કાનને દરવાજેથી અંદર શરીરમાં ઘૂસીને એ અંગે અંગમાં ખૂંચે છે.)

(કબીર વચનાવલી અનુવાદકઃ પિનાકિન ત્રિવેદી, રણધીર ઉપાધ્યાય, સાહિત્ય અકાદેમી, નવી દિલ્હી, ૨૦૦૭)

|| આપણો વારસો અને વૈભવ ||
(ગદ્ય વિભાગ)

**ભડલી વાક્યો**

**હસમુખ નિમાવત**
**પ્રવીણ વોરા**

(વરસ અને વરસાદનો વરતારો આપતાં ભડલી વાક્યો લોકો અને ખાસ કરીને ખેડૂતોમાં ખૂબ વિશ્વસનીય, લોકપ્રિય અને ઉપયોગી છે. ભડલી વાક્યો વિજ્ઞાનયુગમાં પણ એટલાં જ પ્રસ્તુત છે.)

**મૃગશીર્ષ નક્ષત્રઃ**

દર વર્ષે ૬ જૂને મૃગશીર્ષ નક્ષત્રમાં સૂર્ય પ્રવેશ કરતો હોય છે. ૬ જૂનથી ૨૦ જૂન સુધી મૃગશીર્ષ નક્ષત્ર રહે છે.

મૃગશીર્ષ નક્ષત્રના દિવસોમાં પવન હોવો જરૂરી કહ્યો છે. સૌરાષ્ટ્રમાં કેટલીક વાર આ દિવસોમાં વરસાદ પણ થાય છે. મૃગશીર્ષના પવન અંગે ભડલી વાક્ય નીચે મુજબ છે.

**દો મૃષા દો કાતરા, દોય ટીડી દોય તાપ;**
**દોયાંરી બાદી જલ હરે, દોય બીસર દો બાપ.**

અર્થાત્ મૃગશીર્ષ નક્ષત્રના પહેલા બે દિવસોમાં પવન ન હોય તો ઉંદરનો ઉપદ્રવ વધે.

ત્રીજા અને ચોથા દિવસે પવન ન વાય તો ખેતી-પાકમાં ઈયળ, કાતરાંનો ઉપદ્રવ થાય.

પાંચમા અને છઠ્ઠા દિવસમાં પવન ન હોય તો તીડનો ઉપદ્રવ થાય. સાતમા અને આઠમા દિવસોમાં પવન ન વાય તો તાવ વગેરે રોગચાળાનો ઉપદ્રવ થાય.

નવમા અને દસમા દિવસે પવન ન હોય તો વરસાદની અછત થાય. ચોમાસુ નબળું પડે.

અગિયારમા-બારમા દિવસે પવન ન હોય તો પાક-ઉત્પાદનમાં ઝેરી જીવાતનો ઉપદ્રવ થાય.

તેરમા અને ચૌદમા દિવસે પવન ન હોય તો ચોમાસામાં આંધી-પવનનું તોફાન થાય.

મૃગશીર્ષ નક્ષત્ર અંગે કેટલાક વધુ ભડલી વાક્યો જોઈએ તો

**મૃગશરમેં વાયને, રતી રોણ તપ;**
**ભડલી એ ભૂમિ મથે, ખાસી વસ વસે**
(કચ્છી ભડલી વાક્ય)

અર્થાત્ મૃગશીર્ષમાં વાયુ વહે (પવન હોય) અને રોહિણીમાં ગરમી-તાપ પડે તો ભડલી કહે છે કે, પૃથ્વી ઉપર સારો વરસાદ થાય. અન્ય એક ઉત્તર ભારતનું હિન્દી ભાષામાં ભડલી વાક્ય નીચે મુજબ છે.

**મૃગશીર વાયુ ન બાદરા, રોહિણી તપે ન જેઠ;**
**આદ્રા તો વરસે નહીં, કૌન સહે અલેસેઠ.**

અર્થાત્ મૃગશીર્ષમાં વાયુ ન હોય રોહિણીમાં તાપ (ગરમી) ન પડે અને (તો) આદ્રા વરસાદ વગરનું પસાર થાય, તો ખેતીમાં પાક-ઉત્પાદનની આશા ન રાખવી.

**આદ્રા નક્ષત્રઃ**

દર વર્ષે ૨૧ જૂન અથવા ૨૧ જૂનથી એકાદ દિવસ વહેલા મોડું આદ્રા નક્ષત્ર બેસે છે. આદ્રા નક્ષત્રના સૂર્ય પ્રવેશ સાથે વર્ષાઋતુ શરૂ થાય છે. ચોમાસાની ઋતુમાં આદ્રા નક્ષત્ર મહત્ત્વનું છે. આદ્રા નક્ષત્ર આશરે ૧૪ દિવસનું હોય છે. આ નક્ષત્રમાં વરસાદ હોવો જરૂરી છે. જો આદ્રામાં વરસાદ ન હોય તો ચોમાસુ નબળું પડેલું માનવામાં આવે છે કેમ કે વાવણી માટે પણ આદ્રા નક્ષત્ર સમયસરનું ગણાય છે. આદ્રા વીતી ગયા પછી વાવણી થાય તો પણ તે ઘણી મોડી પડતી હોય ધાર્યું ઉત્પાદન મળતું નથી. આદ્રા નક્ષત્ર ૨૧ જૂનથી ૫મી જુલાઈ સુધી રહે છે. ભડલીએ પણ આદ્રા નક્ષત્રને ઘણું મહત્ત્વ આપ્યું છે.

આદ્રા નક્ષત્ર અંગેના ભડલી વાક્યો જોઈએ તો,

**આદ્રા વરસે નહીં, મૃગશિર પવન ન જોય;**
**તો ભડલી કહે જાણજે, વરસા બુંદ ન હોય.**

અર્થાત્ મૃગશિરમાં પવન ન વાયો હોય તો અને તે પછી આદ્રા નક્ષત્ર જો વરસાદ વગરનું પસાર થઈ ગયું હોય તો બાકીનું ચોમાસું પણ નબળું જાણવું.

**કૃતિકા તો કોરી ગઈ, આદ્રા મેહ ન બુંદ;**
**તો ભડલી કહે જાણવું કાળ મચાવે ધૂંદ.**

અર્થાત્ ૧૦મી મે થી ૨૩ મે સુધી રહેલું કૃતિકા નક્ષત્ર કોરું - વાદળ - વરસાદ વગરનું રહ્યું હોય અને આદ્રા પણ તેવું જ વરસાદ વગરનું પસાર થઈ જાય તો દુષ્કાળ પડ્યો જાણવો.

અહીં બંને ભડલી વાક્યોનો સમન્વય કરીએ તો કહી શકાય છે.

**કૃતિકા કોરી ગઈ, મૃગશીર્ષ પવન ન હોય;**
**આદ્રા વરસે નહીં, તો નક્કી દુકાળ જોય.**

ભડલી કહે છે કે

**"જો વરસે આદરા તો બારે માસ પાધરા."**

એટલે કે જો આદ્રા નક્ષત્રના દિવસોમાં વરસાદ થાય તો ચોમાસુ સારુ રહે જેથી બાર મહિનાની ચિંતા મટે.

હિન્દી ભાષામાં ભડલી કહે છે **"આદ્ર ચાર, મઘ પંચમ."**

અર્થાત્ આદ્રામાં જો વરસાદ થાય તો આદ્રાથી આવતા ચારેય નક્ષત્ર (આદ્રા, પુનર્વસુ, પુષ્પ અને આદ્રામાં) પણ વરસાદ થાય. આદ્રા નક્ષત્ર ૨૧ જૂનથી બેસતું હોય છે અને ચોથું નક્ષત્ર આશ્લેષા ૧૫મી ઓગસ્ટે પૂરું થાય છે. તેથી આ ભડલી વાક્ય મુજબ જો આદ્રામાં વરસાદ થાય તો ૧૫મી ઓગસ્ટ સુધી

ચોમાસું સારું રહે. વરસાદ થયા કરે તેનું બીજું ચરણ મઘા નક્ષત્ર અંગેનું છે. જેને આપણે મઘાના પરિચયમાં સમજી લઈશું.

આદ્રામાં જો પવન હોય તો નબળું ફળ છે. વરસાદ ન થાય તેથી ભડલી કહે છે કે "આદરાના વા, જવાય તેટલે જા" એટલે કે મુસાફરને કહે છે કે આદ્રા નક્ષત્ર છે અને પવન વાઈ રહ્યો હોઈ વરસાદ થશે નહીં માટે મુસાફરી કરવા જવાય તેટલે સુધી જા.

અન્ય એક ભડલી વાક્ય છે,

**"આદ્રા કરે ઉલામણા તો માસે આવે મેહ."**

અર્થાત્, જો આદ્રા નક્ષત્ર વરસાદ વગરનું પસાર થઈ જાય તો એક મહિને વરસાદ પાછો આવે. પુનર્વસુમાં પણ વરસાદ ન થાય અને ૧૯/૨૦ જુલાઈ આસપાસ પુષ્યમાં વરસાદ થાય.

ઉત્તર ભારતનું હિન્દી ભડલીવાક્ય કહે છે,

**આદ્રા ગમે તીન જાય, સન સાઠી ઔર કપાસ;**
**હસ્ત ગયે સબ જા, આગીલ પાછીલ નાસ.**

અર્થાત્ આદ્રા નક્ષત્રમાં વરસાદ ન થાય તો ચોમાસુ પાક નિષ્ફળ જાય. કપાસ ન પાકે અને જો હસ્ત નક્ષત્ર (હાથિયો)માં વરસાદ ન થાય તો આગલા-પાછલા બંને પાક એટલે કે ચોમાસુ પાક અને શિયાળુ પાક એ બંનેમાં ખામી કે ઊણપ રહે છે.

**આદિ ન વરસે આદ્રા, હસ્ત ન બરસે નિદાન;**
**કહે ઘાસ સુન ભડ્ડરી, દુઃખી ભયે કિસાન.**

અર્થાત્ ચોમાસાના આરંભનું આદ્રા નક્ષત્ર અને અંતનું હસ્ત નક્ષત્ર (હાથિયો) જો વરસાદ વગરના પસાર થાય તો ચોમાસુ નબળુ હોય. તેથી ખેડૂત દુઃખી થાય હાથિયો ન વરસાદ શિયાળુ પાકની પણ આશા ન રહે. આદ્રામાં જો વાવણી થઈ જાય તો ઉત્પાદન સારા આવે. તેવું જણાવતા હિન્દીમાં ભડલી કહે છે કે,

**આદ્રા રેડ, પુનર્વસુ પાતી, લાગ ચિરૈયા દિયા ન બાતી.**

અર્થાત્ જો આદ્રા - નક્ષત્રમાં વાવણી થાય તો ધાન્ય ઉત્પાદન સારુ આવે. પુનર્વસુમાં વાવણી થાય તો ઉત્પાદન ઓછું રહે. છોડમાં પાંદડા ઘણા થાય. પણ જો આદ્રા - પુનર્વસુ પસાર થઈ જાય અને ૧૯ જુલાઈથી શરૂ થતા પુષ્યમાં વાવણી થાય તો ઉત્પાદન નિષ્ફળ નિવડે. કંઈ ઉપજે નહીં, પરિણામે ઘરમાં દીવા-બત્તીના પણ ઠેકાણા ન રહે.

(ભડલી વાક્યો અને ઋષિ-મુનિઓનાં સૂત્રો,
જય જૈમિની પ્રકાશન, રાજકોટ, ૨૦૦૩)

**ચોમાસું:**

ઘર[1] અષાઢી બીજડી,[2] નીમે[3] નીરખી જોય;
સોમે શુકરે સુરગુરુ[4] જળ-બંબારણ[5] હોય.

અષાઢી પૂનમ દિને, ગાજવીજ વરસંત;
હોય ન લક્ષણ કાળનાં, આનંદે સૌ સંત.

શ્રાવણ પહેલી પંચમી, જોરે ધડૂકે[6] મેહ;
ચાર માસ વરસે સહી,[7] સહદેવ નિઃસંદેહ.

શ્રાવણ વદિ એકાદશી, ગરજે મેઘ અધરાત;
જાઓ ઝટ પિયુ[8] માળવે, જાઈશ હું ગુજરાત.

દિન ઊગતો ભાદ્રવો, અમાસ ને રવિવાર;
ધનુષ[9] ઊગે પશ્ચિમે, હોય જ હાહાકાર.

ઉત્તરા ઉત્તર આપિયો, હસ્ત મોડી[10] મુખ જાય;
ભીંજે ચિત્રા જો કદી, પ્રજા સુખી તો થાય

**વૃષ્ટિનાં લક્ષણ:**

તીતર[10] પંખી વાદળી, વિધવા[11] કાજળ રેખ;
એ વરસે આ ઘર કરે, તેમાં ન મીનમેખ.[12]

જળચર જળ ઉપર ભણે, ગો નભ ભણી જોવંત
ભડલી તો એમ જ ભણે, જળધર[13] જળ મેલંત.

હોય પાણી કળશે[14] ગરમ, ચલ્લીઓ[15] ધૂળે ન્હાય;
ઈંડાળી[16] કીડી દીસે, તો વરષા બહુ થાય.

**અનાવૃષ્ટિ-લક્ષણ:**

રાતે બોલે કાગડા, દહાડે રુએ શિયાળ;
તો ભડલી એમજ કહે, નિશ્ચે પડશે કાળ.

(સંપાદકઃ જેઠાલાલ ત્રિવેદી – 'ભડલી વાક્યો'માંથી)

૧. અષાડી બીજે વાવણિયાં જોડાય તો. ૨. બીજ. ૩. નિર્મળ ચોખ્ખી. ૪. ગુરુવારે. ૫. પુષ્કળ વરસાદ પડે. ૬. જોરથી મેહ ગાજેવીજે. ૭. જરૂર. ખાતરીપૂર્વક. ૮. દુષ્કાળ પડશે, - તેથી તમે માલવ પ્રદેશમાં કમાવા જાવ. ૯. મેઘધનુષ, કાચબી. ૧૦. વરસ્યા વગર, મુખ મરડીને. ૧૧. તેતર પંખી જેવી ભૂખરી વાદળી અને વિધવા જો કાજળ આંજે તો. ૧૨. મીનમેષ નહિ, કોઈ ફરે નહિ. ૧૩. વરસાદ, વાદળી, મેઘ. ૧૪. લોટામાં ગરમ. ૧૫. ચકલીઓ ધૂળમાં નહાય. ૧૬. કાળી કીડી ઈંડા લઈને ઊંચે ચડે તો.

## ઠેસ લાગી છે

**નીલેશ પટેલ**

સમુદ્ર જેવડી તે ઝંખના સમાવી છે,
ને જિંદગી અહીં પરપોટા સરખી નાની છે.

પહાડની ગુફા જોઈને એવું લાગે છે,
ઊંચા મકાનને નાનકડી એક બારી છે.

કમાલ કેવી છે ઈશ્વરની દાદ દેવી છે,
તરસ છે હોઠે અને આંખમાં ય પાણી છે.

પતંગિયાએ સૂરજને પકડવા દોટ મૂકી,
હજી તો ઝાડને ઓળંગવાનું બાકી છે.

તમે તો પગના જ કાંટાને બહાર કાઢો છો,
અમારા દિલને તો અંદરથી ઠેસ વાગી છે.

ફરીથી માળો ગૂંથે પંખી ને પવન આવે,
તમન્ના તો ય હૃદયમાં જીવંત રાખી છે.

(શ્રી કલ્યાણી ટ્રેડર્સ, સાયણ-ઓલપાડ રોડ, મુ. પરીઆ, પો. સાયણ, તા. ઓલપાડ, જિ. સુરત – ૩૯૪ ૧૩૦. મો.: ૯૯૦૯૬૩૨૨૯૧)

## માણસ નામની વ્યથાને...

**પ્રીતમ લખલાણી**

હે! ઈશ્વર
જો તેં મને ફક્ત એકાદવાર સ્વપ્નમાં
પણ આવીને આ વાત કરી હોત કે,
જીવનની અપૂર્ણતામાં
અને સ્વર્ગની લાલસામાં
માણસે કારણ વિના કેટલું બધું
ખોઈ દીધું છે, તો હું
રોજ આંખોમાં આવીને
અટકી જતા આ આંસુઓના દીવા સામે
રૂદ્રાક્ષની માળા ફેરવતા
જુવતરના ચાકડે પરિપક્વ થવાની વાતોને
મારી ઉદાસીથી ક્યાંય દૂર ફગાવી દેત.
અને પછી કોઈ
એકાદ ઢળતી સાંજે
ડેલીએ ટમટમતા દીવાના અજવાળે
રોજ ચૂપચાપ ઉંબરેથી
પાછા વળી જતા પગલાની સાક્ષીએ
ગમતા કોઈ ગીતની પંક્તિને
મનભરીને ગણગણતા...
લાચાર ચિંતાને ક્યાંય દૂર હડસેલીને
જીવતરની ડાળે
જ્યાં લગી એકાદ લીલું પાન ફરફરતું હશે
ત્યાં સુધી તો ચૈત્રની ડમરી જેવી
અસ્તિત્વના ઓછા યે દટાયેલ
માણસ નામની વ્યથાને
ઉર્ધ્વગામી કરવા
આ હાથમાં કલમ લઈ
ચૂપચાપ ચાલી નીકળીશ
શ્વેત કોરા કાગળ તરફ...

(65, Falcon Drive, West Henrietta, NY 4566, U.S.A. Ph.: 585-334-0310. Email: preetam.lakhani@gmail.com)

## બે ગઝલ

**ફિલિપ ક્લાર્ક**

(૧)

ગમગીનીઓ કે ઉદાસી, એ જ મૂકી જાય છે;
હાથ આપી હાથમાં જે ખુદ છૂટી જાય છે.

બંધ મુઠ્ઠી રાખતાં ના એ કદીએ આમ તો;
વાતના યે ભેદ આપોઆપ ખૂલી જાય છે.

ઘૂઘવે છે દર્દના દરિયા જ એની આંખમાં;
સ્વપ્ન જેનાં આંખની સામે જ ડૂબી જાય છે.

આજ જાણ્યું ફૂલમાં યે ભાર જેવું હોય છે;
જેમના કૈં ભારથી આ ડાળ ઝૂકી જાય છે.

એમણે દીધા પ્રહારો દુઝતા કૈં આજ પણ;
કેમ છો એવું ય પાછાં એ જ પૂછી જાય છે.

શબ્દની કરચો પછી વેરાય છે આ ઓરડે;
મૌનનો યે આયનો ક્યારેક ફૂટી જાય છે.

(૨)

શક્યતા વિચારતાં બેસી રહેતાં આપણે;
લાગણી પંપાળતાં બેસી, રહેતાં આપણે.

કોઈ વાતે ક્યાં કદી સહમત થતાં કૈં આમ તો
દિલને દુભાવતાં બેસી રહેતાં આપણે.

સ્પષ્ટ દેખાતી નિશાનીઓ પ્રહારોની હજી;
નામને છુપાવતાં બેસી રહેતાં આપણે,

આમ તો વ્હેવું હતું જળ થૈ સરિતાનાં સતત;
આંસુઓ કૈં સરતાં બેસી રહેતાં આપણે.

સ્વપ્ન મૂકી આંખમાં રાતો સરે અંધારમાં;
સ્વપ્નને શણગારતાં, બેસી રહેતાં આપણે.

તળ ભીતરનાં ય, સુકાતાં હતાં કૈં આપણાં;
ખાલીપો છલકાવતા બેસી રહેતાં આપણે.

(પ્લોટ નં. ૩૪૨/૨, સેક્ટર-૨ બી, ગાંધીનગર – ૩૮૨ ૦૦૭)

*॥ પ્રેરણા ॥*

## આત્મનિરીક્ષણ

સેરીગ્રામ નામે એક નાના ગામમાં શંખ અને નંદન નામના બે વણિક રહેતા હતા. બંને નજીકના અંધપુર નગરમાં જરી-પુરાણો અને જૂનો સામાન લેવા અને નવાં વાસણ-કૂસણ લેવા-બદલવા કે વેચવાની ફેરી કરતા. બંનેના સ્વભાવમાં મોટો તફાવત. શંખ આકરો, લોભી, લુચ્ચો; નંદન મળતાવડો, ઉદાર, ભરોસાપાત્ર.

શંખ અને નંદન બંને મહેનત તો સરખી કરતા, પણ શંખનો વેપાર માંડ માંડ ચાલતો, નફો ઓછો રહેતો. નંદન પ્રમાણમાં સારું કમાતો. શંખને ઈર્ષ્યા થતી. એ માનતો કે નંદન લુચ્ચાઈથી તેનો ધંધો ખૂંચવી લેતો હતો. શંખે યુક્તિ લડાવી. એણે નંદનને સૂચવ્યું કે આપણે એવું કરીએ કે અંધપુરને બે ભાગમાં વહેંચી નાખીએ. એક ભાગમાં મારે ફરવાનું, બીજા ભાગમાં તારે. બંનેએ આખા ગામમાં રખડવાનું નહીં રહે. નંદને વાત કબૂલ રાખી.

સ્વીકારેલી યોજના પ્રમાણે કર્યા છતાં શંખની આવક ન વધી, એના ગુસ્સા અને લુચ્ચાઈને કારણે એ ગ્રાહકો ગુમાવતો. હવે શંખે બીજી યોજના મૂકી. એણે સૂચવ્યું કે એક દિવસ એક ભાગમાં નંદન જાય. તે દિવસે શંખ બીજા ભાગમાં જાય. બીજે દિવસે બંનેએ વિસ્તાર બદલવા. આ વ્યવસાયમાંય શંખને લાભ ન થયો. તેણે ત્રીજી વ્યવસ્થા સૂચવી, એક જણ સવારે એક ભાગમાં જાય, બીજો ત્યારે બીજા ભાગમાં જાય. બપોરે વિસ્તારની અદલ-બદલ કરી નાખવાની.

અંધપુરમાં એક ઘસાઈ ગયેલું ધનાઢ્ય-કુટુંબ હતું. કુટુંબમાં હવે ઘરડાં દાદી અને નાની પૌત્રી જ હતાં. છોકરી કામ કરી થોડું કમાતી. બાકી જૂની ઘરવખરી વેચી બંને પેટ ભરતાં. છોકરીને (ખોટા) મોતીની માળાનું ઘેલું લાગ્યું. દાદી કહેતાં મોતીની માળા માટે એક-દોઢ રૂપિયો ક્યાંથી કાઢવો. જૂની ઘરવખરીમાંથી છોકરી એક થાળી લઈ આવી. થાળી વેચી માળા લેવા વિચાર્યું. એ દિવસે એ ભાગમાં સવારનો વારો શંખનો હતો. છોકરીએ તેને હોંશે હોંશે બોલાવ્યો. થાળીના બદલામાં માળા માગી. શંખે થાળીની ધૂળ સાફ કરી, તીણું સાધન ઘસી થાળી ચકાસી. તરત ખબર પડી કે થાળી તો સોનાની હતી. સહેજે બે હજારની થાય, પણ તેણે તો છોકરીને ટૈયડકાવી, આ થાળીના તો બે આના આવે. માળા ન આવે. એ ચાલતો થયો.

બપોરે નંદન ત્યાંથી નીકળ્યો. દાદીએ એને બોલાવીને કહ્યું, 'ભાઈ, આ છોકરીને માળા પે'રવાનું મન થયું છે. થાળીના બદલામાં માળા મળે?' નંદને કહ્યું, 'દાદી, છોકરીનં મન રાખવા હું તો એમ ને એમેય માળા આપું. તમારી પોતી એ મારીય દીકરી!' થાળી ચકાસતાં તે આભો થઈ ગયો, 'દાદી, આ તો સોનાની થાળી છે. બેએક હજાર રૂપિયાની. એટલા રૂપિયા મારી પાસે નથી. અત્યારે પાંચસો ને માળાઓ સહિતનો મારો બધો સામાન રાખો. બાકીના પછી આપુ.' પૌત્રી ને દાદી ન્યાલ થઈ ગયાં.

સાંજે શંખ આવ્યો કહે, 'કહો તો ચાર આના આપુ, થાળી લાવો.' સાચી વાત જાણી ત્યારે થાળી ગુમાવ્યા બદલ શંખ ગાંડો થઈ ગયો. ઓછી આવક માટે બીજાને દોષ દેવાને બદલે આત્મનિરીક્ષણ કરવું જઈએ. મળતાવડા, માયાળુ ને ભરોસાપાત્ર બનવું જોઈએ તો ધંધો ચાલે ને વધે.

(પાંદડે પાંદડે ગીત, સંપાદન અને સંકલનઃ મહેશ દવે, સ્વમાન પ્રકાશન, અમદાવાદ, સપ્ટેમ્બર ૨૦૧૨)

### સીવીએમના માનદ મંત્રી પ્રિ.આર.પી.પટેલ સેવાનિવૃત્ત : અનુગામીપદે પ્રિ.એસ.એમ.પટેલ

ચારુતર વિદ્યામંડળ(સીવીએમ)ના માનદ મંત્રીના હોદ્દેથી ૮૨ વર્ષીય પ્રિ.આર.પી.પટેલ સેવા નિવૃત્ત થતાં માનદ કાર્યકારી મંત્રી પ્રિ.એસ.એમ.પટેલની નિયુક્તિ તેમના અનુગામી તરીકે કરવામાં આવી છે.

સીવીએમના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલ સમક્ષ પ્રિ.આર.પી.પટેલે સેવા નિવૃત્ત થવાની ઈચ્છા વ્યક્ત કર્યા પછી અધ્યક્ષશ્રીએ સીવીએમના પ્રમુખ શ્રી પ્રયાસ્વિનભાઈ પટેલને માનદ કાર્યકારી મંત્રી પ્રિ.એસ.એમ.પટેલને માનદ મંત્રી તરીકે અને માનદ સહમંત્રી ડૉ.જે.ડી.પટેલને માનદ કાર્યકારી મંત્રી તરીકે નિયુક્ત કરવાની ભલામણ કરી હતી. એ ભલામણને પ્રમુખશ્રીની સ્વીકૃતિ મળતાં નવી નિયુક્તિઓને અમલી બનાવાઈ છે.

ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલે સમગ્ર સીવીએમ પરિવાર વતી મંડળની દીર્ઘ સેવા માટે પ્રિ.આર.પી.પટેલને બિરદાવતાં તેમની સેવાનિવૃત્તિના સમયગાળા માટે શુભેચ્છાઓ પાઠવી હતી. સીવીએમના પ્રમુખ શ્રી પ્રયાસ્વિનભાઈ પટેલે પણ પ્રિ.રાવજીભાઈ પટેલને શુભેચ્છા પાઠવી હતી.

## પ્રજ્ઞાપુરમ્(KCG)ભવનનું ઉદ્‌ઘાટન

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ અંતર્ગત વાઈબ્રન્ટ ગુજરાતના ઉપક્રમે નૉલેજ કોન્સોર્ટિયમ ઑફ ગુજરાત (Knowledge Consortium of Gujarat) એટલે કે 'પ્રજ્ઞાપુરમ્'ની રચના કરવામાં આવી છે. ગુરુવાર, તા. ૧૬-૫-૨૦૧૩ના રોજ પ્રજ્ઞાપુરમ્ ભવનનો ઉદ્‌ઘાટન કાર્યક્રમ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ્‌હસ્તે યોજાઈ ગયો. આ કાર્યક્રમમાં મહેસૂલ, માર્ગ-મકાન અને શહેરી વિકાસમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ, રાજ્યના શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહજી ચુડાસમા, રાજકક્ષાનાં શિક્ષણમંત્રી શ્રીમતી વસુબહેન ત્રિવેદી તથા શિક્ષણવિભાગના અગ્રસચિવ શ્રી એ.એમ. તિવારી તેમજ ટેકનિકલ શિક્ષણ કમિશનર શ્રીમતી ડૉ. જયંતી રવિ ઉપસ્થિત રહ્યાં હતાં. સમારંભમાં રાજ્યની વિવિધ યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓ, ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ.સી.એલ. પટેલ તથા અન્ય કૉલેજસંચાલકો તથા શિક્ષણવિદો ઉપસ્થિત હતા.

કાર્યક્રમનો શુભ આરંભ મંગલપ્રાર્થના દ્વારા કરવામાં આવ્યો હતો અને ત્યારબાદ KCGની પ્રમોશનલ ફિલ્મ દર્શાવવામાં આવી હતી. પ્રારંભમાં રાજ્યના શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ તેમના પ્રારંભિક પ્રવચનમાં કહ્યું હતું કે, શિક્ષણ ક્ષેત્રે ચિંતા વધુ છે કારણ કે બાળકને ઉત્તમોત્તમ શિક્ષણ મળવું જોઈએ. વર્ષ ૨૦૦૧ પહેલાં સો બાળકોએ માત્ર પંચોતેર બાળકો પ્રવેશ મેળવતાં હતાં અને તે પણ ધોરણ સાત પહેલાં ઊઠી જતાં હતાં. પરંતુ રાજ્યના લોકલાડીલા મુખ્યમંત્રીશ્રીના અથાગ પ્રયત્નોથી આજે શિક્ષણમાં ૧૦.૧૭% તથા કન્યાઓના શિક્ષણમાં ૧૨.૯૩% નો વધારો થયો છે. રાજ્યમાં પૂર્વે ૧૦ યુનિવર્સિટી હતી તે આજે ૪૭ યુનિવર્સિટી છે. સમાજજીવનની સમસ્યાઓનો ઉકેલ મળે તેવી યુનિવર્સિટીઓ – ચિલ્ડ્રન યુનિ., ટીચર્સ યુનિ. આપણે શરૂ કરી છે. તથા ટૂંક સમયમાં જ વડોદરા પાસે સાવલી નજીક સ્કિલ યુનિ.ને પણ આકાર આપવા જઈ રહ્યા છીએ. આજે જે પ્રજ્ઞાપુરમ્‌માં આપણે છીએ ત્યાં ૪૦૦ તાલીમાર્થીઓની વ્યવસ્થા ઉપલબ્ધ થનાર છે. ૨૦૦૮નો વિચાર આજે કાર્યાન્વિત થાય છે. તેઓશ્રીએ પૂર્વ શિક્ષણમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ તથા શ્રી રમણભાઈ વોરાના પ્રયત્નોના પરિણામ સ્વરૂપે વર્તમાન પ્રજ્ઞાપુરમ્ અસ્તિત્વમાં આવ્યું છે તેમ જણાવી તેઓશ્રીને બિરદાવ્યાં હતાં.

ત્યાર બાદ બાયસેગ દ્વારા પ્રસારિત સંધાન કાર્યક્રમની સંધાન ટ્યુનનું લોન્ચીંગ મુખ્યમંત્રીશ્રીએ લેપટોપ દ્વારા કર્યું હતું. આ સાથે રિસર્ચ કમ્પોડિયમનું વિમોચન પણ તેઓશ્રીના હસ્તે કરવામાં આવ્યું હતું.

વિમોચન બાદ મુખ્યમંત્રીશ્રીએ સભાને ઉદ્‌બોધન કર્યું હતું. ભારતીય ઇતિહાસ તથા સંસ્કૃતિને યાદ કરતાં તેમણે જણાવ્યું કે, શિક્ષણના ૨૬૦૦ વર્ષના ઇતિહાસમાંથી ૧૮૦૦ વર્ષ સુધી એકચક્રી આપણો જ દબદબો રહ્યો છે. જેટલી ચર્ચા નાલંદા વિદ્યાપીઠની થાય છે તેટલી વલભીની થાય છે. આપણે ત્યાં સદીઓ પહેલાં પણ મેનેજમેન્ટનું શિક્ષણ અપાતું હતું. સમગ્ર વિશ્વમાંથી લોકો આપણે ત્યાં આવતા હતા. ૮૪ દેશોના વાવટા આપણે ત્યાં ફરકતા હતા. તેમણે જણાવ્યું કે, લોથલ બંદર નજીક વલભી યુનિવર્સિટીની સ્થાપના પાછળ આપણા પૂર્વજોની દીર્ઘદૃષ્ટિનાં દર્શન થાય છે. આપણા દેશે દુનિયાને ગુરુકુળથી લઈ વિશ્વકુળ સુધીની પરિભાષા આપી છે. તેઓશ્રીએ જણાવ્યું હતું કે, માત્ર રાજસત્તાને કારણે જ નહીં પરંતુ સમાજશક્તિની ભીતર લૂણો લાગે તો જ કુંઠિતતા આવે. માત્ર બાહ્ય પરિબળો સમાજને નષ્ટ ન કરી શકે. આંતરશક્તિ સ્રોતમાં જ્યારે ગતિરોધ આવે, ડાયવર્ઝન આવે કે સ્થગિતતા આવે ત્યારે જ વિકાસનો માર્ગ રૂંધાય છે. જ્યાં સુધી આપણે જ્ઞાનના પૂજારી રહ્યા ત્યાં સુધી, યુગો સુધી આપણે વર્ચસ્વ ધરાવી શક્યા. આપણે ત્યાં કેટલીય એવી વ્યક્તિઓ છે જેમણે પોતાનાં સમગ્રજીવન ભાવિ પેઢી માટે આપ્યાં.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, સંશોધનો કાલાતીત હોવાં જોઈએ. તેને કાળનાં બંધનો ન હોવાં જોઈએ. ગુલામીના કાળખંડે વિનાશના માર્ગો ખોલી દીધા. કારણ કે રાજશાસકોને પોતાના તંત્રને ચલાવવામાં રસ હતો. દેશ આઝાદ થયા પછી આવશ્યકતા હતી કે ઊર્જાને પ્રજ્વલિત કરવામાં આવે, પરંતુ કમનસીબે આપણે વિચિત્ર વિચારધારામાં અટવાઈ ગયા અને સંશોધનો ભૂલાઈ ગયાં. આપણી મૂળભૂત ચિંતનની ધારા પર પ્રહારો થયા. એવો સવાલ ઊભો થયો કે ભારતીય ચિંતન નકામું છે, જગત પર બોજારૂપ છે. એટલે ૬૦ વર્ષનું જે વેક્યુમ પડ્યું છે તેના માટે કેટલા બધા પ્રાયસો કરવા પડશે! અને તેથી સંકલિત, પ્રાણવાન વ્યવસ્થાતંત્રએ તેમાં બળ પૂરું પાડવાનું હોય છે. માટે આ KCG એક નાનકડો પ્રયાસ છે. જ્ઞાનની સર્વધારાઓને સંકલિત કરી ગતિ અને પ્રાણ આપવા છે. આવશ્યકતાનું શ્રેષ્ઠ સર્જન કરવું છે. આપણી આખી સ્થગિતતાના મૂળમાં આપણી માનસિકતા છે. આપણાં

બાળકોને પ્રશ્નોત્તરી કરવાનો આપણે અવકાશ આપતા નથી. કમનસીબે બાળકોમાં પ્રશ્નોત્તરી કરવાની ભૂમિકા ખલાસ થતી જાય છે. નચિકેતાએ યમરાજને પૂછ્યું હતું કે, મૃત્યુ શું છે? તેને કેટલી જિજ્ઞાસા હશે? સમાજ આ સામર્થ્ય ગુમાવે અને કોણ, ક્યારે, કેવી રીતે, કેમ અને કોને? આ પ્રશ્નોત્તરી ભૂલે તો સ્થગિતતા આવી જાય. આપણે સ્થગિતતામાંથી બહાર આવવું છે. ટેકનોલોજી કબજો જમાવતી જાય છે. આપણી સામે મોટો પડકાર છે. આપણે ભવિષ્યમાં રોબોટ તૈયાર કરવા છે કે મનુષ્ય? મનુષ્યના મનુષ્યપણાના અસ્તિત્વ વિના બધું જ નકામું છે અને તેથી કલા, સાહિત્ય, આનંદ, પીડા, વેદના વગેરે પણ એટલાં જ જરૂરી છે. સારું શું છે? શા માટે? તે બાળકને સમજાવવું પડે. શાળા એ હોય જે પ્રશ્નનું ગર્ભાધાન કરે, શિક્ષક એ હોય કે જે વિદ્યાર્થીઓમાં પ્રશ્નબીજ ઊભું કરે! ભારતની પ્રથમ અનિવાર્યતા રિસર્ચ છે. શિક્ષણ એ ઉત્તમ મૂડીરોકાણ છે કારણ કે તેનાથી ઉત્તમ પેઢી આકાર પામે છે. પરિસ્થિતિ એવી ઊભી થઈ છે કે એક તરફ પ્રશ્નોનું બીજાધાન બંધ થયું અને બીજી બાજુ માહિતીનો ભંડાર ઊભો થયો છે. તેથી આમાંથી Confusion cloud ઊભા થાય.

પ્રજ્ઞાપુરમ્ કે જ્યાં નિત્ય નૂતન વિચારોને પ્રતિષ્ઠા મળે, સમયાનુકૂલ Innovation તથા રિસર્ચ અનિવાર્ય છે. મનુષ્યનો સ્વભાવ છે કે તે જ્યાં છે ત્યાંથી ઉપર ઊઠવાની ઇચ્છા દર્શાવે છે. માનવનો સર્વાંગી વિકાસ જરૂરી છે. આપણી પાસે તો 'વસુધૈવ કુટુમ્બકમ્'નો ઉત્તમ વિચાર પડેલો છે. સમૃદ્ધિની હરોળમાં પ્રથમે છેલ્લાનો વિચાર કરવો પડે. આપણાં પૂર્વજોએ શીખવ્યું છેઃ 'आ नो भद्राः क्रतवो यन्तु विश्वतः' મતલબ, સર્વ દિશાઓમાંથી અમોને શ્રેષ્ઠ વિચારો પ્રાપ્ત થાઓ, વિચારોને વાડાબંધી ન હોય, વિચારો માનવ કલ્યાણ માટે જ હોય.

શિક્ષણ વિભાગ દ્વારા લેવાયેલા Initiativesની વાત કરતાં તેઓશ્રીએ જણાવ્યું હતું કે આપણે GTU – ગુજરાત ટેકનોલોજી યુનિવર્સિટીની સ્થાપના કરી છે. ગુજરાત પ્રથમ એવું રાજ્ય છે કે જેણે Innovation Commissionની રચના કરી છે. અમદાવાદમાં વિશ્વકક્ષાની 'I Create' Instituteની પણ રચના થનાર છે. પ્રસ્તુત પ્રજ્ઞાપુરમ્‌ની રચના આ પ્રવાહને ગતિ આપવાને બળ આપવા કરાઈ છે. વૈશ્વિક સંદર્ભનો ઉલ્લેખ કરતાં તેમણે જણાવ્યું હતું કે, આપણી સ્પર્ધા ચીન સાથે છે, ચીન ટેકનોલોજી તથા કમ્પ્યુટરક્ષેત્રે આપણા કરતાં સો ગણું આગળ છે. જ્યારે ભારત એ વિશ્વનો Youngest દેશ છે. કારણ કે ૬૫% નાગરિકો ૩૫ વર્ષથી ઓછી વયના છે. ચીને લગભગ ૧૩ કરોડ જેટલી નવી Job માટે પ્રાવધાન કર્યું જ્યારે આપણે ૨૦૦૪'-૦૯ દરમિયાન લાખોમાં પણ આ પ્રાવધાન કરી શક્યાં નથી. આપણો ગ્રાફ નીચે આવી ગયો છે અને તેથી આપણે બધાએ આ વિચાર કરવાનો છે. આપણે કેમ ન કરી શકીએ? સમગ્ર અંધકાર હોય અને ખૂણામાં દીપ પ્રગટાવીએ તો પણ ચોતરફ ઉજાસ થાય છે તેવી રીતે,

'જ્યોત પ્રગટાવવાનો પ્રયાસ એટલે પ્રજ્ઞાપુરમ્'

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, આપણે ત્યાં અનુભવી, જ્ઞાનીઓનો મોટો સમૂહ તૈયાર છે. સાઠ વર્ષ પછીના વ્યક્તિને સમાજની Creativity સાથે કંઈ રીતે જોડી શકાય તે વિચારવાનું છે. સરકાર ઝાડ ઉગાડી શકે પરંતુ તેનું જતન તો જનતાએ જ કરવાનું છે. તેમ કરી આપણી સામૂહિક જવાબદારી પર ભાર મૂક્યો હતો. પ્રજ્ઞાપુરમ્ વિકસે તેવી કામના સાથે તેઓશ્રીએ તેમનું વક્તવ્ય પૂર્ણ કર્યું હતું.

કાર્યક્રમની પૂર્ણાહુતિ ટેકનિકલ શિક્ષણ કમિશનર શ્રીમતી ડૉ. જયંતી રવિના આભારદર્શનથી થઈ હતી. આ દિવસને ઐતિહાસિક દિવસ ગણાવી તેઓશ્રીએ L.D. Engineering Collegeનો જગ્યા માટે, R&D વિભાગનો તેમજ આટલું સુંદર બિલ્ડીંગ જેમણે મૂર્તિમંત કર્યું છે તેવા આર્કિટેક્ટ શ્રી વિમલ પટેલનો આભાર વ્યક્ત કર્યો હતો. પૂર્વેના સચિવશ્રીઓ શ્રી પનીરવેલ, શ્રી હસમુખ અઢિયા તથા મંત્રી શ્રી રમણભાઈ વોરા પ્રત્યે પણ આભારની લાગણી વ્યક્ત કરી હતી. 'પ્રજ્ઞાપુરમ્‌ના નામાભિધાન માટે મુખ્યમંત્રીશ્રીનો પણ વિશેષ આભાર દર્શાવ્યો હતો. મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ તથા મંત્રી શ્રીમતી વસુબહેન ત્રિવેદી તથા સમગ્ર શૈક્ષણિક સ્ટાફનો પણ આ તબક્કે આભાર વ્યક્ત કર્યો હતો. તેઓશ્રીએ અંતમાં એવી લાગણી વ્યક્ત કરી હતી કે, આપણે સહુએ શપથ લેવા જોઈએ કે આ સેન્ટર હંમેશા ધમધમતું રહે. તમામ પ્રકારના સહભાગીઓએ ઉત્સાહપૂર્વક જોડાઈને સફળતાની કેડી કંડારવાની છે.

**● હેમા જિકાદરા**
અધ્યક્ષ, રાજ્યશાસ્ત્ર વિભાગ,
ગુજરાત આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ
(૫૯, જલદર્શન પાર્ક, નવરંગ સ્કૂલ પાસે,
અંબિકાનગર પાછળ, ઓઢવ, અમદાવાદ ૩૮૨ ૪૧૫.
મો.: ૯૮૨૫૮૫૪૫૩૭)

## ફૂલ વિનાની વેલ

**કિરીટ ગોસ્વામી**

**(આપણા યુવાન, સંવેદનશીલ સર્જક અને શિક્ષક શ્રી કિરીટ ગોસ્વામીની આ લઘુનવલ શિક્ષણના પરિવેશમાંથી પાત્રો લઈને માનવહૃદયના વિવિધ ભાવોનું નિરૂપણ કરે છે. 'વિ'માં તેનાં પ્રકરણો ક્રમશઃ પ્રગટ થતાં રહેશે. સુજ્ઞ વાચકોનો પ્રતિભાવ અપેક્ષિત છે.)**

(ગતાંકથી ચાલુ)

(૧૧)

રાત આખી માલતીએ અજંપામાં વીતાવી. વહેલી સવારે જ, તે હરખે-હરખે તૈયાર થઈ ગઈ હતી. વિનોદભાઈ અને ડૉક્ટર અનામિકા આવ્યાં એટલે ત્રણેય, દીપુને મળવા નીકળી ગયાં.

રસ્તામાં અનામિકાએ વિનોદભાઈને પૂછ્યું – 'વિનુભાઈ, એ તો કહો કે, આ દીપુનો પત્તો કેવી રીતે મેળવ્યો તમે?!'

કાર ડ્રાઈવ કરતાં-કરતાં જ, વિનોદભાઈએ કહ્યું – 'આ બધું કામ તો ફેસબુક દ્વારા થયું છે!'

'ફેસબુક?!' અનામિકાએ નવાઈભેર પૂછ્યું.

વિનોદભાઈએ જવાબ આપતાં કહ્યું, – 'હા, બેન! મારો દીકરો પ્રતીક, મને ક્યારનો કહેતો હતો પણ હું, તેની વાત માનતો નહોતો પણ આખરી ઉપાય તરીકે મેં એક અઠવાડિયા પહેલાં જ, દીપુનું નામ આપ્યું હતું અને મારા આશ્ચર્ય વચ્ચે તેણે અઠવાડિયામાં જ દીપુની સાથે, ફેસબુક પર મિત્રતા કરી અને તેની બધી જ વિગત મેળવી લીધી!'

'ને આજે આપણે દીપુને મળવા જઈ રહ્યાં છીએ એમને!' અનામિકાએ હસતાં-હસતાં કહ્યું.

'હા, હો! આ ફેસબુક પણ ક્યારેક બહુ મોટું અને બહુ સારું કામ કરી જાય છે...' વિનોદભાઈએ કહ્યું.

'હંમ્...' અનામિકાએ માથું ધુણાવ્યું.

પાછલી સીટ પર બેઠેલી, માલતી ચૂપ હતી. અત્યારે એક-એક પળ, તેને એક-એક યુગ જેવડી લાગતી હતી! દીપુની ભાળ મળ્યા પછી, તેનો વિરહ જીરવવો, માલતીને માટે અતિ આકરો સાબિત થઈ રહ્યો હતો!

તેનું મન, કલ્પનાના અનેક ઘાટ, ઘડી રહ્યું હતું – 'કેટલી રોમાંચક ઘડી હશે એ – જયારે ફરી પાછો મારો દીપુ, મારી સામે આવશે! હવે તો તે ખૂબ જ યુવાન થઈ ગયો હશે! કેવો રૂપાળો લાગતો હશે! આ આટલો સમય, મારાથી તે દૂર રહ્યો એ તો એની મા, વનલતાને કારણે જ! બાકી, મારો દીપુ તો મારું નામ સાંભળતાં જ હડી કાઢશે! હવે તો વનલતાને ખબર જ નથી પડવા દેવી! હવે તો હું, મારા દીપુને મારા પાલવમાં છુપાવીને જ રાખીશ! કોઈનેય, કશી ખબર ના પડે એવી જગ્યાએ અમે, મા-દીકરો રહેશું! હું, તેને ખૂબ-ખૂબ વ્હાલ કરીશ! ખૂબ લાડ લડાવીશ! હરખે-હરખે તેને પરણાવીશ! હવે તો તે વધારે સમજદાર થઈ ગયો હશે એટલે મને, 'કાકી' ને બદલે 'મા' કહીને જ બોલાવશે! ઓહ! કેટલી રોમાંચક ઘડી હશે એ! જયારે મારો દીપુ, મને 'મા' કહીને બોલાવશે...'

માલતીની આંખોમાંથી હરખનાં આંસુ, ટપકવા લાગ્યાં. એ જોઈને અનામિકાએ કહ્યું – 'રડે છે શા માટે? માલતી! હવે તો તારી મંજિલ, સાવ હાથવેંતમાં જ છે!'

'આ તો હરખનાં આંસુ છે, દીદી!' માલતીએ કહ્યું.

'ઓહ! જાણું છું, માલતી! તારા દિલમાં અત્યારે કેવાં સ્પંદનો જાગી રહ્યાં હશે! જે ઘડીની રાહમાં ને રાહમાં, તું તારી જાતનેય વીસરી ગઈ હતી; એ ઘડી હવે સામે આવવાની છે, ત્યારે...' અનામિકાએ એટલું કહ્યું ત્યાં તો માલતી વચ્ચે જ બોલી ઊઠી – 'હું તો હરખથી ઘેલી જ થઈ ગઈ છું, દીદી!'

'હા, સમજું તારી લાગણીને...' અનામિકાએ પણ રાજીપો વ્યક્ત કર્યો.

માલતી બોલી – 'આ બધું, તમારા બધાંના કારણે જ શક્ય બન્યું છે, હો દીદી! તમે, વિનોદભાઈ,

ડૉક્ટરસાહેબ... તમે બધાંએ મને સહયોગ ના આપ્યો હોત તો મારા જીવનમાં ફરીથી ક્યારેય સુખનો સૂરજ ઊગ્યો ના હોત! આ સોનેરી સવાર, તમારા સૌના લીધે જ આવી છે... તમારા સૌના ઉપકારને હું કેમ ભૂલું?! શી રીતે ચૂકવીશ, આ ઋણ?!'

'અરે, એમાં ઉપકાર કેવો?! તું તો મારી નાની બહેન છે! તું, મને 'દીદી' કહીને બોલાવે છે ને પાછી ઉપકારની વાત કરે છે! તારો તો હક છે...' અનામિકા હસતાં-હસતાં બોલી.

'હા, ખરી વાત છે, દીદીએ! તમારા સૌની લાગણીને હું ક્યારેય નહીં વીસરી શકું!' માલતી ગળગળા અવાજે બોલી.

'જિંદગીમાં જ્યારે પણ તને અમારી જરૂર પડે ત્યારે ચોક્કસ યાદ કરજે! અમે બધાં હંમેશા, તારી સાથે જ છીએ, માલતી!' અનામિકાએ, માલતીનો હાથ ઉષ્ણાભેર દબાવતાં કહ્યું.

વિનોદભાઈએ હસતાં-હસતાં કહ્યું – 'હવે તો માલતીબેનને આપણી જરૂર ક્યાંથી પડવાની, અનુદીદી! હવે તો તેમને, તેમનો દીકરો દીપુ મળી જવાનો છે ને!'

'હા, એ વાત પણ ખરી હો, વિનોદભાઈ...' અનામિકા પણ હસી પડી.

માલતી બોલી – 'હું અને મારો દીપુ મળીને એક અલગ જ દુનિયા વસાવીશું... પણ હા, અમને તોય તમારી જરૂર તો પડશે જ હો!'

'હા, હા, અમે કાયમ માટે તારી સાથે જ છીએ! તું કશીય ચિંતા ના કર!' અનામિકાએ કહ્યું.

માલતીનો હરખ બેવડાઈ ગયો.

વાત-વાતમાં સમય ક્યાં પસાર થઈ ગયો એનો ખ્યાલ પણ ના રહ્યો!

રાજકોટ આવી ગયું. વિનોદભાઈએ કાર, સીધી રેસકોર્સ તરફ જ હંકારી. ત્યાંના બગીચામાં જ, દીપુ મળવા આવવાનો હતો.

બરાબર પોણા-નવ લાગ્યે, તેઓ ત્યાં પહોંચી ગયાં. દીપુ નવ વાગ્યે આવવાનો હતો. રસ્તામાં જ, વિનોદભાઈએ દીપુને મેસેજ કરી દીધો હતો કે, 'અમે હવે પહોંચવામાં જ છીએ.'

'હા, હું નવ લાગ્યે આવી જઈશ.' સામેથી દીપુનો મેસેજ પણ આવી ગયો હતો.

માલતીની વિહ્વળતા, ક્ષણે-ક્ષણે વધતી જતી હતી – ક્યારે નવ વાગે અને ક્યારે દીપુ આવે!

નવને પાંચ થઈ છતાં દીપુ આવ્યો નહીં એટલે માલતીની બેચેની વધવા લાગી. તેણે વિનોદભાઈને તરત જ પૂછ્યું – 'હજી કેમ ન આવ્યો મારો દીપુ?! તમે તેને આ ઠેકાણે જ આવવાનું કહ્યું છે ને?!'

'હા, હા, તમે ચિંતા ના કરો! દીપુ આવતો જ હશે!' વિનોદભાઈએ ધરપત આપતાં કહ્યું.

'તમે, તેને ફોન કરોને!' માલતી આકળવિકળ થવા લાગી.

વિનોદભાઈ બોલ્યા – 'જરાવાર રાહ તો જોઈએ! પછી ના આવે તો આપણે ફોન કરીશું!'

'ઓહ! હજી કેટલીક વાર રાહ જોવાની?!' માલતીનું મોં પડી ગયું. તેની સામે જોતાં, પ્રોત્સાહનરૂપ શબ્દોમાં અનામિકા બોલી – 'અરે, આટલી અમથી વાતમાં નિરાશ શીદને થાય છે? માલતી! એ તો બિચારો ક્યાંક ટ્રાફિકમાં ફસાયો હશે! હમણાં પાંચ-દશ મિનિટમાં જ આવી જશે, તારો દીપુ!'

'હા...' માલતીની આશા ફરી જાગૃત થઈ.

નવને વીસ મિનિટ થઈ ગઈ...

વિનોદભાઈએ બે-ચાર વખત ફોન કરી જોયો પણ દીપુનો ફોન, વ્યસ્ત આવતો હતો! માલતી હવે ઢીલી પડવા લાગી...

એવામાં સામેના પાર્કિંગમાં એક બાઈક ઊભી રહી. એના પરથી એક યુવાન ઊતરીને આ તરફ આવતો દેખાયો. એક હાથમાં બાઈકની ચાવી ને બીજા હાથમાં ગોગલ્સ...

એ યુવાન જરા છેટો રહ્યો ત્યાં તો માલતી, તેને ઓળખી ગઈ! તેના મોંમાંથી શબ્દ સરી પડ્યો – 'દીપુ...!'

માલતીએ દોટ મૂકી...

'મારો દીપુ આવી ગયો...' કહેતીક હરખભેર, તે દીપુને છાતીસરસો ચાંપવા ગઈ પણ તરત જ તેને હડસેલો મારતાં, દીપુ બોલ્યો – 'અરે! અરે! પણ શું છે આ બધું?! મારા કપડાંનું તો જરા ધ્યાન રાખો, આન્ટી!'

દીપુએ મોં બગાડ્યું.

માલતી બે-ચાર ડગલાં પાછળ હટી ગઈ. તેની ફેલાયેલી બાહોં એમનેમ રહી ગઈ...

દીપુ નીચું જોઈને ચૂપ ઊભો હતો.

માલતી એક ડગલું આગળ વધીને કહેવા લાગી – 'દીપુ! દીપુ! મારા દીકરા! ક્યાં ચાલ્યો ગયો હતો તું?! ક્યાં ખોવાઈ ગયો હતો તું?! તારા વિના, આ તારી મા તો સાવ–'

માલતી રડી પડી.

'ઓહ! શીટ્! તમે આટલાં સેન્ટી કેમ થાવ છો, આન્ટી?! પ્લીઝ, ડૉન્ટ ક્રાય! ઓકે!' દીપુ અકળાઈને એટલું બોલ્યો ત્યાં, તેના મોબાઈલની રીંગટૉન રણકી એટલે તે, થોડો દૂર ખસીને વાત કરવા લાગ્યો – 'હાય વિક્કી! બોલને, દોસ્ત! આજની મેચનું શું થયું, યાર?! કેવુંક રમે છે રવીન્દ્ર જાડેજા?! ને સ્કોર કેટલો થયો'

માલતી હજીય રડતી હતી. અનામિકાએ આવીને તેને છાની રાખી. વિનોદભાઈ પણ નજીક આવી ગયા.

પાંચેક મિનિટ ફોનમાં વાતચીત કર્યા પછી દીપુ, આ તરફ, પાછો ફર્યો.

માલતીએ તેને કહ્યું – 'જો દીકરા! હું, તારા માટે શું લાવી છું! તારું ફેવરીટ વાદળી રંગનું ટી-શર્ટ! જો તો ખરા!'

માલતીએ થેલીમાંથી ટી-શર્ટ કાઢીને, દીપુ તરફ હાથ લંબાવ્યો. એ જોતાં, દીપુ બોલ્યો – 'ઈટસ્ ઓલ્ડ ફેશન! મને હવે આવાં ટી-શર્ટ પસંદ નથી...'

'તારા માટે હું, તારો મનપસંદ ગાજરનો હલવો પણ લાવી છું, હો દીપુ!' માલતીએ હરખભેર કહ્યું.

'ઓહ! આન્ટી! આન્ટી! આ બધું કરવાની શું જરૂર છે તમારે?! મને બધું જ મળે છે, બજારમાંથી! ઓકે! ને ઘરે જાઉં ત્યારે મમ્મા પણ મસ્ત-મજાની આઈટમ્સ બનાવીને ખવડાવે છે, મને!' દીપુએ મોબાઈલમાં જોતાં-જોતાં કહ્યું.

'હું પણ તારી, મા –' માલતી એટલું બોલી ત્યાં ફરીથી દીપુનો ફોન રણક્યો...

તરત જ તે થોડે દૂર ગયો અને ફોનમાં વાતો કરવા લાગ્યો – 'ઓહ! હા, ટીના... હું હમણાં જ આવું છું! જસ્ટ ટુ મિનિટ, ઓકે! પ્લીઝ, જરા વેઈટ કરજે! મારા એક દૂરનાં આન્ટી મળવા આવી ગયાં છે એટલે જરા લેઈટ થયો છું, ડિયર! આઈ એમ સૉરી! બટ નાઉ આઈ એમ કમિંગ... ઓકે!'

વાત પૂરી કરીને દીપુ, આ તરફ પાછો ફરતાં બોલ્યો – 'ઓકે, આન્ટી! તમે મળી લીધુંને મને!? તો હવે હું જાઉં? મારા ફ્રેન્ડ્સ, મારી રાહ જોવે છે! મારી પાસે ઝાઝો ટાઈમ નથી! ઓકે, બાય આન્ટી...'

માલતી કાંઈ બોલે કે, તેને રોકે, એ પહેલાં તો આંખો પર ગોગલ્સ ચડાવીને, ક્ષણવારમાં જ દીપુ બાઈક સુધી પહોંચી ગયો અને કીક મારતોક, બીજી જ ક્ષણમાં અદશ્ય થઈ ગયો...

માલતીએ અનામિકા અને વિનોદભાઈની સામે જરા જોયુંને પછી આકાશ તરફ નજર ઠેરવી...

બધું જાણે થંભી ગયું હતું!

માલતીએ પોતાની આંખો બંધ કરી લીધી. પળવારમાં ભીતર કશું ઓગળવા લાગ્યું...

બીજી જ પળે, માલતીની આંખો ખૂલી. તેણે એક ગગનભેદી ચીસ પાડી અને પછી તાળીઓ વગાડી-વગાડીને વિચિત્ર રીતે હસતીને ચિચિયારીઓ પાડતી, તે પોતાના જ કપડાં ફાડવા લાગી...

એ દશ્ય જોઈને અનામિકા અને વિનોદભાઈની આંખો ભરાઈ આવી.

(સમાપ્ત)

(એફ-૨૦/૬૬૬, પ્રથમ માળ, રણજિતનગર,
જામનગર – ૩૬૧ ૦૦૫. મો.: ૯૮૭૯૪૦૧૮૫૨)

## રામકથા આધારિત ગુજરાતી નવલકથા

ભાવેશ ચાંદેગરા

ગુજરાતી સાહિત્ય જગતમાં નવલકથા સાહિત્ય સ્વરૂપનો ઉદ્‌ભવ ઈ.સ. ૧૮૬૬માં નંદશંકર તુલજાશંકર મહેતા કૃત 'કરણઘેલો' નવલકથાથી થયો છે ત્યાર પછી તો સુધારકયુગ, પંડિતયુગ, ગાંધીયુગ, અનુગાંધીયુગ અને આધુનિકયુગ સુધી અનેક નવલકથાઓ લખાઈ છે. આ તમામ નવલકથાઓ પૌરાણિક, ઐતિહાસિક અને સામાજિક વિષયને કેન્દ્રસ્થાને રાખીને લખાઈ છે. તેમાં રામાયણ, મહાભારત અને પુરાણો આધારિત નવલકથાનો પણ સમાવેશ થાય છે. આપણે રામકથા આધારિક નવલકથાની વાત કરીએ તો સુધારકયુગ અને પંડિતયુગમાં રામકથા આધારિત નવલકથા જોવા મળતી નથી. પરંતુ ગાંધીયુગમાં ઈ.સ. ૧૯૪૩માં કિશનસિંહ ચાવડા 'ધરતીની પુત્રી' નવલકથા આપે છે જે રામકથા આધારિત પ્રથમ ગુજરાતી નવલકથા બને છે.

'ધરતીની પુત્રી' નવલકથામાં અયોધ્યાકાંડ, અરણ્યકાંડ, યુદ્ધકાંડ અને ઉત્તરકાંડને લઈને સીતાનું ચરિત્ર-ચિત્રણ કરવામાં આવ્યું છે. સર્જકે આ નવલકથાનું ઉપશીર્ષક 'કરુણ પ્રેમકથા' આપ્યું છે. કુલ ૧૧ પ્રકરણની આ નવલકથામાં સીતા સ્વયંવર, સીતાનો પંચવટીમાં વનવાસ, પંચવટીમાં રાવણ સીતાને લંકા લઈ જવા આવે છે. શૂર્પણખાનો પ્રસંગ, રામ રાવણના યુદ્ધ પહેલા સીતાની રાવણને શિખામણ વગેરે ઘટના લેખક પોતાની સૂઝબૂઝથી રજૂ કરે છે. ર.વ. દેસાઈએ 'ધરતીની પુત્રી' નવલકથા વિશે લખ્યું છે કે 'ધરતીની પુત્રી નામે લખેલી કથા કિશનસિંહની લખેલી એક સુંદર કવિતા છે.'

કિશનસિંહ ચાવડાની 'ધરતીની પુત્રી' નવલકથા પછી ઠીક ૩૪ વર્ષ પછી એટલ કે કે ઈ.સ. ૧૯૭૬માં પન્નાલાલ પટેલ 'રામે સીતાને માર્યા જો' નામે ચાર ભાગમાં નવલકથા આપે છે. આ દરેક ભાગમાં અનુક્રમે ૩૨, ૩૪, ૨૯ અને ૨૧ પ્રકરણો છે. આ નવલકથામાં રામજન્મ, રામલક્ષ્મણ દ્વારા વિશ્વામિત્રના યજ્ઞનું રક્ષણ, રામને ૧૪ વર્ષનો વનવાસ, વાલીવધ, સીતાનું અપહરણ, સીતાશોધ, રામરાવણ યુદ્ધ વગેરે પ્રસંગોનું નિરૂપણ થયું છે. અહીં લેખકે મૂળ વાલ્મીકિ-કૃત રામાયણની ઘટના પ્રમાણે ચાલીને કૃતિની રચના કરી છે. આથી કોઈ વધારે ફેરફા જોવા મળતો નથી પણ કથા રજૂ કરવાની શૈલીમાં લેખકનું સર્જકત્વ જોવા મળે છે.

'રામે સીતાને માર્યા જો' નવલકથા પછી ઈ.સ. ૧૯૭૮માં ગૌતમ શર્મા પાસેથી 'મહાદેવી સુમિત્રા' નવલકથા મળે છે. આ નવલકથા ૧૬ પ્રકરણમાં આલેખાઈ છે અને તેનું કથાવસ્તુ અયોધ્યાકાંડના વર્તુળની આસપાસ ગૂંથાયેલું છે. વાલ્મીકિકૃત રામાયણની સુમિત્રા કરતા લેખકે આલેખેલી સુમિત્રા જુદી છે. અહીં સુમિત્રા શ્રવણવધ પછી દશરથને આત્મવિલોપન કરતા રોકે છે. લક્ષ્મણને રામ સાથે મોકલી પુત્ર ત્યાગ કરે છે. રામના ચરણથી અયોધ્યાનું સિંહાસન પવિત્ર નહિ બને ત્યાં સુધી અન્નજળનો ત્યાગ કરે છે અને અંતે વાલ્મીકિને રામાયણમાં પોતાનો ઉલ્લેખ ન કરવાનું કહે છે. આમ લેખકે સુમિત્રાને ત્યાગ, કરુણતા અને પરોપકારનું પ્રતીક બતાવી કૈકેયી કરતાં પણ સુમિત્રાને ચઢિયાતી બનાવી છે.

ત્યારબાદ દક્ષિણકુમાર જોષી પાસે ઈ.સ. ૧૯૮૧માં 'રઘુકુળ તિલક શ્રીરામ' નવલકથા ત્રણ ભાગમાં મળે છે. પ્રસ્તુત નવલકથાના દરેક ભાગમાં અનુક્રમે ૩૩, ૨૯ અને ૩ પ્રકરણ છે. આ નવલકથામાં રામજન્મથી માંડીને ચારે ભાઈઓના વિવાહ, રામના રાજ્યાભિષેકની તૈયારી, રામને ચૌદ વર્ષનો વનવાસ અને અંતે રાજા દશરથનું પુત્ર વિરહ સાથે મૃત્યુ થાય છે ત્યાં સુધીની કથાનો સમાવેશ થાય છે. આ નવલકથામાં વધુ કોઈ પરિવર્તન જોવા મળતાં નથી. નવા ઉન્મેષોનો અભાવ છે પણ રામકથાની પરંપરા સાચવવા સર્જક સફળ થયા છે, જોકે જેમાં વાચકને જિજ્ઞાસા થાય તેવું કોઈ વિશેષ તત્ત્વ જોવા મળતું નથી.

ગુજરાતી નવલકથાના વિકાસક્રમમાં હવે ઈ.સ. ૧૯૮૩માં પ્રકાશિત થયેલ નરહરિ કૃત 'જય બજરંગ'

નવલકથાનો સમાવેશ થાય છે. આ નવલકથામાં હનુમાનનું ચરિત્ર-ચિત્રણ કરવામાં આવ્યું છે. હનુમાનનો જન્મ, બાળપણ, માતાપિતા, હનુમાનની બ્રહ્મચર્ય પાલનની પ્રતિજ્ઞા, હનુમાનનો સિંદૂર પ્રસંગ, કૃષ્ણ અવતારમાં હનુમાન વગેરે પ્રસંગોનું નિરુપણ કરવામાં આવ્યું છે. આ નવલકથા ચરિત્ર ચિત્રણ કરવા અર્થે લખાયેલી માહિતીપ્રધાન નવલકથા બની રહે છે.

દક્ષિણકુમાર જોષી 'રઘુકુળ તિલક શ્રીરામ' પછી ફરી ઈ.સ. ૧૯૮૬માં 'જાનકી ઝૂરે વનવાસે' નવલકથા આપે છે. પ્રસ્તુત નવલકથા ૨૯ પ્રકરણમાં વિસ્તરેલી છે.સમગ્ર નવલકથાનું કેન્દ્રબિંદુ અયોધ્યા છે. રામ લંકામાંથી અયોધ્યા આવ્યા પછી લોકાપવાદથી કરેલ સીતાત્યાગ, વાલ્મીકિ આશ્રમમાં લવકુશનો જન્મ, શત્રુઘ્નએ કરેલ લવણાસુરનો વધ, શમ્બુકનો મોક્ષ, રામે આરંભેલ અશ્વમેધ યજ્ઞ, લવકુશનું વાલ્મીકિ સાથે અયોધ્યામાં યજ્ઞ પ્રસંગે આવવું, અયોધ્યામાં રામ-કથાગાન, વાલ્મીકિ અને સીતાનું અયોધ્યા આવવું અને ત્યાં સીતાનો ભૂમિપ્રવેશ વગેરે પ્રસંગોનું નિરૂપણ કરવામાં આવ્યું છે. વાલ્મીકિકૃત રામાયણમાં રામનું લવકુશ સાથે યુદ્ધ બતાવ્યું છે જ્યારે અહીં આ પ્રકારનું યુદ્ધ બતાવ્યું નથી.

ચંદ્રવદન મહેતા પાસેથી ઈ.સ. ૧૯૮૭માં 'પરમ માહેશ્વરી હે રામ' નવલકથા મળે છે. અઢાર પ્રકરણમાં લખાયેલી આ નવલકથાનં કથાવસ્તુ રાવણના પાત્રની આસપાસ ગૂંથાયેલું છે. અહીં રાવણનું જન્મસ્થાન અમેરિકાના મેક્સિકો પ્રદેશમાં બતાવ્યું છે અને પછી તે ભારતના અમરકંટકની ગિરિમાળા પાસે લંકામાં આવીને વસ્યો. રાવણના પિતા વિશ્રવસ પાસે લોકો રાવ ખાતા અટકતાં નથી માટે તે રાવણ કહેવાયો. લેખકે રાવણના આઠ અભિમાન ગણાવ્યાઃ ભક્તિનું અભિમાન, જ્ઞાનાભિમાન, કૂળાભિમાન, મિથ્યાભિમાન, બળાભિમાન, તપાભિમાન, રિદ્ધિ સિદ્ધિનું અભિમાન અને દેહાભિમાન. રાવણ આ આઠેય અભિમાનમાં રાચતો હોવા છતાં અંતે તેમનું હૃદય પરિવર્તન થતા કલાપ્રેમી બનતો બતાવ્યો છે. આથી વાલ્મીકિકૃત રામાયણનો ખલનાયક અહીં નાયક બને છે.

'પરમ માહેશ્વરી હે રામ' નવલકથા પ્રકાશિત થઈ તેના ચાર વર્ષ પછી એટલે કે ઈ.સ. ૧૯૯૧માં ગૌતમ શર્મા પાસેથી 'અભિનવ રામાયણ' નામે ચાર ભાગમાં નવલકથા મળે છે. લેખકે પ્રથમ ભાગનું ઉપશીર્ષક 'રામદશરથિ', બીજા ભાગનું ઉપશીર્ષક 'રામવનવાસી', ત્રીજા ભાગનું ઉપશીર્ષક 'રામ-રાવણ' અને ચોથા ભાગનું ઉપશીર્ષક 'અયોધ્યાપતિ' આપ્યું છે. અહીં લેખકે વાલ્મીકિ રામાયણની ઘટના પ્રમાણે જ કથાપ્રવાહ વિસ્તાર્યો છે પણ અમુક ઘટના અને પાત્ર કાલ્પનિક રીતે રચીને કૃતિને આસ્વાદ્ય બનાવી છે.

હવે ઈ.સ. ૧૯૯૬માં પ્રહ્‌લાદ બ્રહ્મભટ્ટ 'લંકાપતિ રાવણ' શીર્ષકથી નવલકથા આપે છે. આ કૃતિમાં સીતાહરણથી રાવણના વધ સુધીની કથા આલેખાઈ છે. લેખકે રાવણને કેન્દ્રસ્થાને રાખીને નવલકથાનું સર્જન કર્યું છે. આ નવલકથાનું સર્જન શા માટે કર્યું તે વિશે લેખક કહે છે કે 'આપણા રામાયણમાં રાવણ વિશેની જે હકીકતોનો અભાવ છે એવી કેટલીક હકીકતો કાશ્મીરમાં કુર્મગામ નિવાસી પંડિત પ્રકાશરામે લખેલા પુસ્તકમાં પડી છે. તેમાંની કેટલીક રામાવતાર ચરિત્ર હકીકતોને આધારે આ નવલકથા રચાઈ છે.'

ઈ.સ. ૨૦૦૩માં પિનાકિન દવે એક સાથે 'અયોધ્યા', 'વરદાન', 'વનવાસ' અને 'અભિષેક' એમ કુલ ચાર નવલકથા આપે છે. 'અયોધ્યા' નવલકથામાં સર્જકે દશરથના પુત્રકામેષ્ટિ યજ્ઞથી આરંભી રામ-લક્ષ્મણ વિવાહ કરી અયોધ્યા પરત ફરે ત્યાં સુધીની કથા આલેખવામાં આવી છે. 'વરદાન' નવલકથામાં રામના રાજ્યભિષેકની તૈયારીથી ચૌદ વર્ષના વનવાસે ગયેલા રામ સાથે ચિત્રકૂટમાં ભરતના મિલન સુધીની ઘટના આલેખી છે. 'વનવાસ' નવલકથામાં રામના ચિત્રકુટમાંથી દંડકારણ્ય તરફ પ્રયાણથી લઈને સીતાશોધ માટે હનુમાનનું લંકા તરફ પ્રયાણ સુધીની કથા આલેખાય છે. આ નવલકથા શ્રેણીની છેલ્લી નવલકથા 'અભિષેક'માં સીતાશોધ અર્થે ગયેલ હનુમાનનું લંકામાં આગમન, લંકાદહન, વિભીષણનું રામને શરણે આવવું અને રામનું અયોધ્યામાં પુનઃઆગમન સુધીની ઘટનાનો સમાવેશ થાય છે. આમ આ ચારેય નવલકથામાં વાલ્મીકિકૃત રામાયણનું કથાવસ્તુ પરંપરાગત રીતે આલેખવામાં આવ્યું છે પણ સર્જકને જ્યાં તક મળી ત્યાં ફેરફાર કર્યા જેને લીધે આ નવલકથા આસ્વાદ્ય અને રસપ્રદ બની છે.

'રામાવતાર' સિરિઝ અંતર્ગત નવનીત સેવક પાસેથી 'વનવાસ', 'સુવર્ણમૃગ' અને 'કિષ્કિંધા' એમ

ત્રણ નવલકથા મળે છે. સંભવ છે કે આ શ્રેણી અંતર્ગત ત્રણથી વધારે નવલકથા હોઈ શકે પણ હાલમાં પ્રાપ્ત નથી. આ કૃતિ કઈ સાલમાં લખવામાં આવી તેનો ઉલ્લેખ કૃતિમાં કરવામાં આવ્યો નથી કે પ્રસ્તાવના પણ આપવામાં આવી નથી. 'વનવાસ' નવલકથામાં શમ્બરાસુરના યુદ્ધમાં દશરથની સાથે સારથી બનીને કૈકેયી જાય છે ત્યાંથી લઈને દશરથના મૃત્યુ સુધીની ઘટના આલેખાઈ છે જ્યારે 'સુવર્ણમૃગ' નવલકથામાં દશરથના મૃત્યુથી રાવણ સીતાહરણ કરે છે ત્યાં સુધીની કથા આલેખવામાં આવી છે. આ શ્રેણીની 'ક્રિષ્કિંધા' નવલકથામાં સીતાહરણ, રામ-લક્ષ્મણ દ્વારા સીતાશોધના પ્રયાસ, રામ-હનુમાનનું મિલન, વાલી વધ, હનુમાનનું લંકામાં આગમન અને સીતા સાથે મુલાકાત સુધીના પ્રસંગો આવરી લીધા છે. આ નવલકથામાં લેખકે વાલ્મીકિકૃત રામાયણની મૂળ કથાને વફાદાર રહીને પોતાની શૈલીમાં પ્રસંગોચિત નિરૂપિત કર્યા છે. અહીં સર્જકે નાવિક તોષનું પાત્ર કાલ્પનિક રીતે રચીને નવલકથાને વધારે આસ્વાદ્ય બનાવી છે.

રામકથા આધારિત વિકાસરેખાના અંતિમ ચરણરૂપ નવલકથા કનૈયાલાલ જોષી પાસેથી 'કેસરક્યારી' મળે છે. આ નવલકથા કઈ સાલમાં લખાઈ તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. પણ સર્જકના સમય પરથી કહી શકાય કે આ આધુનિક યુગની નવલકથા હશે. સર્જકે સાત સર્ગમાં નવલકથાની રચના કરી છે. નવલકથાનો પ્રારંભ બાળ રામના તોફાનોથી થાય છે. ત્યાર બાદ વિશ્વામિત્ર યજ્ઞના રક્ષણાર્થે રામ-લક્ષ્મણને લેવા આવે છે. યજ્ઞ સમયે રામ સુબાહુનો વધ કરે છે, અહલ્યાનો ઉદ્ધાર, સીતા સ્વયંવર ઈત્યાદિ પ્રસંગો નિરૂપિત થયા છે. અહીં અહલ્યા અને સીતા પ્રાપ્તિનો પ્રસંગ વાલ્મીકિકૃત રામાયણથી જુદી રીતે રજૂ કરવામાં આવ્યો છે. આ નવલકથા પાછળ લેખકનો હેતુ સમકાલીન શિક્ષણ પદ્ધતિ દર્શાવવાનો છે. જેમાં વિશ્વામિત્રે રામને વેદ, ઉપનિષદ, વ્યાકરણ, કલાઓ, વગેરે વિદ્યા સાથે જીવન કેળવણીનું શિક્ષણ આપતા બતાવ્યા છે.

આમ ગુજરાતી સાહિત્યમાં રામકથા આધારિત સત્તર જેટલી નવલકથા પ્રાપ્ત થાય છે. આ સત્તર નવલકથામાંથી મોટાભાગની નવલકથા ઈ.સ. ૧૯૭૬થી ઈ.સ. ૨૦૦૩ દરમિયાન પ્રકાશિત થઈ છે. 'વનવાસ', 'સુવર્ણમૃગ', 'ક્રિષ્કિંધા' અને 'કેસરક્યારી' નવલકથામાં પ્રકાશનની સાલ આપવામાં આવી નથી, પણ તેના સર્જકના જીવનકાળ પરથી કહી શકાય કે તે આધુનિકયુગમાં લખાઈ હશે.

**સંદર્ભસૂચિઃ**


૧. ધરતીની પુત્રી, કિશનસિંહ ચાવડા, ઈ.સ. ૧૯૪૩, રવાણી પ્રકાશન ગૃહ, અમદાવાદ.

૨. રામે સીતાને માર્યા જો (ભાગ ૧થી ૪), પન્નાલાલ પટેલ, ઈ.સ. ૧૯૭૬, સાધના પ્રકાશન, અમદાવાદ.

૩. મહાદેવી સુમિત્રા, ગૌતમ શર્મા, ઈ.સ. ૧૯૭૮, સુમન પ્રકાશન, અમદાવાદ

૪. રઘુકુળતિલક શ્રીરામ (ભાગ ૧થી ૩) ,દક્ષિણકુમાર જોષી, ઈ.સ. ૧૯૮૧, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ.

૫. જય બજરંગ (ભાગ ૧થી ૨), નરહરિ દવે, ઈ.સ. ૧૯૮૩, પુનિત પ્રકાશન પ્રતિષ્ઠાન, અમદાવાદ

૬. જાનકી ઝૂરે વનવાસે, દક્ષિણકુમાર જોષી, ઈ.સ. ૧૯૮૬, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ

૭. પરમ માહેશ્વરી હે રામ!, ચંદ્રવદન મહેતા, ઈ.સ. ૧૯૮૭, રન્નાદે પ્રકાશન, અમદાવાદ.

૮. અભિનવ રામાયણ (ભાગ ૧ થી ૪), ગૌતમ શર્મા, ઈ.સ. ૧૯૯૧, રૂપાલી પબ્લિકેશન, અમદાવાદ.

૯. લંકાપતિ રાવણ, પ્રહ્લાદ બ્રહ્મભટ્ટ, ઈ.સ. ૧૯૯૬, શ્રી લક્ષ્મી પુસ્તક ભંડાર, અમદાવાદ

૧૦. અયોધ્યા વરદાન, વનવાસ, અને અભિષેક, પિનાકિન દવે, ઈ.સ. ૨૦૦૩, આર.આર. શેઠની કંપની, અમદાવાદ

૧૧. વનવાસ, સુવર્ણમૃગ અને કિષ્કિંધા, નવનીત સેવક, સાહિત્ય સંગમ, સુરત

૧૨. કેસરક્યારી, કનૈયાલાલ જોષી, રામ અવતાર ગ્રથાવલિ,



(એ/૨૩, સંતરામ સોસાયટી, ઝાયડસ હૉસ્પિટલની સામે, બાકરોલ રોડ, આણંદ. ફોનઃ ૯૯૨૫૩૩૫૦૭૮, ઈ-મેઈલઃ chandegrabhavesh26@gmail.com)

## શિક્ષણની પવિત્રતા જાળવીએ

**પ્રવીણ દરજી**

**(ચારુતર વિદ્યામંડળસંચાલિત આર.પી.ટી.પી. હાયર સેકન્ડરી વિજ્ઞાન પ્રવાહના ૩૮મા વાર્ષિકોત્સવના મુખ્ય મહેમાન તરીકે આપેલા વ્યાખ્યાનના અંશ અહીં પ્રસ્તુત છે.)**

પરમ આદરણીય ડૉ. સી.એલ. પટેલ, આચાર્યશ્રી સુથાર, મંચને શોભાવે તેવા મહાનુભાવો, સ્વજનો, મારી સામે બેઠેલા પ્રોફેસર મિત્રો, શિક્ષકમિત્રો અને જેને ખાસ, નાદુરસ્ત તબિયત હોવા છતાં મળવા આવ્યો છું તેવા મારા વિદ્યાર્થી દોસ્તો.

બરાબર ૧૦ વર્ષ પૂર્વે અહીં જ આવેલો. ૧૦ વર્ષ પૂર્વે ધો. ૧૧ અને ૧૨ના વિદ્યાર્થીઓને મળેલો. મને થયું કે ૧૦ વર્ષનું સરવૈયું કેવું છે તે જાતે જોઉં કેમ કે મારે આખા ગુજરાતમાં અને ગુજરાત બહારના વિદ્યાર્થીઓને મળવાનું બને છે. અહીં અહેવાલ વાંચ્યો અને ઈનામો લઈ ગયાં, ઈનામો મેળવીને આખા વર્ષની જે પ્રવૃત્તિઓ મેં સાંભળી ત્યારં લાગ્યું કે ૧૦ વર્ષમાં ઘણી બધી મજલ કાપી છે તે માટે સૌ મારા વિદ્યાર્થી દોસ્તો અને બહેનોને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. મને યાદ છે કે ૧૦ વર્ષ પૂર્વે અહીં શિક્ષણ ઉપર બોલેલો અને આજે આ કેમ્પસમાં આવ્યો ત્યારે ઘણા લોકોએ મને કહ્યું કે આ અમારા સી. એલ. પટેલ (...સાહેબ તરત હસી પડેલા) બીજા એક મિત્રએ કહ્યું એમાંથી થોડીક ઉક્તિ બોલેલો. મને લાગે છે કે વર્ષો પછી હું આવ્યો તે વખતે શિક્ષણની વાત કરેલી, આજે મારે વિદ્યાર્થીઓને કહેવું છે. શિક્ષણની વાત કરવાનું, બોલવાનું મારું ગજુ રહ્યું નથી. મારી બુદ્ધિને ત્યાં આગળ છેડો આવી ગયો છે. એટલા માટે હું શિક્ષણ વિશે વાત નહીં કરું. એક ગામડાનો માણસ ઝાડ નીચે બેઠો બેઠો કોઈ દુકાન ભાડે રાખી શકે તેટલા પૈસા નહીં, પણ છત્રી પર નામ લખ્યા કરતો હતો. છત્રી પર નામ લખતા લખતા પીછીમાં છેલ્લો બચેલો રંગ રહ્યો હોય તે પીછીનો રંગ ઝાડ પર ધોળી નાખતો, અને એમ કરતા કરતાં ઠીક ઠીક દિવસ સુધી તે કામ કરતો રહ્યો. છત્રી પર નામ લખે. બીજો કોઈ પેઈન્ટર કે કલાકાર નહીં. એક દિવસે તે પ્રદેશના શિક્ષણમંત્રી ત્યાંથી પસાર થયાં અને આ ચિત્ર જોયું તે એટલા બધા ખુશ થઈ ગયા કે આ કલાકારને હમણાં જ બોલાવો. આપણા રાજ્યમાં આવો કલાકાર રહેતો હોય અને દુનિયાના પિકાસો કરતાં પણ આવી મશહૂર કલાકૃતિ કરી શકતો હોય તો તેનું બહુમાન થવું જોઈએ. પછી તો તેને બોલાવ્યો તો તેણે કહ્યું કે માબાપ મારે ભાડે દુકાન જ નથી. આ તો પીંછીના લપેડા આમ તેમ મારું છું. તો કહે કે આ પ્રમાણેનું શિક્ષણ કરવું જોઈએ. એટલે હું એ રંગોને નથી ઓળખતો, કે નથી ચિત્રકારને ઓળખતો. એ શિક્ષણની અંદર શું તત્ત્વ છે? તેને પણ પામતો નથી. મેં હમણાં જ પટેલ સાહેબ જોડે વાત કરી કે આપણે કઈ દિશામાં જઈ રહ્યા છીએ? મારા વિદ્યાર્થીઓ માટે હું આવ્યો છું. મારા વિદ્યાર્થીઓ શિક્ષણ લે છે. શિક્ષકો ઉત્તમ પરિણામ લાવે છે અને પ્રસંગની શરૂઆતમાં આપે દીપ પ્રગટાવીએ છીએ. વેદમાં કહ્યું છે, अग्नेन सपथम् – હે અગ્નિ! તું અમારો સપથ કર. આ વેદના વચનથી શરૂઆત કરીએ છીએ. પછી ઘણા પ્રશ્ન આવે છે. કાં તો આપણે કોઈ પક્ષના બની જઈએ છીએ, કાં તો કોઈ વ્યક્તિના બની જઈએ છીએ. કાં તો કોઈ વિચારધારાના બની જઈએ છીએ, અને કાં તો કોઈ શિક્ષણ જેવા વ્યવસાયના વ્યવસાયી બની જઈએ છીએ અને આ બધા વચ્ચે જે શિક્ષણ છે, શિક્ષણ લેતો વિદ્યાર્થી છે એને અત્યારે એટલું જ લક્ષ્ય છે કે મારે પરીક્ષામાં પાસ થવું છે અને ૯૮-૯૯ ટકા લાવવા છે, કે જેથી આગળ કોઈ મુશ્કેલી ના પડે. એ તો વિચાર કરો કે જે શિક્ષણને કેવળ અને કેવળ ટકા ને ટકા સાથે જ જોડાતું હોય છે તે શિક્ષણની આવતીકાલ કેવી હશે? દુનિયાનું સર્વે એમ કહે છે કે બરાબર ૨૦૧૫માં ૧૪થી ૧૮ વર્ષના વિદ્યાર્થીઓ સૌથી વધુ ભારતમાં હશે એની સંખ્યા ૫૫%થી વધુ હશે. યાદ કરો કે ૨૦૧૫માં દેશમાં યુવાનોની સંખ્યા ૫૫% હોય અને ૫૫% સિવાય અમે બધા ૪૫%માં આવતા હોય તો ૨૦૧૫માં તમારા વિકલ્પો નહીં પૂરા પાડીએ અને ટકાને જ અમે ગણતર-ભણતર માનતા હોઈશું તો આ

બધી સંસ્થાઓનું ભવિષ્ય બહુ ઉજ્જવળ નથી. સેટ-બેક આવી રહ્યો છે. બી.એડ. અને પી.ટી.સી. કૉલેજો બંધ થઈ રહી છે અને બીજી ઘણી સેલ્ફ ફાઈનાન્સ્ડ કૉલેજો બંધ થઈ રહી છે. કારણ કે આપણા કેન્દ્રમાં આપણો વિદ્યાર્થી નથી. મારે કોઈ સરકાર સાથે નિસ્બત નથી અને સરકારે આ અગાઉ પાંચ વર્ષ પહેલાં વિચારવું જોઈતું હતું કે ૨૦૧૫માં આખી દુનિયામાં ભારત સૌથી વધુ યુવાનોનો દેશ હોય, ચીન પણ પછીના ક્રમે આવે છે. સૌથી યુવાન દેશ ૨૦૧૫માં ભારતમાં હશે, અને તમે આમાં હશો. ૨૦૧૫માં ૧૪થી ૧૮ વર્ષના ગણતરી પામેલા યુવક-યુવતીઓ હશે. એ યુવક-યુવતીઓને કોઈ વિધાયક, કોઈ રચનાત્મક, જીવનમૂલ્ય શિક્ષણ નહીં આપી શકીએ તો મને લાગે છે કે આપણે માટે એવા દિવસો આવશે – આજે તો આવી રહ્યા છે. બાપ એમ કહેશે કે મારો છોકરો માનતો નથી. છોકરી એની માનું કહ્યું માનતી નથી. શિક્ષક એમ કહેશે કે મારો તાસ કોઈ ભરતું જ નથી. ટ્યૂશનવાળા એમ કહેશે કે અમારે ત્યાં કોઈ જગ્યા જ નથી. બારીમાં છોકરા બેસે છે, આ વિપરીત પરિસ્થિતિ વિશે આપણે આત્મમંથન કરવું જોઈએ. આત્મમંથન બહુ મોટો શબ્દ વાપરું છું અને વિચાર કરવા જેવું આત્મમંથન કરવું જોઈએ. શિક્ષક હજાર પાદરીઓ કરતા મોટો છે. હજાર ધર્મગુરુઓ કરતા મોટો છે. તો શિક્ષક ક્યાં છે? અપવાદરૂપ શિક્ષકો જરૂર હશે અને વિદ્યાર્થીઓ ક્યાં છે કે દોડીને એની પાસે બેસે એટલે ત્યારે જે શિક્ષણ નાવ ચાલે છે જે ૩-૪ જગ્યાએથી નહીં પરંતુ અનેક જગ્યાએ કાણું થઈ ગયેલ છે અને બધા જ ડોલ ઉલેચી ઉલેચીને કહે છે કે નાવનું તળિયું બરાબર સાબૂત છે. બધા જ ડોલ લઈને ઉલેચે છે. પાણી અંદર ભરાઈ જાય, અને સાથે ડૂબી ન જઈએ તે માટે બધા હોશિયાર છે. બધા એક-એક ડોલ લઈ આને ઉલેચવા માંડો કે જેથી માણસને ખબર ન પડવી જોઈએ કે આપણી નાવ ડૂબી રહી છે. ડૂબી જતાં નાવને લીધે. મારા આવા યુવાનમિત્રો અને દીકરા-દીકરીઓ આ શિક્ષણ મળી રહ્યું છે, કે જે શિક્ષણ કેવળ ને કેવળ ટકા સાથે જોડીશું, જીવન સાથે નહીં જોડીશું તો કેટલા પ્રશ્નો ઊભા થશે? વિવેકાનંદની ૧૫૦મી જન્મજયંતી ઉજવીએ છીએ તે પ્રવેશદ્વાર પાસે મેં જોયું કે વિવેકાનંદનું એકદમ મનોહર રંગોળી પૂરીને ચિત્ર બનાવ્યું છે. એણે એવું કહ્યું કે Education is a manifestation of perfection. This is a man. જેમાં સોએ સો ટકા સ્રોતો છે. તે ખૂલવા લાગ્યા છે. perfection is a man આ સ્રોતો ખોલવાની વાત છે. ખોલી આપવાની વાત છે. ત્રણ-ચાર હજાર વર્ષ પાછળ જઈએ તો એક સંસ્કૃતની વાત આપણે ભૂલી રહ્યા છીએ. અગ્નિ શું છે? શિકાગોમાં જે વાત વિવેકાનંદ કરી કે હું ઉપનિષદને વારંવાર યાદ કરું છું – બે શબ્દોથી, શક્તિ... શક્તિ..., ઉર્જા... અગ્નિ... અગ્નિ..., આ શક્તિ શું છે? આ ઉર્જા શું છે? આ ચેતના શું છે? સાંજ પડે વહેલી સવારે પાંચ વાગે ટ્યૂશન પર ગયેલો વિદ્યાર્થી-વિદ્યાર્થિની સાંજે મોડા આવતાં તે ફાસ્ટફૂડ ખાઈ લેતો, પુસ્તકો એમ તેમ ફેંકતો, ટી.વી. જોતો. કાનમાં ખોસી બે ચાર ફિલ્મી ગીતો સાંભળે. દિવસ પૂરો કરી નાંખે. એની સામે કોઈ વિકલ્પ જ નથી આવતો. સગડી પાસે બેસીને, માબાપ અડધોકલાક બેસીને એક સિરિયલ જેટલો સમય, અમે આમ કરતા'તા. તું આમ કર, એના પરિણામો આવે. માબાપને લાગે... વિદ્યાર્થીને પણ લાગે કે બેલ પડી ગયો. શિક્ષણ પણ કહે કે આવતીકાલે પૂરું કરીશું. બેલ પડે. શિક્ષકને પણ એવું છે અને વિદ્યાર્થીને પણ એવું છે. આજ નહીં જઈએ તો ચાલશે. ટ્યૂશનમાં ભણીશું, અને અમો સંસ્થાઓ ખોલીને બેસનારા અમે તો માથાં જ ગણીએ છીએ કે કેટલો નફો થશે? ૫% સંસ્થાઓ હશે, ૫થી ૧૦% સંસ્થાઓ હશે. કારણ કે હું સર્વે કરતો રહું છું. હું તમારી પાસે એટલે આવ્યો છું. તમોને અભિનંદન આપવા આવ્યો છું. કે ૨૦૧૫માં કે તમે આખા દેશનું... યુવાન દેશનું નેતૃત્વ કરતા હશો. ત્યારે તમારી પાસે કોઈ વિકલ્પ નહીં હોય તો, આપણી શિક્ષણપ્રથા કોઈ વિકલ્પ નહીં આપી શકે, કારણ કે મેં કહ્યું કે આપણી નાવ કાણી છે. કોને કહીએ કે આપણી નાવ કાણી છે? હું સારો દેખાઉં એટલે નહીં, આઈએમએમ અને આઈઆઈટી મારી નજરમાં છે પણ એ કેટલા વિદ્યાર્થી છે? તમારામાંથી ૧૦% થશે તો ઘણું છે. કારણ કે વિવેકાનંદે કહ્યું કે મને માત્ર ૫૦ વિદ્યાર્થીઓ દેશ માટે જોઈએ છે. પ્રશ્ન એ છે કે તમારે જ કરવું પડશે. તમારા મસ્તક પર જવાબદારી આવી છે.

અમે નાના હતા, ભણતા હતા ત્યારે અમારા માબાપ અમોને બેસાડીને વાતો કરતા હતા. એ દિવસો તમારા નથી. અમારે ત્યાં ટ્યૂશન જ નહોતું અને ગાઈડો પણ ન હતી. હવે તમારા એ દિવસો નથી. અમે તો ખાલી બજારમાં શાક લેવા નીકળીએ

ત્યારે ૬૫ વર્ષનો પન્નાલાલ, ત્યારે તો ઘરડા માણસોને નોકરીએ રાખતા. એ મને જુએ કે હું શાક લેવા જતો ત્યારે કહેતા કે ક્યાં જાય છે? આપણે ઉપર આવતા રહો અને પછી આપણે વાત કરીએ. જો આ વડ્ઝવ તમારી બુક પર કવિતા લખે, એવો કવિ હતો. પછી કહે કે ચાલ આપણે બેત્રણ દાખલા ગણીએ. પૈસાની કોઈ વાત નહીં. ટ્યૂશન નહીં. શિક્ષકને રસ છે કે માત્ર મારા વિદ્યાર્થી સમરસ થઈ જાય મારે જ્ઞાનની ચેતનામાં સમરસ થઈ જવું છે. આ સમરસ ક્યાં છે? ચેતના સમરસ ક્યાં છે? એ થોડાક પાઠ્યપુસ્તકમાં સવાલોના જવાબો લઈ જાઉં છું. એની પાછળ ચૈતસિક લીલા ક્યાં છે? એ તમે જુઓ કે તમે વર્ગમાં જાઓ, કે વર્ગની બહાર જાઓ છો ત્યારે બંને તે વખતે ૯૦% વિદ્યાર્થીઓના ચહેરા હું નિસ્તેજ જોઉં છું. તમોને જે કામ સોંપ્યું છે, જે પિકચરો જોયા છે, કે હસવું તમે કેળવી લીધું છે, કેવી રીતે હસવું? હસીને પાછા બંધ થઈ જવું. કેળવેલું હાસ્ય છે. થોડોક પોશાક પણ એવો. તમે જુઓ તો કેટલાક રાજકારણી માણસો શોકાંજલિ આપવા ગયા હોય ત્યારે થોડીવારે ગદ્ગદિત થવાનો સમય આવે ત્યારે ગદ્ગદિત થઈ જાય અને પછી ખોંખારીને બોલે કે આવું કરવું પડે. કેળવાયેલી વૃત્તિથી શિક્ષણ નથી આવતું. અત્યારના એક મનોવૈજ્ઞાનિક કે માર્કસ રોજરે તો એમ કહ્યું કે This is me, છોકરો કે છોકરી એ કહેવું જોઈએ કે This is me.

ટાગોરે ૧૩ વર્ષની ઉંમરે પુસ્તક લખી નાંખેલું. તમે વિજ્ઞાનમાં જ ભણો પણ તેનો જીવનનો બીજો અર્ધો ગોળાર્ધ છે તે ગોળાર્ધને ન ભૂલાય. સંસ્કારનો અને સંસ્કૃતિનો છે, સાહિત્યનો છે, શબ્દનો છે. ડોલુપ ઝેકોસ્લોવેકિયાનો કવિ. મને લાગ્યું કે તે બેઝિકલી સાયન્સનો હતો. તે વૈજ્ઞાનિક ઘણોમોટો, ત્યારે મને લાગ્યું કે આ વૈજ્ઞાનિક કવિતામાં એક એક શબ્દ આવે છે. કોઈ પંક્તિમાં બે શબ્દ હોય, તો ઝીણવટથી એ શબ્દ મૂક્યો હોય કે બે શબ્દ હોય પણ જ્યારે વૈજ્ઞાનિક પાસે ઓબ્જેક્ટિવ નિતાંત વસ્તુલક્ષી. પછી મને ખબર પડી કે તે પેલા વૈજ્ઞાનિકે ટાગોરને કહ્યું કે અમે તે માર્ગે જઈએ છીએ. આઈન્સ્ટાઈન ઘણીવાર કહેવા કે હું વૈજ્ઞાનિક છું, પણ પ્રકૃતિથી કવિ છું, જ્યારે ટાગોર પ્રકૃતિથી કવિ છે, મનથી તેઓ વૈજ્ઞાનિક છે, પણ મિત્રો, આપને એક વાત કહેવા માંગું છું કે આપણે આપણા સમયમાં, તમે ગમે તે ફેકલ્ટીમાં જાવ, ગમે તે વિદ્યાધારામાં જાવ, ગમે તે વિદ્યાશાખામાં જાવ, પણ વિજ્ઞાનનું જીવનમાં ઉમેરણ કરો. આપણને કૃષ્ણની ગીતા હંમેશા કહેતી આવી છે કે જો ગીતા વાંચી હોય તો, મારું ચાલતું હોય તો તમોને ફરજિયાત ગીતા વંચાવડાવું, અને હું તમોને ગીતા ભણાવું. બીજો ભણાવે તે સારી જ હોય, પણ મને એ થાય છે કે જે કાંઈ સમજ્યો છું – અગડમ બગડમ. પણ મારે એ વિદ્યાર્થીઓને ગીતા ભણાવવી છે કે જેમાં વૈજ્ઞાનિક દૃષ્ટિ છે. છાપામાં મથાળાં આવે છે કે આજે આટલા આ થયાં. આટલાએ આપઘાત કર્યા, આટલા માણસોએ આ કર્યું. કારણે કે તે જીવનથી ઘણો દૂર નીકળી ગયો છે. હું તમારી વૈજ્ઞાનિક દૃષ્ટિ જીવનમાં ભેળવવાની અને જીવનમાં વિજ્ઞાનને ભેળવવાનું. ખાસ તો આ કહેવા આવ્યો છું કે તમારા જીવનમાં વિજ્ઞાન અને વિજ્ઞાનમાં તમારું જીવન ભેળવો. તે ૨૦૧૩ના વર્ષની તાતી જરૂરિયાત છે. તો એવો વિદ્યાર્થી, જેના ટકા ઊંચા આવશે, પણ તમે જીવનમાં ક્યારેય હારશો નહીં. જીવનમાં ક્યારેય પાછા નહીં પડો. ટકા વધારે લાવવાની જે હોડ બકી રહ્યા છો, અને જીવનમાં જે પાછા પડી રહ્યા છો એ બંનેને ક્યાં જોડશે એની મને ખબર નથી. થોડાક માણસો અભ્યાસક્રમની ચર્ચા કરતા હતા ત્યારે વાત લઈને આવ્યા કે શું કરવું જોઈએ? તમો કશું જ કરી શકવાના નથી, કરાણ કે તમારે ઉપરથી આદેશો આવે છે. જેને આત્મામાંથી આદેશ ન આવે તે માણસ કશું જ ના કરી શકે. આત્મામાંથી જે આદેશ આવતો હોય તે માણસ જ કરી શકે. ક્યાં ચાલ્યા? તો કહે કે ગાંધીનગર. કેમ? ઉપરથી આદેશ છે. ક્યાં ચાલ્યા? તો કહે અમદાવાદ, ઉપરથી આદેશ છે. કોનો છે? તો કહે કે ઉપરથી આદેશ છે. અલ્યા આદેશ ઉપરથી આવે કે અંદરથી. જેનો આત્મા જ જતો રહ્યો છે, અને ઉપરથી ઈતર આદેશો પર જીવે છે તેવા શિક્ષણના માણસો શું કરવાના? શિક્ષણ તો પવિત્રમાં પવિત્ર વ્યવસાય છે અને તેમાં તેટલો ગંદવાડ કરી મૂક્યો છે કે જેની કથા શરૂ કરું તો કલાકથી બે કલાક જતા રહે. પણ મારે તો ચિંતા છે ૨૦૧૫ની. જે દેશ મોટી મોટી વાત કરી શકે કે ૨૦૨૦માં આમ થશે અને ૨૦૩૦માં આમ થશે. સરસ, મને આનંદ થશે. તમારામાં જે શક્તિઓ છે, ઉત્તમ શક્તિઓ એ હું તમને હંમેશા ચેતનાના મોટા સ્રોતો વિશે કહું છું કે તમે કશુંક કરી શકશો. વિવેકાનંદે પણ એ જ કહ્યું છે

કે ૧૪થી ૧૮ વર્ષના યુવાનો જ કંઈક કરી શકશે અને અત્યારે જરૂર છે દેશને તમારી અંદરની તાકાતની.

ઘણી વાર વિવેકાનંદ કહેતા કે તમે ગીતા વાંચવા બેસો તો પહેલા ફૂટબૉલના મેદાન પાસે જઈ આવો અને મંદિરમાં જવાની વૃત્તિ થાય ત્યારે રમતગમતના મેદાનમાં જઈ આવો. પેલામાં ફૂટબૉલ શબ્દ વાપર્યો છે અને આમાં એમ કહ્યું કે રમતગમતના મેદાનમાં જઈ આવો. કેમ? મંદિરમાં ન જાવ. એમ નથી કહેતા કે ગીતા ન વાંચો તેમ નથી કહેતા પણ ગીતા અને મંદિરની સાથે જેને તમે ધર્મ માનો છો. આ ધર્મ તો કર્તવ્ય છે. આ ધર્મ એવો નથી કે પૂજાપાઠ કરવા. મારી દીકરી મને રોજ કહે છે કે મહાદેવનું પૂજન કરવું જોઈએ. મંદિરમાં આટલા વખત જવું પડે તો જા પણ પરિવર્તન શું આવ્યું? કારણ કે એ શું છે એ તે ભારતીય સંસ્કૃતિને પામી નથી. મંદિર શું છે? હું તેને વખાણું છું. હું કોઈનો દુશ્મન નથી. અથવા તો હું જૂનવાણી માણસ નથી. પણ એ જે દેશને ૩૦૦ વર્ષ થયા છે. કેમ બોલવું કેમ ચાલવું, નિપજાવી રહ્યા છે અને આ લોકો રામાયણ-મહાભારતના અભ્યાસ માટે બિલ્ડીંગો બનાવી છે. રામાયણ-મહાભારત ભણાવવા અહીંથી પ્રોફેસરો બોલાવે છે. આપણે એ વસ્તુ ભૂલી ગયા છીએ, અને આપણે એવો ઘાટ આપી દીધો છે કે આયાતી વસ્તુ જ ઘણી સારી. આ બહુ જ આયોજનપૂર્વકનું કાવત્રું છે એમ હું સમજું છું. આ ગપ્પાબાજી નથી. એક કાવત્રુ છે કે આ વેદ રામાયણ-મહાભારતનું શું છે એ જ કોઈને ખબર નથી અને શિક્ષકને પણ ખબર નથી. બી.એડ. ના એક પ્રોફેસર ગાઈડમાં વાચતા હશે કે જ્ઞાતમાંથી અજ્ઞાતમાં લઈ જાય તે શિક્ષણ. હવે પેલાને એમ થયું કે જ્ઞાત શબ્દ છે જ ક્યાં? બી.એડ.નો પ્રોફેસર જ્ઞાત અને અજ્ઞાત એ શબ્દનો અર્થ ન જ જાણતો હોય તે એના બી.એડ. એમ.એડ.ના વિદ્યાર્થીઓને જ્ઞાનમાંથી અજ્ઞાનમાં લઈ જાય. આ જ જો તેને શિક્ષણ કહેતો હોય તો મને લાગે છે કે કૂવામાં જ ખાલી થઈ ગયું હોય તો હવાડામાં ક્યાંથી આવે? જે અમેરિકા આપણો સેટઅપ લેવાને બદલે એનું આપણે લઈ રહ્યા છીએ. ત્યારે તો મારે વિદ્યાર્થીઓને એ કહેવાનું કે તમારા અભ્યાસક્રમમાં હોય કે ના હોય એ કેટલું ઉપયોગી થાય છે એ નક્કી કરીએ. પેલા વેદો-ઉપનિષદો શું છે? તેની થોડીક પ્રાથમિક માહિતી તો લો. ત્યારે તમને ખબર પડશે કે આ વિવેકાનંદ, ટાગોર કે આપણો ગાંધી એમ વારે વારે કહે છે કે શક્તિ... શક્તિ... શક્તિ.., અને હું પણ આજે ૧૦ વર્ષ પછી પણ એ જ કહેવા આવ્યો છું કે તમે આટલી બધી પ્રવૃત્તિઓ કરો છો. તમારામાં બધી જ શક્તિઓ છે. અહીં ડાન્સ જોયો ત્યારે મને લાગ્યું કે આ એક તરફ ભારતીય ડાન્સ છે પણ નૃત્યના આરંભમાં જે સંગીત હતું તેનો એક ટુકડો પશ્ચિમનો હતો. મારા કાનને ગમ્યું એટલે મેં માફ કરી દીધું. મેચ થતું ન હતું. શરૂઆતથી જ લગભગ મારી ૮૦ ક્ષણ એટલે ૮૦ સેકન્ડ વધારે તો નહીં. મિનિટ દોઢ મિનિટ જેટલું ને પણ થયું કે આ અહીં શું કામ લઈ આવ્યા. ના, આ કોમ્બિનેશન ખોટું નથી. કોમ્બિનેશન કાનને ગમે, હૃદયને સ્પર્શે પણ જીવનને વેડફી નાંખે. એ કોમ્બિનેશન ન ગમે. પણ મારું વક્તવ્ય પૂરું કરતા પહેલાં એ કહું છું કે તમે આવતી કાલની આજ છો. તમે વિચાર કરો પેલું લક્ષ્ય છે, એ લક્ષ્ય નથી. સંગઠન We I did not, But we did. અમારી ટીમે આ કામ કર્યું છે. તમારી પાસે એ ટીમવર્ક શરૂ કરો. તમે તમારા મિત્રોને પૂછો, તમે આ વાંચ્યું. આ વાંચ્યું. વધારે નહીં તો આટલા ઉપનિષદમાંથી દશ વાક્યો. બસ પછી તમારું એક સંગઠન હોવું જોઈએ. તમારું જે કોઈ છે તેનું એક સમર્પણ હોવું જોઈએ.

તમને ખબર છે કે સ્વાતિ નક્ષત્રમાં એક ખાલી છીપ દરિયામાં તળિયેથી છેક ઉપર આવે છે, તમે એ વિચાર્યું કે દરિયાને તળિયે બેસેલી છીપ, ઉપર આવે, સ્વાતિ નક્ષત્રમાં પેલું બુંદ પડે, તેને ઝીલી લે અને ઝીલતાં જ તે તળિયે બેસી જાય, અને તે ઉપર આવે જ નહીં. અને એ બુંદમાંથી મોતી પાકે. ત્યારે એ ઉપર આવે છે. તમારે એ સમર્પણ ભાવ કેળવવાનો, તમે સ્વાતિબુંદ બની રહ્યા છો. સ્વાતિબુંદ માટે તમારા ચિત્તને, હૃદયને તૈયાર રાખો, એ સ્વાતિબુંદ આવે એને ઝીલી લો, અને તળિયે બેસી જાવ. કોઈને ખબર પણ ન પડે કે તમે કયા સ્થાને છો? છેક તળિયે જઈને થોડોક વિરામ લો, અને જેટલો સમય લેવા દો. પછી જ્યારે મોતી પાકે ત્યારે મને લાગે છે કે ૨૦૧૫માં એવા મોતી લઈને આવો. હજુ ૩ વર્ષ બાકી છે, જોવો પડે કે આ એ છોકરો છે.

અને, ચોથી વાત, જે કરી તે અને સૌથી મોટી વાત ચોથી વિવેકાનંદે કરી તે આત્મબળની, હું નમાયો

છું, નબળો છું, મારી સામે કોઈ ધ્યાન આપતું નથી. મારું કોઈ ધ્યાન રાખતું નથી, શિક્ષકો પણ નહીં. પેલા છોકરાને વધારે મહત્ત્વ આપે છે, મને આપતા નથી, આ મનમાંથી કાઢી નાંખો. શિક્ષકને શું કરવું? તે જાણે, મંડળને શું કરવું? તે જાણે. તમે નક્કી કરો કે હું જેવો છું તેવો, જેવી છું તેવી, ઈશ્વરે મને આપી છે, ઈશ્વરના દરબારમાં ઘડતી વખતે કોઈ પક્ષપાત નથી હોતો. એ દરેકને જ્યારે ઘડે છે, ત્યારે છેલ્લી વખત નક્કી કરે છે કે હું શક્તિ તો દરેકને આપીશ જ. કોઈક ને કોઈક રીતે, પણ આપીશ. કોઈ વિદ્યાર્થી શક્તિવિહોણો નથી હોતો. કોઈકમાં સાહિત્યની શક્તિ હોય છે, કોઈકમાં વિજ્ઞાનની શક્તિ હોય છે. એ પ્રકારની શક્તિને ઓળખી લો. તે આત્મબળથી તમે કામ કરો, મને લાગે છે કે રસ્તે જતા અમારા જેવા માણસોને ખબર પડશે કે આ તો ફલાણાનો દીકરો કે ફલાણાની દીકરી. ઘણો હોશિયાર છે. જાતે મહેનત કરીને આગળ આવ્યો. શિક્ષકો તો નહીં. એકલવ્યની જેમ તે ભણ્યો. આવું આત્મબળ જોઈએ. લક્ષ્ય તમારી પાસે હોય, સમર્પણ હોય, સંગઠન હોય, આત્મબળ હોય, આ વિજ્ઞાનના વિદ્યાર્થી પાસે વધુમાં વધુ હોય, હોવું જોઈએ. એટલે મારે મારું તપ ઓછું પડે. એટલે મારા દીકરા-દીકરીઓને કહું છું કે હું તો તમારી પાસેથી કાંઈક પ્રાપ્ત કરવા આવ્યો છું. કદાચ કાલે ઠપ થઈ જાઉં, અને પાછો જન્મું, તો ૨૦૧૫માં તમે શું કર્યું? તે હું મોટો થતો જઈશ ત્યારે જોઈશ ને કે, એટલે કે ગર્ભમાં એ સંસ્કાર ઝીલવા તમારી પાસે આવ્યો છું. અને વિજ્ઞાન તો એ કહે છે કે ગર્ભમાં ઝીલાયેલ સંસ્કારો એક મોટી બાબત છે. તો આપ સૌ જો યાદ રાખો તો, આપ સૌમાં એક ઈશ્વર બેઠો છે. આપ સૌ એનો અનાદર ના કરો. હું નકામી છું. હું નકામો છું. મને આવડતું નથી. આપ સૌના હૃદયમાં ઈશ્વર બેઠેલો છે, અને એ ઈશ્વરને આજે પગે લાગવા આવ્યો છું. સૌના એ ઈશ્વરને હું પ્રણામ કરું છું, અને આપ સૌ ધો. ૧૧-૧૨ના વિદ્યાર્થીઓ ઉત્તમ પરિણામો લાવો, ઉત્તમ વ્યક્તિ બનો અને ઉત્તમ દેશભક્ત બનો.

(ફુવારો, લુણાવાડા, જિ. પંચમહાલ.
મો.: ૯૮૨૫૩૫૬૫૫૧)

## લેખ સામગ્રી અને ગ્રંથાવલોકન

ચારુતર વિદ્યામંડળના પ્રતિષ્ઠિત મુખપત્ર 'વિ-વિદ્યાનગર' માટે લેખસામગ્રી સહિતની મૌલિક રચનાઓ તંત્રીશ્રીના સરનામે પાઠવવા સાહિત્ય-સાહિત્યેતર ક્ષેત્રના કલમકશો અને સંશોધકોને ભાવભીનું ઈજન છે. આપને ખાસ વિનંતી એ કરવાની કે આપની અન્યત્ર પ્રકાશિત ના થયેલી અથવા ના પાઠવેલી મૌલિક કૃતિનું મૂળ લખાણ જ પાઠવવું અથવા ટાઈપ થયેલી નકલ હોય તો તેની સાથે સાથે પત્રનોંધમાં 'વિ-વિદ્યાનગરને પાઠવેલી કૃતિ/લેખ અન્ય કોઈ સામયિક/પ્રકાશનમાં પ્રકાશિત થયેલી નથી' એવી બાંહેધરીની નોંધ અચૂક મૂકવી. આ સિવાયની લેખ/કૃતિ કે અન્ય સામગ્રી પ્રકાશન માટે સ્વીકારવામાં નહીં આવે. 'વિ-વિદ્યાનગર'માં ગ્રંથાવલોકન ઈચ્છુક પ્રકાશકો-સર્જકોએ નવપ્રકાશિત ગ્રંથની બે નકલ તંત્રીના નામે પાઠવવી અનિવાર્ય છે.

### વાચક પ્રતિભાવ

'વિ-વિદ્યાનગર' સામયિક હવે ચારુતર વિદ્યામંડળની વેબસાઈટ www.ecvm.net પર જાન્યુઆરી-૨૦૧૦થી મૂકાય છે. સામયિકના ગ્રાહકો-વાંચકોના પ્રતિભાવો, સૂચનો અને અન્ય પ્રકાશનયોગ્ય સામગ્રી માટે પણ નિયમિત રીતે જગ્યા ફાળવાશે. તમારા પ્રતિભાવો ગુજરાતી, હિંદી કે અંગ્રેજીમાં પાઠવવાની મોકળાશ અનુભવશો.

તમે ઈમેઈલઃ editor.vidyanagar@gmail.com પર પણ પાઠવી શકો છો.

# કાર્બન ચક્ર અને આપણાં જંગલો

**રીટા એન. કુમાર**

વાતાવરણમાં થતા વૈશ્વિક ફેરફારો જ્યારે આજે આંતરરાષ્ટ્રીય કક્ષાએ ચર્ચાનો મુદ્દો બન્યા છે ત્યારે તેમાં એક મહત્ત્વનો મુદ્દો છે વાતાવરણમાં 'ગ્રીન હાઉસ ગેસીસ' જેવા કે કાર્બન ડાયોક્સાઈડ, મીથેન, ક્લોરો-ફ્લોરો-કાર્બન વગેરેનું ભળવું. આમાં મુખ્યત્વે જો કાર્બન ડાયોક્સાઈડની વાત કરીએ તો કાર્બન ડાયોક્સાઈડ સૂર્યકિરણોમાંથી આવતા પારજાંબલી કિરણો શોષી તેનું ગરમીમાં રૂપાંતરણ કરે છે. આમ તો વાતાવરણમાં ઓઝોન ગેસનું જે આવરણ આવેલું હોય છે જે પારજાંબલી કિરણોને રોકવાનું કાર્ય કરે છે. આમ છતાં ઘણા પારજાંબલી કિરણો પૃથ્વીના વાતાવરણ સુધી પહોંચે છે. વાતાવરણમાં વધી રહેલું કાર્બન ડાયોક્સાઈડનું પ્રમાણ વધુ ને વધુ પારજાંબલી કિરણો શોષી તેનું ગરમીમાં રૂપાંતરણ કરે છે અને આથી પૃથ્વીના તાપમાનમાં વધારો થાય છે.

આટલો બધો કાર્બન ડાયોક્સાઈડ વાતાવરણમાં ભળે છે શી રીતે? સામાન્ય રીતે વનસ્પતિઓ પ્રકાશ સંશ્લેષણની ક્રિયા દ્વારા કાર્બન ડાયોક્સાઈડનું શર્કરામાં રૂપાંતર કરે છે અને સંગ્રહિત કરે છે પરંતુ જો જંગલોનો નાશ કરવામાં આવે, તેમનું દહન કરવામાં આવે તો આ સંગ્રહાયેલ કાર્બન ડાયોક્સાઈડ વાતાવરણમાં મોટા પ્રમાણમાં ભળે છે અને પૃથ્વીના તાપમાનમાં વધારો કરે છે.

જંગલોમાં વનસ્પતિ દ્વારા પ્રકાશ સંશ્લેષણની ક્રિયા દ્વારા જે કાર્બન ડાયોક્સાઈડ શર્કરામાં રૂપાંતરિત થાય છે જેનો ઉપયોગ વનસ્પતિ તેના માટે જરૂરી એવા કાર્બોદિત તત્ત્વો અને વાર્ધક્યની ક્રિયા માટે જરૂરી એવાં તત્ત્વો બનાવવામાં કરે છે. જ્યારે આ વનસ્પતિ નાશ પામે ત્યારે જમીનમાં રહેલા સૂક્ષ્મ જીવાણુઓ જેને આપણે 'વિઘટકો' કે 'રૂપાંતરકો' તરીકે ઓળખીએ છીએ. તેઓ આ વનસ્પતિમાં રહેલ કાર્બનનું કાર્બન ડાયોક્સાઈડમાં રૂપાંતરણ કરે છે. પરંતુ સૂક્ષ્મ જીવાણુઓ દ્વારા થતી આ પ્રક્રિયા ખૂબ જ ધીમી હોવાથી વાતાવરણમાં કાર્બન ડાયોક્સાઈડનું પ્રમાણ અચાનક વધી જતું નથી. પરંતુ વનસ્પતિના વિવિધ અવશેષોનું જો દહન કરવામાં આવે તો ખૂબ જ ઝડપથી વાતાવરણમાં કાર્બન ડાયોક્સાઈડનુનં પ્રમાણ વધે છે જે અંતે 'ગ્લોબલ વૉર્મિંગ'માં પરિણમે છે.

જંગલોમાં મુખ્યત્વે બે પ્રકારની વનસ્પતિઓ જોવા મળે છે એક એવા પ્રકારની વનસ્પતિ જે દર વર્ષે નાશ પામે અને વિઘટિત થાય બીજા શબ્દોમાં કહીએ તો એક વર્ષમાં તે આખું જીવનચક્ર પૂર્ણ કરે, જ્યારે બીજા એવા પ્રકારની વનસ્પતિઓ કે જેમનું જીવનચક્ર ઘણું લાંબું હોય અને તેઓ જ જંગલનો મોટા ભાગનો હિસ્સો ધરાવતા હોય છે અને આથી જ ત્યાંના વાતાવરણમાં કાર્બનનો મોટા ભાગનો હિસ્સો આવી વનસ્પતિઓ દ્વારા સંગ્રહિત થયેલો હોય છે. પૃથ્વીના કાર્બન ચક્રનું આ જ હાર્દ છે કે જ્યારે વનસ્પતિમાં વાર્ધક્યની ક્રિયા થાય ત્યારે કાર્બન સંગ્રહિત થાય અને જ્યારે વનસ્પતિ નાશ પામે ત્યારે આ જ કાર્બન, કાર્બન ડાયોક્સાઈડના સ્વરૂપે વાતાવરણમાં ભળે. ઉપરોક્ત કારણોસર જંગલોમાં સંગ્રહિત થતા કાર્બનનું પ્રમાણ વનસ્પતિના વાર્ધક્ય તેમ જ તેના વિઘટનના દર ઉપર આધારિત હોય છે.

એવું જરૂરી નથી કે વનસ્પતિઓના અવશેષોના વિઘટનથી ફક્ત કાર્બન ડાયોક્સાઈડ ઉત્પન્ન થઈને વાતાવરણમાં ભળે છે. વનસ્પતિના અમુક તત્ત્વો એવા હોય છે કે જેમનું સંપૂર્ણ વિઘટન થઈ શકતું નથી. દા.ત. લિગ્નીન જે સ્થૂલ સ્વરૂપે વનસ્પતિઓની જલવાહક પેશીઓમાં રહેલું હોય છે. આવાં તત્ત્વો જમીનમાં કાર્બન સ્વરૂપે ભળે છે અને જમીનની ફળદ્રુપતામાં વધારો કરે છે. જે ફરીથી વનસ્પતિઓમાં મૂળ તેમ જ અન્ય અંગોના વિકાસમાં સહાયરૂપ થાય છે.

જંગલો બે મહત્ત્વનાં કાર્યો કરે છે. એક તો તેઓ પૃથ્વીમાં અન્યત્ર ઉત્પન્ન થયેલા કાર્બન ડાયોક્સાઈડને કાર્બનના સ્વરૂપમાં વહન કરવાનું કાર્ય કરે છે. જ્યારે બીજું, તેઓ કાર્બનના સંગ્રહિત સ્રોત તરીકે પણ વર્તે છે. એવા જંગલો જેમાંની વનસ્પતિ તેમના

જીવનચક્રના ઉન્નત સ્થાને હોય છે ત્યારે તેમની ગીચતાના સમપ્રમાણમાં તેઓ કાર્બન સંગ્રહિત કરી શકે છે. કારણ કે આ સમયે વાર્ધક્યની ક્રિયા માટે તેમને વધારે ને વધારે કાર્બનની જરૂર હોય છે એથી ઊલટું, જો જંગલની વનસ્પતિઓ તેમના જીવનચક્રના અંતિમ પડાવમાં હોય તો તેમની કાર્બન માટેની જરૂરિયાત ઓછી હોવાથી તેઓ વધુ કાર્બન સંગ્રહિત કરી શકતા નથી. ઉપરોક્ત બાબતને જો ધ્યાનમાં લઈએ તો જંગલોની વનસ્પતિનું જો યોગ્ય નિયમન કરવામાં આવે તો જંગલોની કાર્બન સંગ્રહ કરવાની ક્ષમતામાં વધારો કરી શકાય છે. આ અંગે નીચેના મુદ્દાઓ વિશે વિચારી શકાય.

### ૧) જંગલોનું વિસ્તરણઃ


વધુમાં વધુ વૃક્ષોના વાવેતર મારફતે બને એટલી જગ્યાએ એકમ ક્ષેત્રફળ દીઠ તેમનું વાવેતર વધારવામાં આવે તો જંગલોનું વિસ્તરણ થશે. એવા વિસ્તારો જ્યાં કાર્બન ડાયોક્સાઈડ ખૂબ પ્રમાણમાં ઉત્પન્ન થાય છે જેવા કે શહેરી વિસ્તારો, ઔદ્યોગિક વિસ્તારો વગેરેની આસપાસ આ પ્રકારના વિસ્તરણથી ક્રાબનના સંગ્રહની ક્ષમતા વધારી શકાય.

### ૨) જંગલોની ગીચતા વધારી શકાય

જંગલોનો નાશ થતો અટકાવી અને તેમનું યોગ્ય નિયમન કરીએ તો વનસ્પતિની ગીચતામાં વધારો થશે. જીવનચક્રના શરૂઆતના અને અંતિમ પડાવમાં રહેલી વનસ્પતિઓ વચ્ચેની સમતુલા કાર્બન સંગ્રહની પ્રક્રિયાને ઉત્તેજે છે.

### ૩) વરસાદી જંગલોને બચાવવા માટેનું અભિયાન ચલાવીને

છેલ્લા ઘણા વર્ષોથી ઔદ્યોગીકરણને કારણે વરસાદી જંગલોનું નિકંદન નીકળી રહ્યું છે. પરંતુ આ મુશ્કલીના હલ માટે સરકાર તેમ જ સ્વયંસેવી સંસ્થાઓના સહયોગને કારણે છેલ્લા બે દાયકાથી આવા વરસાદી જંગલોની સંખ્યા અચળ રહેવા પામી છે. આમ છતાં, ઘણી વખત સરકાર પોતે જ આવા જંગલોનો નાશ કરવા વિવિધ એજન્સીઓને અલાયદા લાભો તેમજ



અનુદાન આપતી હોય છે, જેથી કરીને અમુક પ્રકારની ખેતી કે ઉદ્યોગને પ્રાધાન્ય આપી શકાય. આ વખતે કાર્બન સંગ્રહના મુદ્દાને સદંતર અવગણવામાં આવે છે.

### ૪) વનસ્પતિજન્ય ઉત્પાદનો મારફતે કાર્બનનું દહન અટકાવવું

વનસ્પતિજન્ય લાકડાનો આપણે ઘણી બધી જગ્યાએ ઉપયોગ કરીએ છીએ જેમ કે મકાન બનાવવામાં, ફર્નિચર બનાવવામાં તેમ જ અન્ય ઉત્પાદકોની બનાવટ માટે આપણે વનસ્પતિજન્ય લાકડાનો ઉપયોગ કરીએ છીએ જે અંતે કાર્બન સંગ્રહનો જ એક પ્રકાર છે અને કાર્બન સંગ્રહના સ્ટોકમાં વધારો કરે છે, અને આથી જ તેઓ દહન અને અન્ય પ્રક્રિયા મારફતે કાર્બન ડાયોક્સાઈડના સ્વરૂપમાં વાતાવરણમાં ભળતા અટકે છે.

ઉપરોક્ત સંદર્ભે સાચા અર્થમાં લીધેલાં પગલાં ભવિષ્યની પેઢીને ગ્લોબલ વૉર્મિંગના ખતરાથી બચાવી શકે તેમ છે. જરૂર છે તો ફક્ત જંગલો પ્રત્યે સંવેદનશીલ અને જાગૃત થવાની તેમજ જંગલો સાથે સહજીવનની કુશળતા કેળવવાની.

(હેડ, ડિપાર્ટમેન્ટ ઓફ બાયોસાયન્સ એન્ડ એન્વાયરમેન્ટલ સાયન્સ, એન.વી. પટેલ કૉલેજ ઑફ પ્યોર એન્ડ એપ્લાઈડ સાયન્સીઝ-એનવીપાસ, વલ્લભવિદ્યાનગર. ફોનઃ ૦૨૬૯૨-૨૩૫૫૦૦)

## આયુર્વેદનું હૃદય – પંચકર્મ

**અમીતા વ્યાસ**
**એ.આર.વી. મૂર્તિ**

આયુર્વેદ ચિકિત્સા પ્રાચીન સમયથી ચાલતી એક નિર્દોષ ચિકિત્સા છે. આયુર્વેદ ચિકિત્સા અંતર્ગત પંચકર્મ ચિકિત્સા એ આયુર્વેદનું અર્ધાંગ તરીકે ઓળખાય છે.

પંચકર્મ ચિકિત્સા એ એક આયુર્વેદનું અદ્‌ભુત ક્ષેત્ર છે. 'પંચકર્મ' વગર આયુર્વેદ અધૂરું છે. જેવી રીતે પાયા વગર ઈમારત ન બની શકે તે રીતે પંચકર્મ વગરના આયુર્વેદનું વિચારવું અશક્ય છે.

તમામ પ્રકારના જટિલ રોગોની સારવાર પંચકર્મ પદ્ધતિથી કરવામાં આવે તો તમામ રોગોને જડમૂળથી દૂર કરી શકાય છે. શાસ્ત્રાનુસાર પંચકર્મ એ પાંચ કર્મોથી બનેલું છે.

૧) વમન, ૨) વિરેચન, ૩) નસ્ય, ૪) બસ્તિ, ૫) રક્તમોક્ષણ.

ઉપરોક્ત પાંચ પ્રકારનાં કર્મ શરીરની પ્રકૃતિ તેમજ શરીરનાં વાત, પિત્ત અને કફ દોષાનુસાર કરાવવામાં આવે છે. સ્વસ્થ વ્યક્તિમાં કફજ પ્રકૃતિમાં વસંત ઋતુમાં વમન, પિત્તજ પ્રકૃતિમાં શરદઋતુમાં વિરેચન, અને વાતજ પ્રકૃતિમાં વર્ષાઋતુમાં બસ્તિ પ્રયોગ કરવામાં આવે છે.

રોગીને તેની પ્રકૃતિ અને રોગાનુસાર ઉપરોક્ત પંચકર્મ કરવામાં આવે છે.

ઉપરોક્ત પંચકર્મ નીચે પ્રમાણે જુદાં જુદાં રોગોમાં કરવામાં આવે છે જેમ કે,

– વમનઃ કફનાં રોગો જેવાં કે ઉધરસ, શરદી, ચામડીનાં રોગો, પેટનાં રોગો,

– વિરેચનઃ લકવો, ચામડીનાં રોગો, એસિડીટી, પેટનાં રોગો, માસિકની અનિયમિતતા, સ્થૂળતા (જાડાપણું)

– બસ્તિઃ વાયુને લગતાં તમામ પ્રકારનાં રોગો, જૂની કબજિયાત, સાંધાના દુઃખાવા

– નસ્યઃ જૂની શરદી, માથાનો દુઃખાવો, પ્રસૂતા સ્ત્રીને, ઉધરસ, કફજન્ય રોગો, મોંઢાનો લકવો જેવા તમામ રોગોમાં.

– રક્તમોક્ષણઃ ચામડીનાં રોગો, વાના રોગો, આમવાત, વાતરક્ત વગેરે રોગોમાં

ઉપરોક્ત રોગાનુસાર જે પંચકર્મ અલગ-અલગ રોગોમાં નિર્દેશ કરવામાં આવ્યા છે તે વૈદ્ય પોતાના અનુભવ અનુસાર તે પંચકર્મ અલગ-અલગ રોગોમાં રોગી અનુસાર કરાવી શકે છે.

પંચકર્મ, અંતર્ગત મુખ્ય પંચકર્મ સિવાય પૂર્વકર્મ રૂપે સંપૂર્ણ શરીરે માલિશ અને શેક તેમજ શાસ્ત્રમાં બતાવેલા વાલુકા, લવણ જેવા વિવિધ પ્રકારનાં શેક પણ સામાન્ય રીતે શરીરના દુઃખાવામાં, સાંધાના દુઃખાવામાં, જાડાપણામાં મદદરૂપ થાય છે.

આ ઉપરાંત, પંચકર્મ અંતર્ગત આવતી શિરોધારા ચિકિત્સા માનસિક રીતે શાંતિ માટે, માનસને લગતા તમામ પ્રકારનાં રોગો, વાળ ખરવા, અકાળે વાળ ધોળા થવા જેવા તમામ પ્રકારના રોગોમાં ફાયદો કરે છે.

પંચકર્મ ચિકિત્સા એ આયુર્વેદની અંતર્ગત અદ્‌ભુત અને અનોખી ચિકિત્સા છે. સ્વસ્થ મનુષ્યે વર્ષમાં એકવાર નિરોગી રહેવા માટે ઋતુ અનુસાર વમન, વિરેચન, બસ્તિ જેવી પંચકર્મ ચિકિત્સા કરાવવી જોઈએ. પંચકર્મ ચિકિત્સા વૈદ્યના નિર્દેશાનુસાર જ કરાવવી જોઈએ.

(એસ.જી. પટેલ આયુર્વેદ હૉસ્પિટલ એન્ડ મેટરનીટી હૉમ,
ન્યૂ વલ્લભ વિદ્યાનગર. ફોનઃ ૦૨૬૯૨-૨૩૫૦૫૧)

## ‘વિ’ ના મે – અંક વિશે

**નરોત્તમ પલાણ**

છેલ્લા સમયથી ‘વિ’ ઉત્તરોત્તર પ્રૌઢી ધારણ કરી રહ્યાનું અનુભવાય છે. મે-૨૦૧૩નો અંક, ખાસ તો એના ‘અભ્યાસ’ અને ‘સંશોધન’ લેખો, આપણા સ્વાધ્યાયની પરંપરા નિરંતર રહી હોવાનો સુખદ અનુભવ કરાવે છે. હા, અમને એમ લાગે છે કે ભલે ધીરે ધીરે પણ આપણે આપણા યુવા અધ્યાપકોને વધુ ને વધુ ઊંડા પાણીમાં લઈ જવાના રહે છે. કલ્પના રહીમ ગુજરાતનાં જૂનાં બંદરો ગણાવે ત્યાં આપણે પ્રશ્ન કરવા જેવો છે કે ‘બગસરા’ નામનું બંદર ક્યાંય છે? કવિતા કથાના સામયિકોના તંત્રી/સંપાદક કરતાં આપણો – શૈક્ષણિક સાહિત્યિક શોધ સામયિકોના તંત્રી/સંપાદકનો ધર્મ એક વધારાની ‘શિક્ષક દૃષ્ટિ’ની અપેક્ષા પણ રાખતો હોય છે એવો તંત્રી/સંપાદક પોતાના યુવાધનને સતત કેળવતો રહે છે. અભ્યાસીએ ગુજરાતના પ્રાચીન બંદરોનાં નામો આપ્યાં એમાં ‘ભરૂચ’ નથી તો ‘પ્રાચીન’માં ભરૂચ કેમ નથી? એવો પ્રશ્ન એની વિચારણામાં આપણા તરફથી પડવો જોઈએ. ‘આ પછીના સમયમાં ભરૂચ‘ એટલે શું? શું સૂરત અને ભરૂચનો આરંભ એક સમયે છે? એક જ પૃષ્ઠ ઉપર એકવાર ‘કન્ટાસી’ અને બીજીવાર ‘કુન્ટાસી’ યોગ્ય છે? ‘મોગલ કાળ’ એટલે ‘ઈ.સ. ૧૨૦૬’? તંત્રી/સંપાદકનું શરીર વૃદ્ધ હોય તે ચાલે પણ એની ‘જિજ્ઞાસા’ તો ચિરયુવા હોવી ઘટે. ‘અભ્યાસ’ પાસે ચાર આંખો હોય છે. સામે જે છે તે જોવા માટે બે, ત્રીજી ભૂત અને ચોથી ભવિષ્ય માટે.

• • •

‘સંશોધન’ એટલે વિશેષ શોધન. એમાં પ્રથમથી આજ સુધીના સંદર્ભો અનિવાર્યપણે તપાસવાના હોય છે. પારુલટીના આ કામ કરે છે, જ્યારે મકવાણા આ કામ કરતા નથી. ‘ભગવાનલાલ ઈન્દ્રજી’ માટે આપણે ‘સમીપે’ના ૨૦૦૯ના અંક સુધી પહોંચ્યા તો આગળના ઝવેરીલાલ યાજ્ઞિક, બ.ક. ઠાકોર, ઉમાશંકર જોશી વિશે કેમ કશો જ નિર્દેશ નહિ? પ્રથમ થરને અવગણીને બીજા-ત્રીજા થરના સંદર્ભો ‘સં-શોધન’ માટે ઘાત બની રહેવા સંભવ છે. અહીં એવું થયું છે. ‘ભગવાનલાલનું મોટાભાગનું પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ સૂરત અને ભરૂચમાં થયું હતું.’ (પૃ. ૯) આવું વિધાન કયા આધારે થયું હશે?

ભગવાનલાલ ઈન્દ્રજી વિશેના સંશોધન લેખના મથાળે નામ વિના મુકાયેલી બે તસવીરોને આપણા કેટલા યુવા અધ્યાપકો ઓળખી શકશે? લેખની નીચે ભગવાનલાલના છપાયેલા લેખોમાં ‘પ્રાચીન નાગરી અંકવિદ્યા’ એ મૂળના લેખનો નિર્દેશ નથી અને તે લેખના બ્યૂલરે કરેલા અંગ્રેજી અનુવાદનો તથા ભગવાનલાલના લેખ ઉફરની બ્યૂલરની નોંધનો, જે આખો લેખ બ્યૂલરનો છે તેનો ઉલ્લેખ છે. આવી અશાસ્ત્રીયતા આપણા યુવામિત્રોના ધ્યાન ઉપર આપણે મૂકવી જોઈએ. હા, સંદર્ભસૂચિની શાસ્ત્રીયતા પણ ત્યારે જ સચવાય જ્યારે ‘વૈદિક વાङ्मय में नारी’ એમ ગ્રંથ નામ અવતરણમાં અને બાજુમાં પ્રથમ આવૃત્તિનું વર્ષ આપવામાં આવ્યું હોય. આ શિસ્ત છે. આ અંકના યુવા અભ્યાસી વાચકોએ આ તફાવત ખાસ નોંધવા જેવો છે કે અહીં ‘રિસર્ચ’ હેઠળ મૂકાયેલા અંગ્રેજી લેખમાં સૂચિની શાસ્ત્રીયતા બરાબર સચવાયેલી છે. પ્રથમ આવૃત્તિના વર્ષ સાથે પુનર્મુદ્રણનું વર્ષ પણ મોનિકાએ મૂક્યું છે! આની સામે સંસ્કૃતિ વિશેના ‘સંશોધન’માં બધું જ અદ્ધરતાલ! સૂચિમાં એક પણ ગ્રંથનો કાળનિર્દેશ નથી. (પૃ. ૩૩)

અસ્તુ, સંશોધક હસમુખ મકવાણા, મોનિકા શર્મા, માનસિંહ ચૌધરી, પારુલટીના દોશી અને અભ્યાસી કલ્પના રહીમ માલવત સાથે ‘વિ’ના તંત્રી/સંપાદકોને અભિનંદન. ભલે ક્ષીણ પ્રવાહે પણ તમે સૌ આપણા અતીતને પ્રવાહિત રાખતા આદરપાત્ર વિદ્યાવંતો છો. સાધુવાદ સાથે–

૫ મે ૨૦૧૩, રવીન્દ્ર જયંતી

(૩, વાડીપ્લૉટ, પોરબંદર – ૩૬૦ ૫૭૫,
ફોનઃ ૦૨૮૬-૨૨૪૭૭૦૭)

# સોળે કળાએ ખીલ્યું કન્યાશિક્ષણ

પારુલટીના દોશી

(શિક્ષણમહર્ષિ ડૉ. સી.એલ. પટેલના વડપણ હેઠળના ચારુતર વિદ્યામંડળે ભારતીય મહિલા વિશ્વકોશ તૈયાર કરવાનું ભગીરથ કાર્ય હાથ ધર્યું છે. આ પ્રકલ્પ હેઠળ વેદકાલીન સ્ત્રીઓ વિશે સંશોધનકાર્ય શરૂ થઈ ચૂક્યું છે. અહીં વૈદિક યુગની સ્ત્રીનાં વિવિધ પાસાં શ્રેણીબદ્ધ કરાયાં છે. આપનાં સૂચનો અને પ્રતિભાવોની પ્રતીક્ષા છે. - તંત્રી)

ગાર્ગી અને મૈત્રેયી... ઉપનિષદની આ સ્ત્રીઓમાં એક સામ્ય હતુંઃ બન્ને આજીવન શિક્ષણ પ્રાપ્ત કરનારી બ્રહ્મવાદિની હતી!

ગાર્ગી રાજદબારનું રત્ન હતી અને મૈત્રેયી મઢુલીમાં વસતી હતી. ગાર્ગી વચકનું ઋષિની પુત્રી હતી. મૈત્રેયી યાજ્ઞવલ્ક્ય ઋષિની પત્ની હતી. ગાર્ગી જનકરાજના દરબારમાં પંડિતો સાથે વાદવિવાદ કરતી. મૈત્રેયી પતિ સાથે શાસ્ત્રચર્ચા કરતી. ગાર્ગીએ યાજ્ઞવલ્ક્યને બ્રહ્મ અને અધ્યાત્મની ચર્ચામાં પડકાર્યા હતા, જ્યારે મૈત્રેયીએ અમરત્વ વિશે પ્રશ્ન કરીને યાજ્ઞવાલ્ક્યને પ્રસન્ન કર્યા હતા... આ વિદુષીઓના સંદર્ભમાં 'પ્રાચીન ભારતમાં શિક્ષણ'માં ડૉ. એ.એસ. અલ્તેકરે નોંધ્યું છે કે, 'ગાર્ગી અને મૈત્રેયીએ જ્ઞાનના વિકાસમાં ઘણું યોગદાન કર્યું છે. જેમનું નિત્ય આદર અને સન્માનથી સ્મરણ કરવું જોઈએ તેવા વિદ્વાનોમાં ગાર્ગી અને મૈત્રેયીનો સમાવેશ થાય છે!'[૧]

બ્રાહ્મણ અને ઉપનિષદ ગ્રંથોમાં ગાર્ગી તથા મૈત્રેયી ઉપરાંત પથ્યસ્વસ્તી, ઉમા હેમવતી અને ગન્ધર્વ ગૃહીતા જેવી વિદુષીઓનો ઉલ્લેખ જોવા મળે છે. કૌષીતકિ બ્રાહ્મણ અનુસાર પથ્યસ્વસ્તી નામની વિદુષીએ અભ્યાસ કરવા માટે ઉત્તરનો પ્રવાસ ખેડ્યો હતો અને વાક્ કે વિદ્યાદેવીની પદવી પ્રાપ્ત કરી હતી. એ જ રીતે કેન ઉપનિષદમાં ઉમા હેમવતીને વિદ્યાના બિરુદથી નવાજવામાં આવી હતી.[૨] કથા અનુસાર ઉમાએ ઈન્દ્રને બ્રહ્મનું જ્ઞાન અપાવ્યું હતું.[૩] એથી જ ઉમાને વિદ્યા કહીને સંબોધવામાં આવી છે. ગન્ધર્વ ગૃહીતાનો[૪] ઉલ્લેખ બ્રાહ્મણ અને ઉપનિષદ, એમ બન્ને ગ્રંથોમાં થયો છે. તે વક્તૃત્વકળામાં નિપુણ હતી. અધ્યાત્મવિદ્યા સંબંધી વિષય પર વિદ્વાનોની સભામાં તેણે ભાષણ આપ્યું હતું. અગ્નિહોત્ર યજ્ઞના સમયમાં થયેલા ઘટાડા અંગે ઈશારો કરતાં તેણે નિર્ભયપણે કહેલું કે, 'હું પિતૃ દેવતાને ફરિયાદ કરીશ કે પહેલા જે અગ્નિહોત્ર યજ્ઞ બે દિવસમાં પૂરો થતો હતો તે હવે એક જ દિવસમાં થાય છે.'[૫] આ વિધાન પરથી પુરવાર થાય છે કે ગન્ધર્વ ગૃહીતા યજ્ઞવિધિમાં પણ પારંગત હતી.

વિદુષીઓનાં આ ઉદાહરણો પરથી સ્પષ્ટ થાય છે કે બ્રાહ્મણ અને ઉપનિષદ ગ્રંથોમાં સ્ત્રીશિક્ષણ પ્રવર્તમાન હતું. એટલું જ નહીં, સ્ત્રીઓ યજ્ઞક્રિયામાં પણ કૌશલ્ય પ્રાપ્ત કરતી. એનું કારણ એ હતું કે યજ્ઞ કરતી વખતે યજ્ઞકર્તાની પત્નીએ વૈદિક મંત્રોનું ઉચ્ચારણ કરવું પડતું. મંત્રોચ્ચાર ધીમા તથા સ્પષ્ટ સ્વરોમાં કરાતા. આ મંત્રોને સારી રીતે યાદ કરવા પડતા. સ્ત્રીઓ જનોઈ પહેરીને મંત્રનું ઉચ્ચારણ કરતી.[૬] આ સ્ત્રીઓ સ્વાભાવિક રીતે જ વિદુષી બનતી.

'વિદુષી એટલે વાણી અર્થાત્ ભાષાનો પ્રયોગ કરનારી તથા તેના જ્ઞાનને સારી રીતે સમજનારી...' ડૉ. ધીરેન્દ્રકુમાર સિંહે 'બ્રાહ્મણ ગ્રન્થોંમેં પ્રતિબિંબિત સમાજ એવં સંસ્કૃતિ'માં આ શબ્દો નોંધ્યા છે. તેમણે લખ્યું છે કે, 'બ્રાહ્મણ ગ્રંથોમાં કેટલીક વિદુષીઓના ઉલ્લેખ જોવા મળે છે. તેના પરથી સ્પષ્ટ થાય છે કે સ્ત્રી યોગ્ય ગુરુ પાસેથી જ શિક્ષણ પ્રાપ્ત કરતી. શિક્ષણ પહેલાં પુત્રીની જેમ પુત્રીના ઉપનયન સંસ્કાર થતા. પુત્રી બ્રહ્મચર્ય પાલન કરતી. વિભિન્ન વિષયોનું શિક્ષણ મેળવતી. શતપથ બ્રાહ્મણમાં સ્ત્રીના ઉપનયન અને બ્રહ્મચર્ય જીવનનો સ્પષ્ટ ઉલ્લેખ સાંપડે છે. આ બ્રાહ્મણમાં ૧૬-૧૭ વર્ષની ઉંમર સુધી શિક્ષણ પ્રાપ્ત કરનારી કન્યાને સદ્યોવધૂ અને આજીવન શિક્ષણ મેળવતી સ્ત્રીને બ્રહ્મવાદિની કહેવામાં આવી છે!'[૭]

ઉપનિષદ યુગ સુધીમાં તો સ્ત્રીઓ દાર્શનિક વિષયોના અધ્યયન અને ચિંતનમાં નામના મેળવવા લાગી. મૈત્રેયી દાર્શનિક જ્ઞાન માટે ઉત્સુક હતી. યાજ્ઞવલ્યક્ય ઋષિએ વાનપ્રસ્થાશ્રમમાં જવાના સંકલ્પ સાથે પોતાની સંપત્તિ બન્ને પત્ની કાત્યાયની અને મૈત્રેયી વચ્ચે વહેંચવાનો નિર્ણય કર્યો ત્યારે મૈત્રેયીએ કહ્યુંઃ 'જેનાથી અમરત્વ ન મળે તે લઈને હું શું કરું? તમે મને જ્ઞાન જ પ્રદાન કરો...' એ જ રીતે રાજસભામાં યાજ્ઞવલ્ક્યને પડકાર

ફેંકનાર ગાર્ગી વૈદિક સાહિત્ય, વેદાંગ, તત્ત્વજ્ઞાન અને દર્શનશાસ્ત્રમાં પારંગત હતી. આ બન્ને વિદુષીનાં દૃષ્ટાંત સ્ત્રીશિક્ષણનું ઊંચું સ્તર દર્શાવે છે!

પ્રાચીનકાળમાં સ્ત્રીશિક્ષણની સાથે જ સ્ત્રીપુરુષનું સહશિક્ષણ પણ અસ્તિત્વમાં હતું. એ વિશે 'ધ સ્ટેટસ ઑફ વુમન ઈન એન્શિયન્ટ ઈન્ડિયા'માં પ્રાધ્યાપક ઈન્દ્રએ નોંધ્યું છે કે, 'એ સમયમાં સહશિક્ષણ સામાન્ય બાબત હતી. ગાર્ગી અને યાજ્ઞવલ્ક્ય સરખી ઉંમર તથા સમાન સામાજિક મોભો ધરાવતા હોય તેવું જણાય છે. બન્ને એક જ આશ્રમમાં ભણ્યા હોય તે પણ શક્ય છે.'[૮]

આશ્રમ કે ગુરુકુળમાં વિદ્યાર્થીઓને પ્રાથમિક શિક્ષણ અપાતું. એ અંગે ડૉ. એ.એસ. અલ્તેકરે નોંધ્યું છે કે, 'છોકરાઓ અને છોકરીઓને તેની નાની વયમાં વૈદિક મંત્રોનો યોગ્ય ઉચ્ચાર કઈ રીતે કરવો તે શીખવવામાં આવતું. તેમને હ્રસ્વ અને દીર્ઘ સ્વરને ઓળખવાનું, સ્વરના ભેદનો અભ્યાસ કરવાનું તથા સ્વર-વ્યંજનના સમાસો અને સંધિઓના નિયમો શીખવવામાં આવતા. ત્યાર પછીના તબક્કામાં જ્યારે મૂળ શબ્દો વૈદિક મંત્રોમાં એકબીજા સાથે જોડાઈ જતા ત્યારે તેમાં જે ફેરફારો થતા તે શીખવવામાં આવતા. આ રીતે વિદ્યાર્થીને સજ્જ કર્યા પછી જ તેને ઉચ્ચ શિક્ષણ આપવામાં આવતું.'[૯]

એ કાળમાં સ્ત્રી અને પુરુષ માટે શિક્ષણ પ્રાપ્ત કરવાની સમાન તક હતી. બન્ને માટેના અભ્યાસક્રમ પણ સમાન હતા. ખાસ કરીને ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રમાં. સ્ત્રી વેદ, બ્રાહ્મણ, ઉપનિષદ અને વેદાંગનો અભ્યાસ કરી શકતી. સાથે જ મંત્રના ઉચ્ચારણ અને પઠનનું વિજ્ઞાન, વૈદિક ક્રિયાઓ કરવાની પદ્ધતિ, વ્યાકરણ, નિરુક્ત, છંદ અને જ્યોતિષ જેવા શાસ્ત્ર ભણી શકતી.[૧૦] એ સમયમાં જે વિદ્યાઓ શીખવવામાં આવતી તેનું વર્ણન નારદમુનિના કથન દ્વારા છાંદોગ્ય ઉપનિષદમાં કરાયું છે. આ કથનમાં નારદજી કહે છેઃ 'મેં ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદનું અધ્યયન કરી લીધું છે. એ સિવાય ઈતિહાસ, પુરાણના રૂપમાં પંચમ વેદ, વેદોના વેદ વ્યાકરણ, શ્રાદ્ધકલ્પ, ગણિત, ઉત્પાત વિદ્યા, નિધિશાસ્ત્ર, તર્કશાસ્ત્ર, નીતિશાસ્ત્ર, નિરુક્ત, વેદવિજ્ઞાન, ભૂતતંત્ર, ક્ષાત્રવિદ્યા, નક્ષત્રવિદ્યા, સર્પવિદ્યા અને દેવજન વિદ્યા એટલે કે નૃત્ય-સંગીત વગેરે વિદ્યાઓનું અધ્યયન હું કરી ચૂક્યો છું.'[૧૧] રોમા ચૌધરી નોંધે છેઃ 'એ સમયમાં સ્ત્રીપુરુષના અભ્યાસક્રમ સમાન હતા. એટલે સ્વાભાવિક જ સ્ત્રીઓ પણ આ વિદ્યાઓ ભણતી હશે. અને મહાન વિદુષી, સંત કે શિક્ષિકા બનતી હશે એમાં શંકાને સ્થાન નથી.'[૧૨]

આ પ્રકારે ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરનાર વિદુષીઓ સમાજમાં અત્યંત આદરપાત્ર ગણાતી. તે રાજસભા અને જાહેર મેળાવડામાં ભાગ લેતી. વક્તવ્ય આપતી. મુક્ત મને પોતાના વિચારોની રજૂઆત કરતી. પુરુષની સમકક્ષ ઊભી રહીને પોતાના જ્ઞાનનું ઉત્કૃષ્ટ પ્રદર્શન કરતી. આમ શિક્ષણની સીડી પર ચડીને સ્ત્રીઓ સન્માનને પાત્ર બનતી.

બ્રાહ્મણ અને ઉપનિષદની સ્ત્રીઓ શિક્ષણની સાથે જ અન્ય તાલીમ પણ મેળવતી. લલિતકળાઓનો અભ્યાસ કરતી. ગાયન, વાદન અને નૃત્યમાં કૌશલ્ય પ્રાપ્ત કરતી. બ્રાહ્મણગ્રંથોમાં વારંવાર કહેવામાં આવ્યું છે કે, નૃત્યમ્ ગીતમ્ સ્ત્રીર્ણાકર્માઃ એટલે કે ગાયન અને નૃત્ય સ્ત્રીઓના આનંદપ્રમોદનું સાધન છે. શતપથ બ્રાહ્મણમાં કહ્યું છે કે સામગાન સ્ત્રીઓનું વિશેષ કાર્ય હતું. તેના પરથી સ્પષ્ટ થાય છે કે સ્ત્રીઓ ગાનવિદ્યામાં પ્રવીણ હતી.

સ્ત્રીઓ ગાયનવાદનમાં પ્રવીણ હોવાની સાથે જ હસ્તકલામાં પણ નિપુણ હતી. એ યુગની સ્ત્રીઓ કાંતણમાં ને સીવણમાંકુશળ હતી. ઊન અને સૂતરનું કાંતણ તથા વણાટકામ સ્ત્રીઓ જ કરતી. ભરતગૂંથણ અને સિલાઈકામ કરતી. ડૉ. ધીરેન્દ્રકુમાર સિંહની[૧૩] નોંધ પ્રમાણે, વૈદિક સાહિત્યમાં વણાટકામ કરતી સ્ત્રીને વયિત્રી કહી છે. ભરતગૂંથણ કરતી સ્ત્રીને પેશસ્કરી કહી છે. તેમાં પેશ શબ્દનો અર્થ છે ભરતકામ કે સજાવટ. મોટા ભાગની સ્ત્રીઓ શૃંગાર માટે પેશસ્કરી કરતી. શતપથ બ્રાહ્મણમાં પેશસ્કરીનો ઉલ્લેખ થયો નથી પણ ભરતકામ અને સિલાઈ માટે સોયદોરાનો ઉપયોગ થતો હોવાના સંદર્ભ સાંપડે છે. સ્ત્રીઓ સીવણગૂંથણની સાથે જ કેટલાક કલાત્મક કાર્ય કરતી. જે તે કાર્ય કરતી સ્ત્રીઓ માટે વિશેષ ઉપમાઓ પ્રયોજવામાં આવી છે. વસ્ત્ર રંગવાનું કાર્ય કરતી રજયિત્રી, કાંટામાં કામ કરનારી કંટકીકારી, ટોકરી બનાવનાર વિદલકારી, મલમ કે સૌંદર્ય પ્રસાધન બનાવનાર અંજીકારી અને મ્યાન બનાવનારી કોશકારી... ચટાઈઓમાં પલાશના વૃક્ષનાં પાન અને રેસાથી સજાવટ કરવાનું કાર્ય પણ સ્ત્રીઓ જ કરતી. ઉપરાંત કૃષિ અને પશુપાલનના કાર્યમાં સહયોગ કરતી.' આ યાદી પરથી સ્પષ્ટ થાય છે કે સ્ત્રીઓ વિવિધ કળાઓમાં કૌશલ્ય પ્રાપ્ત કરતી હતી.

બ્રાહ્મણ અને ઉપનિષદના યુગમાં કન્યાશિક્ષણ સોળે કળાએ ખીલી ઊઠ્યું હતું એ પુરવાર કરવા આનાથી વધુ ઉદાહરણો આપવાની જરૂર છે?

**પાદટીપઃ**

૧. પ્રાચીન ભારતમાં શિક્ષણ, ડૉ. એ.એસ. અલ્તેકર, પૃ. ૧૭૩

૨. વુમન એજ્યુકેશન ઈન એન્શિયન્ટ એન્ડ મીડિયાવેલ ઈન્ડિયા, ઉષા શર્મા, બી.એમ. શર્મા (સં.) રોમા ચૌધરીઃ 'વુમન્સ એજ્યુકેશન ઈન એન્શિયન્ટ ઈન્ડિયા,' પૃ. ૧૫૭

૩. सा ब्रह्मेति होवाच । ब्रह्मणो वा एतद्विजये महीयध्वमिति, ततो दैव विदाञ्चकार ब्रह्मति । કેન ઉપનિષદ – ૪.૧

- વિદ્યાદેવીએ સ્પષ્ટપણે કહ્યું કે, આ બ્રહ્મ છે. તમે બ્રહ્મના જ વિજયમાં આ પ્રમાણે મહિમાવાન થયા છો. કહે છે કે ત્યારથી જ ઈન્દ્રે જાણ્યું કે આ બ્રહ્મ છે.

૪. पतञ्जलस्य काप्यस्य गृहानैम तस्यासीद दुहिता गन्धर्वगृहीता । બૃહદારણ્યક ઉપનિષદ – ૩.૩.૧.૭

- કપિ ગોત્રમાં ઉત્પન્ન પતંજલના ઘેર તેની પુત્રી ગન્ધર્વગૃહીતા હતી.

૫. બ્રાહ્મણ ગ્રન્થોંમેં પ્રતિબિંબિત સમાજ એવં સંસ્કૃતિ, ડૉ. ધીરેન્દ્રકુમાર સિંહ, પૃ. ૧૨૧

૬. એજન, પૃ. ૧૨૩

૭. એજન, પૃ. ૧૨૧

૮. ધ સ્ટેટસ ઑફ વુમન ઈન એન્શિયન્ટ ઈન્ડિયા, પ્રો. ઈન્દ્ર, પૃ. ૧૩૭

૯. પ્રાચીન ભારતમાં શિક્ષણ, પૃ. ૧૪૫

૧૦. વુમન એજ્યુકેશન ઈન એન્શિયન્ટ એન્ડ મીડિયાવેલ, ઈન્ડિયા પૃ. ૧૬૨

૧૧. स होवाचर्ग्वेदं भगवोऽध्येमि यदुर्वेदँ सामवेदमाथर्वणं चतुर्थमितिहासपुराणं पञ्चमं वेदानां वेदं पित्र्यँ राशिं दैवं निधिं वाकोवाक्यमेकायनं देवविद्यां ब्रह्मविद्यां भूतविद्यां क्षत्रविद्यां नक्षत्रविद्याँ सर्पदेवजनविद्यामेतद्गवोऽध्येमि । છાંદોગ્ય ઉપનિષદ – ૭.૧.૨

- નારદજીએ કહ્યું, હે ભગવન! મેં ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદનું અધ્યયન કરી લીધું છે. એ સિવાય ઈતિહાસ, પુરાણના રૂપમાં પંચમવેદ, વેદોના વેદ વ્યાકરણ, શ્રાદ્ધકલ્પ, ગણિત, ઉત્પાત વિદ્યા, નિધિશાસ્ત્ર, તર્કશાસ્ત્ર, નિરુક્ત, વેદવિજ્ઞાન, ભૂતવિદ્યા, ક્ષાત્રવિદ્યા, નક્ષત્રવિદ્યા, સર્પવિદ્યા, દેવજનવિદ્યા વગેરેનું અધ્યયન હું કરી ચૂક્યો છું.

૧૨. વુમન એજ્યુકેશન ઈન એન્શિયન્ટ એન્ડ મીડિયાવેલ ઈન્ડિયા, પૃ. ૧૬૨

૧૩. બ્રાહ્મણ ગ્રન્થોંમેં પ્રતિબિંબિત સમાજ એવં સંસ્કૃતિ, પૃ. ૧૨૬

(ક્રમશઃ)

(સીવીએમ બંગલો-૧૧, ગો.જો. શારદા મંદિર સામે,
ભાઈકાકા સ્ટેચ્યૂ પાસે, વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦,
જિ. આણંદ. મો.: ૯૮૯૮૦૭૦૨૦૫)

*// । વિદ્યાવૃત્ત //*

## આરપીટીપીનો વિદ્યાર્થી જિલ્લામાં પ્રથમ

તાજેતરમાં માર્ચ ૨૦૧૩માં લેવાયેલી ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષામાં ચારુતર વિદ્યામંડળસંચાલિત આર.પી.ટી.પી. હાયર સેકન્ડરી વિજ્ઞાન પ્રવાહનું શાળાનું પરિણામ ૯૮.૮૭% આવ્યું છે. ઉપરાંત શાળાના ધો. ૧૨ના વિદ્યાર્થી સુમીત ભરતભાઈ વર્માએ ૫૦૦માંથી ૪૬૪ ગુણ મેળવી ૯૯.૯૯ પરસન્ટાઈલ રેન્ક સાથે એ-૧ ગ્રેડ મેળવી બોર્ડની પરીક્ષામાં સમગ્ર જિલ્લામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ જ વિદ્યાર્થીએ જે.ઈ.ઈ.ની પરીક્ષામાં ૩૬૦માંથી ૨૩૯ ગુણ મેળવી સમગ્ર જિલ્લામાં દ્વિતીય સ્થાન મેળવ્યું છે.

સી.વી.એમ.ના ચેરમેન ડૉ. સી.એલ. પટેલ, માનદ સહમંત્રી ડૉ. એસ.જી. પટેલ, આચાર્ય શ્રી સંજય સુથાર વગેરેએ વિદ્યાર્થીને આ સિદ્ધિ બદલ અભિનંદ પાઠવી શુભેચ્છાઓ વ્યક્ત કરી છે.

*// સાહિત્યવૃત્ત //*

## સાહિત્ય અકાદમીના પુરસ્કાર

ગુજરાત સાહિત્ય અકાદમીએ જાણીતા હાસ્યલેખક શ્રી તારક મહેતાને વર્ષ ૨૦૧૧ માટે અને જાણીતા સાહિત્યકાર શ્રી ભગવતીકુમાર શર્માને વર્ષ ૨૦૧૨ માટે 'સાહિત્ય ગૌરવ' પુરસ્કાર અર્પણ કર્યો છે. કેબિનેટ પ્રધાન શ્રી રમણભાઈ વોરાને હસ્તે તેમને પુરસ્કૃત કરાયા હતા.

ગુજરાત સરકારના રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હેઠળની અકાદમી 'ગૌરવ પુરસ્કાર' પ્રાપ્ત કરનારને રૂપિયા એક લાખ, શાલ અને સન્માનપત્ર એનાયત કરે છે.

વલ્લભ વિદ્યાનગરનિવાસી જાણીતા ગઝલકાર હરીશ મિનાશ્રુને ગુજરાત સરકારે સ્થાપેલા વલી ગુજરાતી ગઝલ કેન્દ્રના ઉપક્રમે સ્થપાયેલો વર્ષ ૨૦૧૨ માટેનો 'વલી ગુજરાતી ગઝલ એવોર્ડ' એનાયત કરવામાં આવ્યો છે. આ એવોર્ડમાં સન્માન પ્રતીક, શાલ તથા રૂપિયા એક લાખ અર્પણ કરવામાં આવે છે. પુરસ્કૃતોને 'વિ-વિદ્યાનગર' પરિવાર તરફથી અભિનંદન.

## : સૂચના :

૧. 'વિ-વિદ્યાનગર' વલ્લભવિદ્યાનગરના શૈક્ષણિક ટ્રસ્ટ ચારુતર વિદ્યામંડળ તરફથી દર માસે નિયમિત પ્રકાશિત થતું શિક્ષણ, સાહિત્ય અને સંસ્કારવિષયક સામગ્રી પીરસતું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક છે. માનવજીવનને ઉન્નતિકારક અને યુવાવર્ગને પ્રેરક, શિષ્ટ સરળ શૈલીમાં, મૌલિક, અનુવાદિત ઉપરાંત સંચય સ્વરૂપ (digest) માં પણ સામગ્રી આપવામાં આવે છે.

૨. ।વિ। માં મોકલેલું લખાણ મૌલિક હોવું જરૂરી છે. પ્રકાશન અર્થે કૃતિ મોકલતી વખતે લેખકે એની ઝેરોક્ષ નકલ પોતાની પાસે અવશ્ય રાખવી. તંત્રીને ઝેરોક્ષ નકલ મોકલવી નહિ. મૂળ લખાણ જ મોકલવું. લખાણ કાગળની એક બાજુએ, ફૂલસ્કેપ કાગળ પર હાંસિયો પાડીને જ મોકલવું જરૂરી છે. પોસ્ટકાર્ડ કે ઈનલેન્ડ પર મોકલેલું લખાણ પ્રકાશન માટે સ્વીકારવામાં આવશે નહિ. કૃતિના સ્વીકાર-અસ્વીકાર અંગેના નિર્ણયનો અધિકાર તંત્રી-સંપાદક મંડળનો રહેશે.

૩. સાધારણ રીતે લાંબા લેખોને અવકાશ ઓછો છે. લખાણ ટૂંકું અને મુદ્દાસર હોય એ જરૂરી છે. લખાણમાં અંગ્રેજી શબ્દનો ઉપયોગ કર્યો હોય ત્યાં સાથે કૌંસમાં ગુજરાતી પર્યાય આપવો આવશ્યક છે. લખાણ ગૂજરાત વિદ્યાપીઠના માન્ય જોડણીકોશ અનુસાર જોડણીમાં હોવું જરૂરી છે. લેખમાંના લખાણના અભિપ્રાયની જવાબદારી સંબંધિત લેખકની જ રહેશે; તંત્રી કે સંપાદક મંડળ એ અંગે જવાબદાર રહેશે નહીં.

૪. ।વિ। માં મોકલેલું લખાણ પ્રકાશન અર્થે અન્ય સામયિકને પણ મોકલેલું ન હોવું જોઈએ. એ અંગેની કાળજી તેમજ જવાબદારી લેખકે રાખવી જરૂરી છે. સામાન્ય રીતે એક-બે માસમાં કૃતિ પ્રકાશિત ન થાય તો અસ્વીકૃત કૃતિ પરત મોકલવાની પદ્ધતિ નથી. તેથી જવાબી ટપાલખર્ચ ન મોકલવું. પ્રત્યેક કૃતિ નીચે લેખકે પિનકોડ સાથેનું પૂરેપૂરું સરનામું અવશ્ય લખવું.

૫. 'વિ-વિદ્યાનગર' દર માસની પચીસમી તારીખે નિયમિતરૂપે પ્રકાશિત થાય છે. સામયિકનો અંક ચોક્સાઈથી રવાના કરવામાં આવે છે. ટપાલમાં અંક ગેરવલ્લે જાય તો તે અંગેની જવાબદારી સંસ્થાની નથી. અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રગટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે. અલબત્ત, અંક સિલકમાં હશે તો બીજી નકલ મોકલવામાં આવશે.

૬. લવાજમ વાર્ષિક / આજીવન રૂબરૂમાં – મની ઑર્ડરથી – બેન્ક ડ્રાફ્ટ – ચેકથી મોકલી શકાય. મનીઑર્ડરની કૂપનમાં ગ્રાહકે સ્પષ્ટ અક્ષરે પોતાનું નામ-સરનામું, પિનકોડ સાથે લખળું. બહારગામના બેન્ક ડ્રાફ્ટ / ચેકમાં લવાજમની રકમ ઉપરાંત રૂપિયા પાંત્રીસ ઉમેરવા. ગમે તે માસથી ગ્રાહક થઈ શકાય છે. લવાજમ 'ચારુતર વિદ્યામંડળ કાર્યાલય'ના નામે મોકલવું. દિવંગત થયેલા આજીવન ગ્રાહક અંગે તેમનાં સગાં-સંબંધીઓને તે વિશે કાર્યાલયને જાણ કરવા વિનંતી.

૭. વ્યવસ્થા અંગેનો તેમજ તંત્રી સાથેનો સઘળો પત્રવ્યવહાર નીચેના સરનામે કરવોઃ


- **ડૉ. રાજેન્દ્રસિંહ જાડેજા, ચારુતર વિદ્યામંડળ, પો.બો. ૨૨, વલ્લભ વિદ્યાનગર – ૩૮૮ ૧૨૦, જિ. આણંદ. ફોન.: (૦૨૬૯૨) ૨૩૦૧૯૩**
- **પ્રા. હરિ દેસાઈ, નિયામક, સેરલિપ, ભાઈકાકા લાયબ્રેરી સામે, વલ્લભ વિદ્યાનગર –૩૮૮ ૧૨૦, જિ. આણંદ. ફોનઃ (૦૨૬૯૨) ૨૩૩૧૯૧, મો.: ૯૮૯૮૫૪૩૮૮૧, ઈ-મેઈલઃ editor.vidyanagar@gmail.com**


**લવાજમઃ** વાર્ષિકઃ ₹ ૧૫૦/- સ્થાનિક વિદ્યાર્થીઓ માટે પ્રોત્સાહક લવાજમ ₹ ૧૦૦/-

આજીવનઃ ₹ ૧૫૦૦/-

વિદેશમાં ૨૫ $ અથવા ૧૫ £; આજીવન ૧૦૦ $ અથવા ૭૦ £

છૂટક નંકલની કિંમતઃ ₹ ૧૫ + રવાનગી ખર્ચ ₹ ૧૦/-




અમૂલ દ્વારા પ્રાયોજિત આણંદ પ્રીમિયર લીગ(એપીએલ) ક્રિકેટ સ્પર્ધાનો સીવીએમના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલે શુભારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે શ્રી રામકૃષ્ણ સેવા મંડળના પ્રમુખ અને આણંદ જિલ્લા ક્રિકેટ સંઘના ઉપપ્રમુખ શ્રી હેમન્તભાઈ પટેલ(વકીલ), ખેડા જિલ્લા ક્રિકેટ સંઘના ઉપપ્રમુખ શ્રી શાંતિભાઈ દેસાઈ, આણંદ જિલ્લા ક્રિકેટ સંઘના પ્રમુખ શ્રી વિજયભાઈ માસ્તર, એપીએલના ચેરમેન શ્રી શૈલુભાઈ પટેલ અને કો-ચેરમેન શ્રી મેહુલ પટેલ(સંકેત), ચરોતર ગેસના અધ્યક્ષ અને જિલ્લા ક્રિકેટ સંઘના ઉપપ્રમુખ શ્રી કિરણભાઈ પટેલ(કમ્ફી) સહિતના મહાનુભાવો ઉપસ્થિત હતા.



ચારુતર વિદ્યામંડળ(સીવીએમ)સંચાલિત આરપીટીપી હાયર સેકન્ડરી (વિજ્ઞાન પ્રવાહ)નો વિદ્યાર્થી સુમીત ભરતભાઈ વર્મા ધોરણ-૧૨માં આણંદ જિલ્લામાં પ્રથમ ક્રમે આવ્યો હતો. આચાર્યશ્રી સંજય સુથાર સાથે વિદ્યાર્થી સુમીત, તેના પિતા શ્રી ભરતભાઈ અને બહેન દશ્યમાન છે.

V-Vidyanagar
P.O.Reg. No. AND/318/2012-14
Valid upto 31-12-2014
Date of Posting 25th of Every Month
Posted at Vallabh Vidyanagar

ISSN 0976 - 9809 V-Vidyanagar
RNI No.Guj/2009-11/5433
June 2013

## Blossom



**Krishna Padiya** **Stone, Metal & Wood** **17" X 6" X 34"**

Editors: Dr. Rajendrasinh Jadeja, Prof. Hari Desai Printed at Anand Press, Anand 388 001.
Printed, Published and owned by: Prin. S.M. Patel, Hon. Secretary, Charutar Vidyamandal and Published at Vallabh Vidyanagar 388 120., Gujarat